॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનચણતર

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૩૬ + ૩૨૪ = ૩૬૦

❑ પડતર કિંમત : **રૂ.** ૩૦/-

❑ વેચાણ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(બીજી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાની સદેહે હયાતી દરમિયાન તેમની સેવામાં,
તેમ જ તેમની જરૂરિયાતોનો અણસાર પામી,
તે પૂરી પાડવામાં સદાય તત્પર રહેનાર,
અને
પોતાના જીવનવિકાસ માટે પૂજ્ય શ્રીમોટાના સૂચનનો
જીવનમંત્ર તરીકે સ્વીકાર કરી, તે મુજબના આચરણનો
પ્રયત્ન કરનાર,
તેમ જ
પોતાના જીવન પર્યંત આશ્રમની નાનીમોટી જરૂરિયાતો
પૂરી પાડવા માટે સદ્‌ભાવથી ઉપયોગી બનનાર,
એવા
ભવાની વડ, સુરત નિવાસી
**સ્વ. અનિલકુમાર નાથુભાઈ શાહને**
તથા
**તેમના પરિવારને**
પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનચણતર'**ની આ બીજી
આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં ધન્યતાની અને
આનંદની લાગણી અમો અનુભવીએ છીએ.

ભાદરવા વદ-૪, સંવત ૨૦૬૩ — **ટ્રસ્ટીમંડળ,**
તા. ૩૦-૯-૨૦૦૭ — હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી ધનસુખભાઈ ઘડિયાળી તથા શ્રી પુષ્પાબહેનને

# સપ્રેમ સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

(અનુષ્ટુપ)

ધનસુખ અને પુષ્પા કેવાં જીવનમાં મળ્યાં !
પરિચય કશો નહોતો થયો સંબંધ તે છતાં. ૧

પોતાનો ભોગ ને ત્યાગ આપી આપી જ હર્ષથી,
કેટલુંય જતું જે તે કરી સંસારનું વળી,
મારા શરીરની સેવા ઉમળકાથી અર્પવા,
કેવી તત્પરતા યોગ્ય દાખવી છે ઉમંગથી ! ૨-૩

બીજી રીતેય બંનેયે આવે શાં ઉપયોગમાં !
મને રાહત દેવાને કેવી તત્પરતા સદા ! ૪

દાખવી દિલ ઉત્સાહ રાત્રિએ નિત્ય જાગીને
-બહુ વેળા છતાં તેમાં ઉમંગ દાખવેલ છે. ૫

મળેલાં જો કૃપાએ છો, 'હરિની અભિમુખતા
-બંનેના અંતરે જાગો' એવી છે મુજ પ્રાર્થના. ૬

તમોને અર્પવા કાજે દિલ વિના ન છે કશું,
હૈયા-ભાવે હું તેથી આ સમર્પણાંજલિ ધરું. ૭

હરિઃૐ આશ્રમ, નડિયાદ - **મોટા**
તા. ૨-૯-૧૯૭૨

। હરિઃૐ ।।

# જીવનચણતરની ખરી ઈમારત

## (સંપાદકીય)

## (પ્રથમ આવૃત્તિ)

જેમ ઘર કરવાની મધુર કલ્પના સૌને આવે છે, તેમ ઉચ્ચ જીવન જીવવાની અભિલાષા પણ સૌને થાય છે. કલ્પના કરવાથી કરીને જેમ ઘર થઈ જતું નથી, તેમ અભિલાષા કરવાથી કરીને ઉચ્ચ જીવન જિવાતાં થઈ શકાતું નથી. ખાલી ખાલી બોલવાથી કે ઈચ્છા કરવાથી કશું વળતું નથી, પણ કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો તે માટે યોગ્ય મહેનત અને પુરુષાર્થ કરવાં જ પડે છે. જગતમાં મથામણ વિના કશું જ મળતું નથી, તે વાત તદ્દન સાચી છે. આથી જ ઈશ્વરની શોધમાં નીકળેલાંઓને પૂજ્ય શ્રીમોટા યથાર્થ જ કહે છે કે :-

'**હરિ**ને દિલ વરવો જો તમારે દિલ નિશ્ચય છે,
મુખેથી ખાલી બોલ્યાથી ન નિશ્ચિત તે થવાનું છે.'

ઉપનિષદ અને પુરાણોની કથાઓ વાંચતાં મોટા મોટા ઋષિ-મુનિઓએ ઈશ્વરને મેળવવા માટે ઘણાં વર્ષનાં તપ કર્યાની વાતો આવે છે. વાલ્મીકિ ઋષિએ તો ઈશ્વરને મેળવવા એટલું બધું કઠોર તપ કરેલું કે તેઓ તપ કરવા બેઠા હતા, તેની આસપાસ મોટો રાફડો થઈ ગયો, તોયે તેઓ ઈશ્વરના ધ્યાનમાં લીન થઈને જ બેઠા રહ્યા. નાનકડા ધ્રુવે ભયંકર અને બિહામણા જંગલમાં જઈને એક પગે ઊભા રહીને ઈશ્વરની આરાધના કરી, ત્યારે ભગવાન તેમની ઉપર રાજી થયેલા. આ **'જીવનચણતર'** પુસ્તકમાં ભગવાનને મેળવવા ઈચ્છતાં જિજ્ઞાસુઓને સંબોધતાં પૂજ્ય શ્રીમોટા લખે છે કે :-

'થવાયા શૂન્ય વિના તો **હરિ**પદને અનુભવવું
-ગમે તેવુંય મથતાં પણ, કદી ના શક્ય બનવાનું.'

સાધના કેટલી અઘરી છે અને **હરિ** મેળવવા કેટલા કઠિન છે, તે ઉપરના કથન ઉપરથી સમજાશે. તેમ છતાં **હરિ**ને મળવાનું માણસને કેમ મન થાય છે ? **હરિ**ને પ્રેમ કરવાનું માણસને કેમ ગમે છે ? ઈશ્વર સહજ પ્રસન્ન થાય તેવો નથી, તેમ છતાં શા માટે તેને આરાધવાની ઈચ્છા થાય છે ? 'જેને સમજ્યા નથી તેને સમજવાની', 'જેને જોયો નથી તેને જોવાની', 'જેને સાંભળ્યો નથી તેને સાંભળવાની' શા માટે આપણને ઝંખના થાય છે ? આવા સવાલો થાય તે સ્વાભાવિક છે, પણ એનો ઉત્તર પણ એટલો જ સહજ છે કે જે કંઈક ગૂઢ હોય, જેમાં કંઈક રહસ્ય હોય, જેને પામવા માણસની કસોટી થાય એવી પળો આવતી હોય, જેને માટે સાહસ કરવાં પડે, મોતને મૂઠીમાં રાખીને જેને મેળવવા પ્રયત્ન કરવા પડે, કોણ જાણે કેમ પણ જે અગમ છે, તેને જાણવાનું માણસને મન થાય છે. કુદરતે જ મનુષ્યમાં એ વૃત્તિ મૂકેલી છે, પણ દરેક માણસમાં આવી વૃત્તિ હોય છે એવું નથી. આવી વૃત્તિવાળા જૂજ હોય છે.'માથા સાટે મોંઘી વસ્તુ તે મરજીવા પામે જોને.' આ ઈશ્વરીમાર્ગ  મરજીવાનો માર્ગ છે અને તે માર્ગે જનારા પણ જૂજ હોય છે. આ **'જીવનચણતર'** પુસ્તકમાં પૂજ્ય શ્રીમોટાની એવી એક સાધનાકથા રજૂ કરવામાં આવી છે.

દરેક સંતને પોતાનો આગવો માર્ગ હોય છે. તેમની સાધના જેમ વિશિષ્ટ પ્રકારની હોય છે, તેમ તેમની ખાસિયત, રીતિનીતિ, વર્તન પણ વિશિષ્ટ પ્રકારનું હોય છે. પૂજ્ય શ્રીમોટાએ નામસ્મરણનો મહિમા ગાયો છે અને નામસ્મરણના જાપ અને પ્રાર્થના દ્વારા અંતરખોજ કરીને સાધનામાં કેમ આગળ ધપવું, તે માટે મનન-મંથન કરવા તેઓ આદેશ આપે છે. તેમણે ચાહનાનો જીવનમંત્ર સ્વીકાર્યો છે અને તે માટે તેઓ કહે છે કે :-

'જીવનમાં ચાહવા કેરો અમે માર્ગ સ્વીકાર્યો છે,
સતત ચાહ્યા વિના અમને કશે ના ચેન પડતું છે.'

● ● ●

'જીવન **આ** ચાહવામાં તો શું તરબતર થતું રહે છે !
અખંડાકાર નિરંતર શી મસ્તી ચાહવાની છે !'

• • •

'નિરંતર ચાહવું' એને જીવન સાચું ગણેલું છે,
હૃદય ચાહ્યા વિનાની તો બીજી દુનિયા ન જાણી છે.'

• • •

આવા ચાહના ધર્મના શ્રીમોટાએ તેમની સાધના કેવી રીતે કરી તેની વાત જાણવા જેવી છે. જ્ઞાતિએ ભાવસાર, ધંધો રંગરેજનો, દાદાની જાહોજલાલી, પણ ચડતીપડતી સૌની આવે છે, તેમ કુટુંબની પડતી આવી, લેણું મળ્યું નહિ અને દેણું આપવું પડ્યું. પરિણામે ઘરબાર વેચાઈ ગયાં અને વતન છોડીને પંચમહાલ જિલ્લાના કાલોલ ગામે જઈને રહ્યા.

બાપ રંગવાનું કામ કરતા, પણ આવક ટૂંકી અને તેમને અફીણનું વ્યસન એટલે પૈસા તેમાં ખર્ચાઈ જાય. ઘરમાં નાનાંમોટાં થઈને પાંચ માણસો એટલે કુટુંબના નિભાવ માટે દળણાં દળી, પાણી ભરીને તથા અન્ય મજૂરી કરીને ગુજરાન થતું. શ્રીમોટાનો ઉછેર કુટુંબની આવી કપરી સ્થિતિમાં થયો. એટલે નાનપણથી જ એમને કઠણાશ ભોગવવાની મળી છે. ભણેગણે તો કુટુંબનું દળદર ફીટે, પણ ભણવાના પૈસા ક્યાંથી કાઢવા ? શિક્ષણફી તો માફી વિદ્યાર્થી તરીકે ભણે એટલે ન આપવી પડે, પણ ચોપડીઓના પૈસા તો કાઢવા પડેને ? આ માટે તેમણે શાળા વાળવાનું અને પાણી ભરવાનું કામ કરેલું છે. ઉપરાંત, કુટુંબના ગુજરાનમાં મદદરૂપ થવા માટે અન્ય મજૂરી કરી હશે તે જુદી. આ વિશેની કંઈક ઝાંખી તેમના નીચેના લખાણમાંથી જાણવા મળે છે :-

'કદીક 'ટણપો' વળી 'ભોટ' મને સંબોધી તે રીતે,
બધાં વચ્ચે મને કેવો ઉતારી સાવ પાડ્યો છે !

• • •

ગરીબનું સાવ અપમાન કરંતાં, કોઈનું જગમાં
-જરા સરખું ભૂલેચૂકે કશું ના ડંખતું દિલમાં.

• • •

ગરીબને ભાંડતાં કોઈને કદી ના આંચકો લાગે,
વ્યવસ્થાતંત્ર ચક્કીમાં ગરીબ પિલાઈ જાયે છે.'

• • •

ઉપરની કડીઓ વાંચતાં પૂજ્ય શ્રીમોટાને ગરીબીમાં કેટકેટલું સહન કરવું પડ્યું હશે તેનો ખ્યાલ આવશે, પરંતુ દુઃખમાંથી જ મનુષ્યને સાચું જીવન શું છે, તે જાણવા મળે છે. દુઃખમાંથી જ માણસને શ્રમ કરવાનું દિલ થાય છે, કારણ કે તે જાણે છે કે શ્રમ કરીશું નહિ તો નાણાં મળશે નહિ અને નાણાં નહિ મળે તો ખાશું શું ? આમ, આપોઆપ જ દુઃખમાંથી માણસને સાચો બોધ મળતો જાય છે અને જે ઉપદેશ કોઈના કહ્યાથી ન સમજાય તેનો સાર દુઃખ દ્વારા સહજ રીતે માણસને હૃદય સોંસરવો ઊતરી જાય છે અને સમજુ જન દુઃખથી ગભરાઈ ન જતાં તેનો સ્વીકાર કરીને જ્ઞાનને માટે દુઃખને આશીર્વાદરૂપ ગણે છે. ઈશ્વરી માર્ગે જનારને તો અનેકાનેક દુઃખ પડતાં હોય છે, જેનું વર્ણન કરતાં પાર ના આવે. નરસિંહ મહેતાને કેટલું બધું દુઃખ પડ્યું હતું ? મીરાંબાઈને કેટલું બધું સહન કરવું પડ્યું હતું ? સંતોએ દુઃખને જ્ઞાનનો આધાર ગણ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ પણ સાધનાના પંથે જતાં ગરીબી વિશે લખ્યું છે કે :-

'ગરીબી કેટકેટલી શી જુદી જુદી તરેહની છે !
જીવન સંશોધવા અર્થે ગરીબી તો સ્વીકારી છે.'

• • •

ગરીબી જે મળી સ્થૂળ જીવનના સૂક્ષ્મ દેશે તે
-હૃદય કેળવણી લેવાને, અમે સાધન ગણેલું છે.

• • •

ગરીબીના જ સાધનથી ચરણની ભક્તિ લાધી છે,
ગરીબીથી મળેલું સૌ શી બડભાગી ગરીબી છે !

● ● ●

કેટલીક વાર સંતો 'તેજીને ટકોરો અને સમજુને સાનમાં' એવી રીતે દૃષ્ટાંતો આપતા હોય છે. સમાજમાં કોઈને ઘેર શુભ પ્રસંગ આવવાનો હોય, તો તે ઘરને રંગરોગાન કરાવે છે, ફર્નિચર પૉલિશ કરાવે છે, દરજીને ઘેર બેસાડીને સૌને ગમતાં મનપસંદ કપડાં સિવડાવે છે. અને જમણવારમાં તો એટલી બધી વાનગીઓ કરાવે છે કે અધધધ થઈ જાય. માણસ પોતાની વાહવાહ માટે શું નથી કરતો ? કોઈ સ્થળે ફરવા જવાનું હોય તો 'આ જોઈશે, તે જોઈશે' કરી માણસ કેટલી બધી તૈયારી કરે છે ? પરંતુ મોટા પૂછે છે : 'આ ક્ષણભંગુર દેહને માટે તમે કેટલી તૈયારી કરો છો ?' પૂજ્ય શ્રીમોટા આ વાતને નીચેની બે લીટીમાં કેવી સુંદર રીતે વ્યક્ત કરે છે :-

'શી નાનકડી મુસાફરીની બધાં તૈયારી કરતાં છે !
પરંતુ મૃત્યુને માટે ન કો તૈયારી કરતું છે.'

● ● ●

બંગલાઓ બનાવવામાં અને તેની સજાવટ કરવામાં આપણે ધૂમ ખર્ચો કરીએ છીએ, પરંતુ આપણા જીવનની ખરી ઈમારતને ચણવા માટે આપણે કશું જ કરતા નથી, એ કેવી અફસોસજનક વાત છે !

આ **'જીવનચણતર'**નાં ભજનો વાંચતાં પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધના કેવી રીતે કરેલી છે, તેનો કંઈક ખ્યાલ જિજ્ઞાસુને આવશે એવી આશા છે. સાધનાનો માર્ગ સહજ હોતો નથી. આને માટે અવકાશ-યાનનો દાખલો સચોટ થઈ પડશે. યાન મોકલવાનું હોય, ત્યારે એને જોઈએ તે અનુસારની ગરમીનો ધક્કો વાગે તો જ તે ગતિમાન થાય છે. એમાં જરા સરખી પણ ભૂલચૂક હોય તો યાન ગતિમાન થતું નથી. આ પહેલો ધક્કો પૃથ્વી ઉપરથી અવકાશમાં

ઊંચે ઊડવાનો અને બીજો ધક્કો અવકાશરેખા પાર કરીને અવકાશરહિત વાતાવરણમાં પ્રવેશ કરાવવાનો. આ બે ધક્કા બરોબર અપાયા હોય તો જ યાનને ધારો ત્યાં મોકલી શકો છો અને ધારો ત્યારે પાછું લાવી શકો છો, પણ યાનમાં તો એના યાંત્રિકો પણ જુદા અને યાત્રિકો પણ જુદા. જ્યારે સાધનામાં યાંત્રિક પણ પોતે અને યાત્રિક પણ પોતે. વળી, સાધનામાં તો અનેક ધક્કાને અંતે એના નિશ્ચિત ધામે પહોંચાય છે. વળી, એક સાધકે જે રીતે વિજય હાંસલ કર્યો હોય તે જ રીતે બીજો સાધક વિજય હાંસલ કરી શકશે, એવું પણ હોતું નથી. આથી જ પૂજ્ય શ્રીમોટા તેમની સાધનાના અનુભવ ઉપરથી જિજ્ઞાસુ શ્રેયાર્થીને માટે નીચેની લક્ષ્મણરેખા આંકી આપે છે :-

'જવું છે જે વિશે જેમાં સતત બસ તેનું તે વિશે
-મનન ચિંતવન થતું રહેતાં, સમજ તેની ઊગે છે જે.

● ● ●

થતો અભ્યાસ ઊંડો જ્યાં પડે રસ દિલ તે વિશે,
પછી અભ્યાસની શક્તિ ઊંડેરી ભવ્ય ઝબકે છે.

● ● ●

જીવનનો યોગ્ય સંપૂર્ણ થતાં વિકાસ, જીવનમાં
-કળા, સૌંદર્ય, અદ્‌ભુત સૌ ખીલે છે આપમેળે તે.

● ● ●

મનન ચિંતવન સતત જેનું પરિણામ બધું તે તે
-નિરંતરનું વિચાર્યાથી થતું સાકાર પ્રત્યક્ષે.'

● ● ●

જેમ પર્વતના સર્વોચ્ચ શિખરે પહોંચવાને માટે નીકળેલ પર્વતા-રોહકને વચ્ચે વચ્ચે દુર્ગમ ચઢાણો એવાં આવે છે કે સામાન્ય આરોહકની તો ત્યારે છાતી બેસી જાય અને એ પાછો ફરી જાય, પરંતુ જે સાચો પર્વતારોહક છે, તે દુર્ગમ ચઢાણો આવતાં ગભરાઈ જતો નથી, બલકે

ત્યારે જ એના પર્વતારોહણના સાહસની સાચી કસોટી થાય છે, તેમ માનીને, હારીને, થાકીને બેસી ન રહેતાં આરોહણ કરવાની નવી નવી તરકીબો રચે છે અને એવી તરકીબોમાંથી કોઈ એકાદ તરકીબ એને દુર્ગમ ચઢાણ પાર પાડવામાં કામ આવે છે. સાધનામાં પણ સાધકને માટે ઘણી વાર આવું બનતું હોય છે. પર્વતારોહણને માટે તો તેને યોગ્ય સાધનો પણ મળતાં હોય છે જ્યારે સાધનામાં તો મુશ્કેલી વેળાએ સાધકે જ તેના ઉપાયો અને ઉકેલ શોધવા પડે છે, કશું તૈયાર મળતું નથી. પૂજ્ય શ્રીમોટાએ તેમની સાધનામાં નામસ્મરણ, ભજનકીર્તન, પ્રાર્થના આદિને ઘણું મહત્ત્વનું ગણ્યું છે.

'સ્મરણ લીધા જવાયાથી જીવનનો મર્મ કેવો તે
-હૃદય જીવનના હેતુની ખબર થોડીક પડેલી છે !

• • •

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણનો ભાવ ઊગ્યો છે,
હૃદયમાં ભાવની લક્ષ્મી થકી રળતર થયેલું છે.

• • •

સ્મરણ અભ્યાસથી ઊંડે જીવનમાં ઊતરાયું છે,
તહીં જીવનની સાર્થકતા થવા દિલ પ્રેમ જાગ્યો છે.

• • •

પરંતુ કોઈ વસ્તુ જીવનમાં સ્વયમેવ મળી જતી નથી. ધ્યેય ફળવવાને માટે દિલમાં જિજ્ઞાસા, તમન્ના, લગની, મથામણ, પુરુષાર્થ વગેરે પણ એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પૂજ્ય શ્રીમોટાને તેમની સાધનામાં તે કેવાં ઉપયોગી નીવડ્યાં છે, તે નીચેનાં અવતરણો ઉપરથી જિજ્ઞાસુને સમજાશે :-

જીવનમાં કંઈ થતું જે છે, બધાં તે તે-નો પાયો તો
-ખરેખર માત્ર જિજ્ઞાસા, શી જનની મૂળ સૌની તો !

• • •

તમન્નાની જીવનમાં તે હૃદય કિંમતને સમજીને,
મથાયું, 'પ્રાણ ને ઉષ્મા તમન્નામાં પ્રગટવાને.'

• • •

જીવનમાં તીવ્ર જિજ્ઞાસા શી જ્વાળામુખી જેવી તે !
વિના સળગ્યા જ સંપૂર્ણ ન કંઈ અભ્યાસ થઈ શકશે.

• • •

જીવનમાં લગનીની ધૂન ચમત્કારિક ખરેખર છે,
શું ગગનાતીત ઊડવાને હૃદયમાં પાંખ પ્રેરે છે !

• • •

હૃદયમાં લગની ભડભડતી જહીં ધગધગતી લાગે છે,
સમુદ્રો પણ કુદાવાને તહીં શું જોમ ફૂટે છે !

• • •

સતત મથવું, સતત મથવું, મથ્યા વિણ એક પળ પણ જે,
કદી ખાલી ગઈ ના છે, શી લગની એવી લાગી છે !

• • •

સતત એવી મથામણથી જીવન અમૃત લાધ્યું છે,
પખાળી તેથી **હરિ**પદને પીધું પછીથી પદામૃત છે.

• • •

પૂજ્ય શ્રીમોટાએ ઘરનો ત્યાગ કરીને કે સંસાર છોડી દઈને તેમની સાધના કરેલી નથી, કે સાધના કરવા માટે તેઓ બાવા બન્યા નથી, કે ભગવાં કપડાં ધારણ કર્યાં નથી, પરંતુ સંસારમાં રહીને તેમની ફરજો પૂરેપૂરી બજાવી છે. છતાં સંસારી રંગે તેઓ રંગાયા નથી. એવી રીતે ઘરનાં બધાં માણસોનું પાલનપોષણ કરવાની જવાબદારી બધી રીતે અદા કરી છે, તેમ છતાં ઘરના પાંજરામાં પુરાઈ ગયા નથી અને શ્રીભગવાન પરત્વેનો ભાવ છોડ્યો નથી, પરંતુ સદાય સતત તે વધારતા જ ગયા છે, તેને લઈને તેમને સંસારમાં કેવું વેઠવું પડ્યું હશે અને તેમનું **अहम्** કેવું ઘવાયું હશે, તે નીચેની કડીઓ કહી જાય છે :-

'મને સંસારમાં કેવા શું હડસેલા મળેલા છે !
મને તેમાંથી શીખવાનું કૃપાથી દિલ થયેલું છે.

● ● ●

જીવન વહેવારમાં કદી તે **अहम्** કેવું ઘવાતું છે !
કંઈક ઉદ્વેગ ને ક્લેશ જીવન ત્યારે થતાં રહે છે.'

● ● ●

પરંતુ સંસારનાં હડસેલા અને **अहम्**ના આવા આઘાતોને સમજપૂર્વક પચાવી જઈને તેનો ઉપયોગ સાધનાની ગતિમાં તેમણે કેવી રીતે કર્યો છે તે પણ જાણવા જેવું છે :-

'**अहम्** ઉપયોગી કેવું તે બધાં ના માનવી જાણે,
**अहम्**ની શક્તિ તે પ્રીછે જવું જેને **हरि**પદ છે.

● ● ●

સકળ પ્રવૃત્તિ જીવનમાં **अहम्** જોશે થતી રહે છે,
જીવનમાં ચાલવું કોઈનું **अहम्** વિના ન શક્ય જ છે.'

● ● ●

મહત્ત્વાકાંક્ષા જ માણસને ગતિપ્રેરક કરાવે છે, પણ મહત્ત્વાકાંક્ષાય કેટલીક સામાન્ય તો કેટલીક ઉચ્ચ અને ઉન્નત હોય છે. સાધનામાં કઈ મહત્ત્વાકાંક્ષા સાધકને મદદરૂપ અને પ્રેરક થાય છે, તેની પસંદગી સાધકે કરવાની હોય છે. આ માટે આચારશુદ્ધિ અને વિચારશુદ્ધિને પૂજ્ય શ્રીમોટાએ મહત્ત્વની ગણી છે અને તેના ઉપાય માટે :-

'સતત બસ એકનું એક જ મનન ઊર્ધ્વે થતું રહેતાં,
તટસ્થ, સ્વસ્થ શી બુદ્ધિ થતી રહેતી ખરેખર ત્યાં !'

આ રીતે સાધના કરતાં કરતાં –

'હૃદય એકત્વનું ભાન વિવિધતાથી જીવનમાંહી
-કૃપાથી અનુભવાયું જે, જીવનનું સાચું શિક્ષણ તે.'

અને એમ સાધનાના એક પછી એક પ્રદેશો પાર કરતાં જતાંઃ–

'જીવનની અનંત લીલા છે, અનંત શો **हरि** પણ છે !'
અનંતાનંતની પાર **हरि** કેવો પ્રવર્તે છે !'

પછી આ સર્જનહારની ચેતન સૃષ્ટિમાં વિવિધ દર્શનો થાય છે, અને જ્યાં એ વિહરે છે, ત્યાં ત્યાં બધે જ એને :—

'જીવનમાં રસ વિના કોઈ બીજું અસ્તિત્વ ના કંઈ છે,
બધું દેખાતું જે જે છે, શું તેના હાર્દમાં રસ છે !'

● ● ●

**हरि** પોતે રસેશ્વર શો ! બધો **हरि** ખેલ તેનો છે,
શું નિજના રસ વડે જેને અને તેને રસાવે છે.'

આમ, જીવનસાધનાના ચણતરની ઈમારત સંપૂર્ણ બને છે. એ રીતે સાધના કેમ થાય તેનો કંઈક ખ્યાલ, સંકેત આપણને આ પુસ્તકમાંથી મળી રહે છે.

આ પુસ્તકના સંપાદકો થવાનું સદ્‌ભાગ્ય અમને મળ્યું, તે માટે પૂજ્ય શ્રીમોટાના અમે ઋણી છીએ. સંપાદકો થવાને કારણે આ પુસ્તકોનાં ભજનોનો અમે આસ્વાદ લઈ શક્યા અને તેની પ્રસાદીરૂપ **'જીવનચણતરની ખરી ઈમારત'** આપને ધરી છે. આશ્રમે આવતાં નાનાંમોટાં સર્વ કોઈ ઉચ્ચ જીવન પ્રતિ વળો, એવું પૂજ્ય શ્રીમોટા ઝંખે છે. તેઓ ઘણી વાર કહેતા હોય છે કે તમે કપડાં ધોઈને કેવાં સ્વચ્છ રાખો છો ! એવી જ રીતે તમારાં મનહૃદય સ્વચ્છ કરવા માટે મૌનમાં બેસીને તમે ઈશ્વર સ્મરણ કરતાં થાવ, તો તમારી આંતરશુદ્ધિ થશે અને તે તમારા સંસારવહેવારમાં, વેપારવણજમાં બધાંમાં તમને મદદરૂપ થશે. એક વાર ખરા દિલથી તમે ઈશ્વર સ્મરણ કરી જુઓ અને પછી જુઓ કે તેની અસર કેવી થાય છે ! પૂજ્ય શ્રીમોટાની **આ** શીખને આપણે માથે ચડાવીએ, એ જ પ્રાર્થના.

- **સંપાદકો**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

લાગ્યા વિના કંઈ કશાને કશું લાગતું નથી. જો લગાડવું હોય તો પહેલાં તે માટેની પ્રક્રિયાનું કર્મ ‘લાગવું જોઈએ.’ હવે પ્રશ્ન એ થાય છે કે લાગે કેવી રીતે ? જે બાબતમાં કંઈક લાગે એવું આપણે ખરેખરું હૃદયના ઊંડાણથી અને ઉત્કટમાં ઉત્કટ અભિલાષાથી ઈચ્છતાં હોઈએ, તો જે વિષયમાં લાગવાનું છે, તેનાં અનેક પાસાંઓનું મનન ચિંતવન કરી કરીને, તે વિષયના ઉત્તમમાં ઉત્તમ પાસાને એટલે કે જીવનના ઊર્ધ્વતમ ક્ષેત્રમાં ઉદ્યત થવું એ જ યોગ્યમાં યોગ્ય અને ઉત્તમમાં ઉત્તમ જીવનવિકાસ છે, એવી જે **જીવ**ને સાચેસાચી જીવંત સમજણ તે વિશેની પડી જાય છે અને તે અનુભવવાને કાજે જે **જીવ**ની પ્રચંડ જ્વાળામુખીના જેવી ભડભડતી અને ધગધગતી અને જલતી તમન્ના અગનભડકે બળી રહેલી છે, તેવા જ **જીવો** જીવનના ઊર્ધ્વતમ ક્ષેત્રના ધ્યેયને સાકાર કરી શકશે. બાકીનાનું આ વિષયને સાકાર કરવાનું ગજું નથી. તેમ છતાં માનવી જીવનનાં અનેક પ્રકારનાં પાસાંઓમાં **હરિ**માર્ગ પરત્વેનું જીવન એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જીવન છે અને તે અનુભવવાને પાત્ર છે, એવું જેને લાગતું હોય, એવા **જીવો** સાધારણ રીતે પ્રમાણિકતાથી અને વફાદારીથી સક્રિયપણે તે વિષયમાં થોડુંઘણું પણ જો મથતાં હોય, તો તેવા **જીવો**ને તે ઊર્ધ્વતમ જીવન પરત્વેના સંસ્કાર કેળવાશે. આ માટે પણ ખાંખતવાળા અને ઉદ્યમશીલ અભ્યાસની જરૂર તો ખરી જ.

**અભ્યાસ એટલે :-**

(અનુષ્ટુપ)

દારૂ પીધો ઘણો હોય, નશો ઘેન ચઢેલ છે,
રોજના કિંતુ અભ્યાસે ચાલ્યો તે ઘેર જાય છે,

કેવું અભ્યાસનું તેથી જીવનમાં મહત્ત્વ છે !
વૃત્તિને ટાળવા કાજે અભ્યાસ માત્ર સાધન. ૧-૨

અભ્યાસ એટલે માત્ર તે પ્રકારનું વાંચવું
-એવો એનો ન છે અર્થ, એનો ગૂઢાર્થ ઑર શું !
અભ્યાસની પ્રમાણેનું પ્રત્યક્ષ વર્તવું સદા,
ભાવ તે વર્તવામાં ત્યાં હોવો ઘટે પૂરો તદા. ૩-૪

તો જ યોગ્ય પરિણામ આવી શકે, પ્રમાણવું,
વિના ભાવ થયેલું સૌ યોગ્ય ના પરિણામનું. ૫

અભ્યાસે તેથી તો ભાવ હોવો જીવંત શો ઘટે !
અભ્યાસ નિત્ય રોજિંદો રહેવાથી, ભાવ ત્યાં જ છે. ૬

જે અનુભવવાનું છે તેને માટેનું મંથન
-કર્મ દ્વારા થતું રહે, તે 'અભ્યાસ' નામ સાર્થક. ૭

દેશ આગળનો જે છે જેનાથી ભાવ તે તણી
-લાગતી દિલમાં રહે છે, એવી 'અભ્યાસ'ની ખૂબી. ૮

શું સંપૂર્ણ કરાવે છે ખુલ્લામાં ખુલ્લું અંતરે !
એવો 'અભ્યાસ' જીવંત તેનું તે પરિણામ છે. ૯

સાધન જે સ્વીકારેલું તેની તેવી ક્રિયા વડે,
ભાન પ્રકૃતિ કેરું જે બદલાતું રહે ધીમે,
નિત્ય નિત્ય કરી ચાલ્યા અનંતગામી પંથને
-વટાવવાનું જેનાથી થાય, 'અભ્યાસ' જાણ તે. ૧૦-૧૧

અનુસંધાન જેનાથી ચેતના પ્રતિ થાય છે,
ને આકર્ષણ તે પ્રત્યે જેનાથી ઊમટ્યા કરે,
જેનાથી ચેતનામાં શું ડૂલી જવાનું થાય છે,
એને 'અભ્યાસ' તું જાણ, જેથી તત્ત્વ પ્રિછાય છે. ૧૨-૧૩

અભ્યાસનાં અનેકે છે સાધનો શાં જુદાં જુદાં !
જેના સ્વભાવને યોગ્ય જે સાનુકૂળ સર્વદા,
તેને વળગી રૈ'ને જે ચેતનાના પ્રવાહમાં
-વહ્યા જ કરતો લાગે, 'અભ્યાસ'નું પ્રમાણ ત્યાં. ૧૪-૧૫

જેનાથી બુદ્ધિ તેજસ્વી સૂક્ષ્મ ને પ્રાણવાળી જે
-બનતી જતી શી હોય ! અભ્યાસ પરિણામ તે,
તર્ક, દલીલ ને શંકા, કુશંકા ટળી જાય છે,
પક્વ અભ્યાસનું એવું ફળ અમૃતનું શું તે ! ૧૬-૧૭

માર્ગ વિકાસનો સીધો એકદમ ન હોય છે,
આડો ને અવળો, વાંકોચૂકો ચોદિશ હોય છે,
એવા માર્ગની જેનાથી શી હૈયાસૂઝ અંતરે
-પડ્યા કરતી લાગે છે ! તેને 'અભ્યાસ' જાણજે. ૧૮-૧૯

જે અનુભવવાનું છે સાકાર તે થવા હૃદે,
પ્રત્યક્ષ વર્તતું એને થવા આધારને વિશે,
મંથન એ જ હેતુથી કર્મ દ્વારા સધાય જે,
યોગ્ય અભ્યાસ જીવંત ઘડાવાને યથાર્થ તે. ૨૦-૨૧

ચોંટેલા જ્યાં છીએ ત્યાંથી જેનાથી ઊઠવું બને,
શો જ્ઞાનાત્મક હેતુનો તે ભાવાત્મક યજ્ઞ છે !
તેવા તે કર્મના યજ્ઞે હેતુકેરી સભાનતા
-જીવંત રહે, ખરે તેનું નામ 'અભ્યાસ' જાણ ત્યાં. ૨૨-૨૩

હોઈએ જ્યાં ત્યહીંથી જો ડગલું ખસવાનું તો
-થયાં કરતું તે હોય 'અભ્યાસ' તો પ્રમાણવો.
'એક ને એકમાં ભાવે ઊંડા સંપૂર્ણ અંતરે
-જેનાથી કરી ડુલાય.' એને 'અભ્યાસ' જાણજે. ૨૪-૨૫

• • •

આવા પ્રકારનો અભ્યાસ શ્રેયાર્થીના જીવનમાં જીવતોજાગતો, ચેતનાત્મકપણે તેના જીવનનાં બધાં કર્મોમાં સૌથી મોખરે તરી આવેલો, પ્રગટેલો હોવો જોઈશે. તેવા અભ્યાસમાં તેનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એકધારાં સક્રિયપણે પરોવાયેલાં રહેલાં હોવાં જોઈશે. આમાંનું કોઈ પણ એકાદ કરણ અભ્યાસમાં પરોવાયેલું હોય, તો તેથી ચાલશે નહિ. **શ્રીહરિ**નો માર્ગ એટલે જીવનનો સર્વાંગીપણે સંપૂર્ણ વિકાસ.

પ્રાકૃતિક જીવન એ જીવન તો છે ખરું, પરંતુ એ જીવનમાં સંપૂર્ણ શાંતિ, સંપૂર્ણ પ્રસન્નતા, સંપૂર્ણ તટસ્થતા વગેરે પ્રગટી શકવાની શક્યતા હોતી નથી, કારણ કે પ્રકૃતિનું બંધારણ જ દ્વંદ્વ અને ગુણનું છે. અને દ્વંદ્વના બંધારણમાં સંઘર્ષણ, અશાંતિ, ક્લેશ, અથડામણ, ગૂંચો, પ્રશ્નો, મુશ્કેલીઓ એવું બધું જન્મવાની વાસ્તવિકતા હોય જ છે. આવા બધા જીવનમાં આપણે સંપૂર્ણ તટસ્થતા, શાંતિ, પ્રસન્નતા સંપૂર્ણપણે જાળવી રાખવાં એવી સામાન્ય **જીવ**ની શક્તિ હોતી નથી. એવી સ્થિતિ પ્રવર્તમાન હોવાને માટે તો એવા **જીવ**નું આંતરિક બળ, આંતરિક ભાવ અને **શ્રીહરિ** માર્ગના જીવન પરત્વેની ઉત્કટમાં ઉત્કટ અભિલાષા જીવતાંજાગતાં જાગી ગયેલાં હોવાં જોઈશે. આંતરિક શક્તિ મેળવ્યા વિના અથવા તો છતી થયા વિના કોઈ પણ **જીવ**થી પ્રાકૃતિક જીવનના ઘમસાણમાં સંપૂર્ણ તટસ્થ, શાંત અને પ્રસન્ન રહેવાનું કદી બની શકતું નથી. અને તેવું પ્રત્યક્ષપણે જીવવાને માટે તેવા **જીવ**નું તે પરત્વેનું તેવા જીવનના ધ્યેયની ભાવના અને તેની સભાનતા તેવા **જીવ**ના દિલમાં સળગી ઊઠેલાં હોવાં જોઈશે, તો જ તે **આ** માર્ગમાં પા પા પગલી કરી શકશે.

જેમ સંસારવહેવારમાં આપણને કોઈ પણ પ્રકારનો ઉત્કટ સ્વાર્થ જાગે છે, ત્યારે તેવા સ્વાર્થની સભાનતા બીજું ગમે તે કંઈ કર્યાં કરતાં હોઈએ છીએ, તોપણ પેલા પ્રગટેલા સ્વાર્થની સભાનતા કંઈ અદૃશ્ય

થઈ જતી નથી, બલકે ગમે તેટલી પ્રવૃત્તિમાં પડેલા રહ્યા કર્યા હોઈએ, ત્યારે પણ એ ઉત્કટ સ્વાર્થની સભાનતા જીવતી આપણા મનાદિકરણમાં પ્રગટેલી રહ્યા કરે છે. એવા પ્રકારનાં સ્વાર્થ, ગરજ, રસ, ઉત્કટ તમન્ના વગેરે જો લાગ્યાં હશે, તો તે જ તેના મનાાદિમાં જીવતાંજાગતાં, તરવરતાં રહ્યાં કરેલાં હશે. એવી તરવરતી ધ્યેયની સભાનતા તેને તે વિષયના ચિંતવનમાં કે તેના સક્રિપણામાં પરોવાવ્યા વિના રહી શકશે નહિ. જેમ કે પ્રાકૃતિક એટલે કે સાંસારિક જીવનમાં કોઈક એક વૃત્તિ જાગે છે, તો તેવી વૃત્તિ ખાલી ખાલી નીચું મોઢું ઘાલીને, ટૂંટિયું વાળીને રહી શકતી નથી. તદ્દન સામાન્ય અને સાધારણપણે અને પાછી ક્ષુલ્લક, મોળી એવી વૃત્તિ જાગે તો તે કદાચ સક્રિયમાન નહિ થાય, પરંતુ જેવો વૃત્તિનો વેગ તે પ્રમાણે તે સક્રિય થયા વિના રહેતી નથી. વૃત્તિ ગતિશીલ, સર્જનશીલ અને ક્રિયાશીલ છે. આવી બધી હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે એવી છે. તો પછી ઉચ્ચમાં ઉચ્ચ જીવન પરત્વેની જો અભિલાષા પ્રગટેલી હશે, તો તે ગૂંચળું વળીને એમ ને એમ કેવી રીતે બેસી રહી શકશે ?

પ્રત્યક્ષ શ્રેયાર્થીએ જો **हरि** માર્ગે પ્રયાણ કરવું જ હોય, તો એને સંપૂર્ણપણે **हरि**નાં ચરણકમળ આગળ ખુલ્લું થવું જ જોઈશે. **श्रीहरि** પરત્વેની વફાદારી અને એકનિષ્ઠા અજોડ અને જીવતાંજાગતાં ચેતનાત્મક સળગેલાં હોવાં જોઈશે. એમાં એટલો બધો જુસ્સો વેગવાળો પ્રગટેલો હોવો જોઈશે કે તેવો જુસ્સો તેનો વિકાસ કરાવ્યા વિના રહી શકશે જ નહિ. જીવનમાં એવા પ્રકારના પ્રગટેલા જુસ્સાએ કંઈક **જીવો**ને ભગીરથ પરાક્રમ કરાવેલાં છે, એ ઇતિહાસની હકીકત છે. **श्रीहरि** માર્ગે જનાર શ્રેયાર્થીને આનાથી પણ વધારે સાહસવાળાં, હિંમતવાળાં, ધીરજવાળાં, સતત ઉદ્યમવાળાં એવાં અનેક ગુણોથી ભરેલાં એવાં મહાન મોટાં પરાક્રમો એમના ભાગે આવે છે. શ્રેયાર્થી સતત **श्रीहरि**માં પ્રેમભક્તિની એકનિષ્ઠાથી રમમાણ રહ્યા કરતો

હોવાથી, તેવાને **શ્રીહરિ**ની ઓથ અને સહાનુભૂતિ ચેતનાત્મકપણે રહ્યા કરે છે. **શ્રીહરિ**ની ઓથ શ્રેયાર્થીને મનમાં માત્ર કાલ્પનિક હકીકત નથી હોતી. શ્રેયાર્થીના જીવનમાં **શ્રીહરિ**ની ઓથ એ તો એને દિલ એક જીવતીજાગતી વાસ્તવિકતા છે. તે જેમાં ને તેમાં **શ્રીહરિ**ની ઓથ ઉપર જ નભતો હોય છે. તેનાં સકળ દેખીતાં થયાં જતાં કર્મો ભલે એ પોતે કરતો હોય, પરંતુ દિલમાં તો 'તે **શ્રીહરિ**ની' ઓથથી જ થાય છે, એવું એને સતત લાગ્યા કરે છે. આમ, જેમાં ને તેમાં શ્રેયાર્થીને **શ્રીહરિ**ની સભાનતા મોખરે જીવતીજાગતી રહે છે. વળી, આમ જીવનના ધ્યેય પરત્વેની અગ્નિના જેવી ધગધગતી તમન્ના **શ્રીહરિ**નાં ચરણકમળમાં તેને અમર સ્થાન અપાવે છે.

હવે, એવી તમન્ના કેવી રીતે પ્રગટાવવી એવો કોઈ પ્રશ્ન પૂછે, તો જેવા પ્રકારનું આપણે જીવન જીવવું છે, તેના પરત્વેનું મનન-ચિંતવન અને તેવા જીવનનો આપણા જીવનમાં પ્રત્યક્ષપણે વાસ્તવિક રીતે ઉઠાવ થાય, તે રીતે એના જીવનની સર્વ પ્રકારની પ્રક્રિયા એણે ગોઠવવી જોઈશે. એવા સક્રિય અભ્યાસના પરિણામમાંથી ઊર્ધ્વ જીવન પરત્વેની તમન્ના જાગી શકે છે ખરી. તમન્ના વિના પ્રકૃતિના ક્ષેત્રે કોઈ કર્મ થઈ શકતું નથી. તેથી, **શ્રીહરિ**ના માર્ગમાં પ્રવેશવા માટે તમન્નાની હકીકત અનિવાર્ય છે.

લેખકના બે બોલમાં મારે તમન્ના માટે આટલું લખવાની એટલા માટે જરૂર પડી કે ઘણાં બધાં મને એ વિશે પૂછપૂછ કરે છે. મારા જીવનમાં પણ જો મને આગળ સતત ધક્કેલ્યાં કર્યો હોય તો તે માત્ર એવી ધગધગતી તમન્નાએ જ. તમન્નામાંથી પછી લગની પ્રગટે છે અને એવી લગનીની ધૂન અને નશો મનાદિને એમાં ને એમાં ઝબોળેલાં રખાવે છે. એને લીધે સતત સ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, ભજનકીર્તન, સમર્પણ, નિદિધ્યાસન—એવાં અનેક પ્રકારનાં સાધનો **શ્રીહરિ** કૃપાથી થયાં ગયેલાં. કોઈ પણ એક સાધન

લીધું અને તે સાધનમાં હૃદયના ભાવથી એકાગ્રતા જો પ્રગટી, તો તેમાંથી **શ્રીહરિ** કૃપાથી બીજું સાધન મળી જ આવે છે, એવો મારો **આ** સાધના માર્ગનો અનુભવ છે.

**આ** સાધના માર્ગમાં ધપતાં ધપતાં, જીવનનાં અનેક પાસાંઓમાંથી પસાર થવું પડે છે. એ જુદા જુદા તબક્કાઓમાં અનેક બધું મારી સામે આવીને પ્રગટ્યાં કર્યું હતું. એ બધાંની હકીકત **આ** ૩૦૪ ભજનોમાં વ્યક્ત થયેલી છે. પ્રત્યેક ભજનની હકીકત જુદી જુદી છે અને તેમાંથી કેવી કેવી રીતે પસાર થવાનું બન્યું અને કેવી કેવી રીતે મુશ્કેલીરૂપે તે તે હતી, ત્યારે ત્યારે **શ્રીહરિ** કૃપાથી **આ જીવ**થી કેવી રીતે વર્તાયા કરાયું હતું, તેની સ્પષ્ટ હકીકત આ ભજનોમાં તાદૃશ્યપણે વર્ણવી શકાઈ છે.

**શ્રીપ્રભુ** કૃપાથી **આ જીવ**થી લખાયેલાં ભજનોમાં મારાથી થયેલી સાધનાનો ઈતિહાસ છે. ભલે એ તૂટકતૂટકપણે લાગે, પરંતુ ખરેખરા શ્રેયાર્થીને તેમાંથી તેને સળંગ એકસૂત્રતા મળી આવશે ખરી. શ્રેયાર્થીના દિલમાં જાગેલો ચેતનાત્મક વિશ્વાસ એ જ શ્રેયાર્થીનું સાચું બળ છે. **શ્રીહરિ**ના ઉપર જ આધાર રાખીને તે જેમાં ને તેમાં ઝઝૂમતો હોય છે. શ્રેયાર્થી હરહંમેશ **શ્રીહરિ**ને જ જીવતીજાગતી સભાનતાથી ચેતનાત્મકપણે મોખરે જ રાખ્યા કરે છે. **શ્રીહરિ** વિના એને એક પળવાર પણ ચાલતું હોતું નથી. **શ્રીહરિ**નો એવો દિવ્ય સાથ જીવનની ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકામાં એવાં જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કરણો આવે છે, તેમાંથી એને ઉગારી લેવાને એકમાત્ર **શ્રીહરિ**ની કૃપાશક્તિ જ સામર્થ્યવાન છે, બીજા કોઈનું ત્યાં ગજું નથી.

આ **'જીવનચણતર'**માં લગભગ ૩૦૪ ભજન-ગીતો છે. તે પ્રત્યેકની હકીકત જુદી જુદી છે. શ્રેયાર્થીના સંગ્રામની તેમાં હકીકત છે, મંથનની હકીકત છે. એ બધાં ભજનોમાં સર્વાંશે સંપૂર્ણ અનુભવની હકીકત નથી. કોઈક કોઈક ભજનમાં અનુભવની હકીકતો પણ છે.

ત્રણેક મહિના પહેલાં શ્રી કાંતિભાઈ કાંટવાળા સાહેબ (ગુજરાત રાજ્યના માજી ચિફ ઍજિનિયર સાહેબ)ના નિમિત્તે ભજનો લખવાનું શરૂ થયું અને તેનો પ્રવાહ **શ્રીહરિ** કૃપાથી ચાલ્યા કર્યો. તેમાંથી **'જીવનકેડી'**નાં ભજનો વહ્યાં કર્યાં અને **'જીવનચણતર'**નાં પણ. **'જીવનઘડતર'**નાં થોડાંક ભજનો લખાયાં છે, પરંતુ હવે તે પ્રવાહ ઘણો જ મંદ પડી ગયો છે.

આધ્યાત્મિક જીવનના ઑલિયાઓ રહસ્યોવાળા. તેઓશ્રીના સૂક્ષ્માતીત અને ગુણાતીત કાયદાને પ્રકૃતિના ચોકઠાની સમજણની રીતે ગોઠવવા જતાં અને સમજવા જતાં તે મૂળ સત્ય તો માર્યું જ જાય છે. એટલું જ નહિ પરંતુ તેને બદલે તેનાથી તદ્દન ઊંધા પ્રકારનાં ફોતરાં તેમના હાથમાં આવે છે.

આ ભજનો માત્ર નર્યાં જોડકણાં જ છે. જોકે એમાં છેક છેલ્લે સુધીના અનુભવની હકીકત પમાતાં પહેલાં જે મથામણ શ્રેયાર્થીના જીવનમાં પ્રગટે છે, તેવા મંથનની હકીકત આ ભજનોમાં આવે છે ખરી. મારા જીવનમાં અનેક **જીવો**એ સહાનુભૂતિ પ્રેરી છે, ઘણો ઉત્સાહ પણ આપ્યો છે. મારાં પરમાર્થનાં કામમાં મદદ પણ કરી છે. તેમાંયે વિશેષ કરીને કેટલાક **જીવો** સવિશેષપણે મદદ કરનારા છે, તે બધાંનો જીવંત ખ્યાલ **શ્રીપ્રભુ** કૃપાથી મને છે. તેમના પરત્વેનું ઋણ હું પોતે ચૂકવી શકું તેમ નથી. તે તો મારો હજાર હાથવાળો ભગવાન કોઈ ને કોઈ રીતે ચૂકવ્યા વિના રહેવાનો નથી, તેનો મને જીવતોજાગતો ટકોરાબંધ આત્મવિશ્વાસ છે.

**જીવનના ઊર્ધ્વ શ્રેત્રમાં જવાવાને માટે લીધેલા કોઈ પણ સાધનને એકધારા કેટલા પ્રમાણમાં આપણે પકડી રાખી શકીએ છીએ, એનું આપણે જો યોગ્ય તટસ્થતાપૂર્વક નિરીક્ષણ કરીશું, તો આપણને પોતાને જ પ્રત્યક્ષ જણાશે કે આ માર્ગમાં આપણે આગળ વધી શકીશું કે કેમ.** જે વિષયનું હાર્દ આપણે અનુભવવું છે, તે વિષય પરત્વેનું એકધારું,

એકીટશે, જીવતુંજાગતું ચેતનાત્મક મનન ચિંતવન જો રહ્યા કરતું લાગે, અથવા તો એવા પ્રકારની કોઈ જીવતીજાગતી મથામણમાં રહ્યા કરો છો તેવું જો બરાબર લાગી જતું હોય, તો **આ** માર્ગમાં નિશ્ચે આપણો સો ટકા વિજય છે. વફાદારીથી, પ્રમાણિકતાથી, એકનિષ્ઠાથી, ભાવનાપૂર્વક જે મથે છે તેને **શ્રીહરિ** મદદ કર્યા વિના રહેતો જ નથી, એવો મારો પોતાનો અનુભવ છે. એવા અનુભવનો રણકાર **આ** ભજનોમાં પણ વ્યક્ત થયો છે.

ધ્યેયની ઉત્કટમાં ઉત્કટ ધગશ લાગ્યા વિના તે પરત્વેની કોઈ કશી પ્રગતિ થવાની નથી. તેવી ઉત્કટ જીવતીજાગતી જેને ધગશ લાગેલી છે, તે જીવનમાં જણાયા વિના રહી શકતી નથી. શ્રેયાર્થીને ધ્યેય અનુભવવા માટેનો જે તલસાટ જાગે છે, તે તલસાટનું ખરું મહત્ત્વ અને ખરો મહિમા એ કોઈ ભક્ત જ જાણે છે.

**આ જીવ**થી ઘણાં પુસ્તકો લખાયાં, તેનો બધો સંગ્રહ શ્રી ઇંદુભાઈને ઘરે ટાઉન હૉલ પાછળ, ગુરુકૃપા ગેસ્ટ હાઉસમાં છે. મારી સાથે જે જે **જીવો**ને લાગણી છે, સંબંધ છે અને થોડુંઘણું પણ **આ જીવ**ને માનતા છે, અને જે **જીવો આ જીવ**ને અનેક વાર નમસ્કાર કરે છે, તેવા તેવા **જીવો**ને મારી વિનંતીપૂર્વક પ્રાર્થના છે કે મારાં પુસ્તકો ખપાવવામાં મને મદદ કરે, કારણ કે શ્રી ઇંદુભાઈનો ઘણો મોટો ઓરડો પુસ્તકોથી ભરચક થઈ ગયો છે. જેના જેના વાંચવામાં આ હકીકત આવે તેઓ પણ મદદ કરે અને બીજા પાસે કરાવડાવે.

આ બધાં કાવ્યો સવારના પહોરમાં વીજળીના શેકની કોથળીઓનો શેક લેતો લેતો અને સૂતાં સૂતાં **આ જીવ** ભજનો બોલ્યાં કરતો અને કેટલાક મિત્રો તે લખી લેતા. રોજનાં ૨૦-૨૨ કે ૨૫ ભજનો લખાતાં. તેનો સંગ્રહ આ **'જીવનચણતર'**.

આવાં પુસ્તકો વેચી આપવાનું કામ કેટલાક સેવાભાવી સજ્જનો પોતાની મેળે કર્યાં કરે છે. અને હરિઃૐ આશ્રમે પરમાર્થનાં ઉપાડેલાં

કાર્યોમાં સ્વયં મદદની રકમ પણ મેળવી આપવામાં આવે છે, તે બધાંયનાં નામનો ઉલ્લેખ કર્યા વિના હૃદયથી ઘણો આભાર માનું છું. **આ** બધો મહિમા **શ્રીહરિ**ના નામના પ્રતાપનો જ છે.

**આ** શરીરને ઘણા રોગ છે અને તે પ્રત્યેક દર્દ વેદના પ્રગટાવે તેવું છે. શરીર ઘરડું થતું જાય છે અને રોગ જુવાન થતા જાય છે અને તેમાંય દમની અમૂઝણ તો બહુ ભારે છે. આવા બધા રોગોની વેદનાકારક અવસ્થામાં આ બધાં ભજનો લખાયાં છે, તે **શ્રીહરિ** કૃપાનું પ્રત્યક્ષ દર્શન છે.

**દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો,**
**એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો.**

હરિ:ૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૩-૯-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# પ્રકાશકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

### સેવાનું સદ્‌ભાગ્ય

પૂજ્ય શ્રીમોટાનું નામ તો છાપાંઓ દ્વારા તથા ચીખોદરાના મેસર્સ અંબાલાલ આશાભાઈની કંપનીવાળા સ્નેહી શ્રી ઈશ્વરભાઈ તથા મેસર્સ એમ. બી. પેટલની કંપનીવાળા શ્રીયુત બેચરભાઈ મારફત ઘણી વાર સાંભળેલું અને એકબે વાર એમનાં દર્શન કર્યાંનું પણ યાદ છે, પરંતુ એમની સેવાનું ખરું સદ્‌ભાગ્ય તો ગયે વર્ષે મે માસમાં માઉન્ટ આબુ ખાતે મેસર્સ એમ. બી. પટેલની કંપનીવાળા શ્રીયુત બેચરભાઈના તેઓ મહેમાન બન્યા ત્યારે મળ્યું.

શ્રીયુત બેચરભાઈને તેમના ભાઈ શ્રી વાઘજીભાઈની દીકરીનાં લગ્ન અંગે એકાદ દિવસ વધુ રોકાવું પડે એવા સંજોગો આવ્યા. એટલે તેમણે મને અને મારાં પત્નીને પૂજ્ય શ્રીમોટાના સત્કાર અને રહેવાની તથા ખાવાપીવાની ગોઠવણ અને વ્યવસ્થા માટે મોકલ્યાં. સદ્‌ભાગ્યે પૂજ્ય શ્રીમોટા માઉન્ટ આબુ પધારવાના હતા, તેના એકાદ દિવસ અગાઉ અમે પહોંચી ગયાં હતાં. એટલે તેઓ જ્યારે પધાર્યા, ત્યારે તેમનું સ્વાગત અને રહેવાકરવાની સુવિધા સારી રીતે થઈ. કુંજરાવવાળા શ્રી પી.ટી. પટેલ પણ ત્યારે માઉન્ટ આબુ ખાતે હતા. તેઓ પણ અમને મદદરૂપ થયા. બીજે દિવસે તો શ્રીયુત બેચરભાઈ અને તેમનાં ધર્મપત્ની શ્રી ગંગાબા આવી ગયાં અને પૂજ્ય શ્રીમોટાને કશી અગવડ પડી નથી અને બધી ગોઠવણ સારી રીતે થઈ છે, જાણીને ખુશી થયાં.

આમ, પૂજ્ય શ્રીમોટા જેટલા દિવસ માઉન્ટ આબુ ખાતે રહ્યા, તેટલા દિવસ તેમની સેવા, સહવાસ અને સમાગમમાં આવવાનું બન્યું,

તે અમારે માટે સેવાના સદ્‌ભાગ્યના ધન્ય દિવસો તરીકે બની ગયા. પૂજ્ય શ્રીમોટાના સાથી શ્રી નંદુભાઈ તથા તેમની સેવા અર્થે આવેલાં શ્રીમતી જયશ્રીબહેન અને શ્રી ઇંદ્રવદન શૅરદલાલ સૌ એવાં આનંદી હતાં કે અમે તેમની સાથે કુટુંબવત્‌ બની ગયાં અને પૂજ્ય શ્રીમોટાની તથા તેમની સાથે આવેલ મંડળીની યથાયોગ્ય સેવા કરવાની તક મળી, તે અમારા જીવનનું એક પુણ્ય સ્મરણ બની ગયું.

આ પછી શ્રીયુત બેચરભાઈના સુપુત્ર શ્રી મગનભાઈની દીકરીનાં લગ્ન પ્રસંગે તથા મેસર્સ અંબાલાલ આશાભાઈવાળા શ્રી જશભાઈ પટેલની દીકરીનાં લગ્ન પ્રસંગે ચીખોદરા મુકામે મળવાનું બન્યું. વાતોવાત ત્યારે **'જીવનગીતા'**ની ચોથી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાની વાત નીકળી અને શ્રીયુત બેચરભાઈએ તેની છપામણીનો તમામ ખર્ચ આપવાનું સ્વીકાર્યું. ત્યાર બાદ તે અરસામાં રચાતાં **'જીવનચણતર'**નાં ભજનોના પુસ્તકની વાત નીકળી ત્યારે મને સહજ રીતે જ મનમાં ઉદ્‌ભવ્યું કે તેના ખર્ચ પેટે રૂ. ૩૦૦૦/- હું આપું તો કેવું ! અને પૂજ્ય શ્રીમોટાને મેં આ વાત કરી અને તેનો તેમણે પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો અને આ રીતે પૂજ્ય શ્રીમોટાના સેવાકાર્યના સદ્‌ભાગ્યની અમને બીજી તક મળી, તેને અમે અમારું ગૌરવ ગણીએ છીએ.

સંતોના પ્રભાવની વાતો વાંચી છે અને જાણી છે, પરંતુ તાજેતરમાં રાજપીપળા અમારે મુકામે પૂજ્ય શ્રીમોટા પધાર્યા ત્યારે તેનો તેવો પ્રત્યક્ષ પ્રસંગ જોવા મળ્યો. એક મિત્રના કારખાનાના ઉદ્‌ઘાટન નિમિત્તે પૂજ્ય શ્રીમોટાને એમને ત્યાં લઈ ગયા હતા. ત્યાં કારખાનામાં ઉદ્‌ઘાટન પ્રસંગને નિમિત્તે કેટલાક ભાઈઓ આવ્યા હતા. ઉદ્‌ઘાટનવિધિ પત્યા બાદ એકત્ર થયેલ સૌને હરિઃૐ આશ્રમે ઉપાડેલ પરમાર્થનાં કાર્યોની વાત પૂજ્યશ્રીએ કરી, તે ઉપરથી પ્રભાવિત થઈને એક સદ્‌ગૃહસ્થે આવીને રૂપિયા પાંચ હજારની રકમ પૂજ્ય શ્રીમોટાને ધરી. ખૂબીની વાત તો એ હતી કે આ સજ્જન આ

અગાઉ કોઈ દિવસ પૂજ્ય શ્રીમોટાને મળ્યા ન હતા કે તેમના વિશે કે તેમણે ઉપાડેલ જનતા જનાર્દનનાં પરમાર્થનાં કાર્યો વિશે પણ ખાસ કાંઈ જાણતા ન હતા. પૂજ્ય શ્રીમોટાના સ્વમુખે વાતો સાંભળી, તે ઉપરથી જ તેમને રૂપિયા પાંચ હજારની રકમ આપવાનું મન થયું. બીજા ભાઈએ પણ રૂપિયા એક હજાર આપ્યા. લક્ષ્મી તો આજે છે અને કાલે નહિ હોય એવું પણ બને, પરંતુ જે લક્ષ્મી સન્માર્ગે ખર્ચાઈ છે, તેની પુનિત યાદ તો સદાય આપણા જીવનને પ્લાવિત કરી જવાની.

પૂજ્ય શ્રીમોટાએ ઉપાડેલાં કાર્યોની વિશેષતા એ છે કે સમસ્ત સમાજને સ્પર્શે એવાં કાર્યો એમણે હાથ ધર્યાં છે. છોકરાં-છોકરીઓ હિંમતવાન થાય તે માટે તરણસ્પર્ધા, સાઇકલસ્પર્ધા, તરણકુંડો, હોડીસ્પર્ધા યોગ્ય રીતે અને આયોજનપૂર્વક થાય તે માટે વિચારપૂર્વક નાણાં આપેલાં છે. સમાજમાં સાહસ કરી હિંમત દાખવે, આગમાંથી કોઈને બચાવે, ડૂબતાને કોઈ બચાવે, વાઘ-સિંહનો સામનો કરે કે અન્ય કોઈ મર્દાનગી અને પ્રમાણિકતાનું કાર્ય કરે તેની કદર માટે **'પુરાણી પારિતોષિક'** દર વર્ષે **'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ'** તરફથી આપવામાં આવે છે. આ સિવાય બાળકો જ્ઞાનાભિમુખ થાય તે માટે બાળપુસ્તક શ્રેણીઓ, કિશોર-કિશોરીઓ, કુમાર-કુમારીઓ માટે **'કિશોરભારતી'** પુસ્તકમાળા, યુવક-યુવતીઓ માટે **'જ્ઞાનગંગોત્રી'**નાં જ્ઞાનદાયક પુસ્તકો, સામાન્ય માણસને વેદોની જાણકારી મળે તે માટે **'વેદ પરિચય'** પુસ્તિકાઓ અને આ સિવાય ખેતીવાડી રિસર્ચમાં, વિજ્ઞાનના રિસર્ચમાં, દવાઓના સંશોધનમાં વગેરે માટે પણ લાખોનાં દાન આપેલાં છે. પૂજ્ય શ્રીમોટાએ ઉપાડેલાં આવાં પ્રજાહિતનાં કાર્યોનું મહત્ત્વ સમજીને ઈશ્વરે જેમને લક્ષ્મી આપેલી છે, તેઓ તેમની લક્ષ્મીનો સદુપયોગ તેમને આપીને કરાવે એવો અંગુલિનિર્દેશ આ પ્રસંગે કરું તો તે અયોગ્ય નહિ લેખાય.

આજના અશાંત કાળમાં જ્યારે લોકોને શાંતિની ખરેખરી જરૂર છે, ત્યારે ગરીબ, તવંગર જે જે તેમની પાસે જાય છે, તેમને શાંતિ અને આનંદ તેઓ બક્ષે છે. નાનાંમોટાં સૌના જીવનમાં તેઓ રસ લે છે અને જે કોઈ એક વાર તેમના સમાગમમાં આવ્યું, તેઓ તેમના આગમનની જાણ થતાં તેમને મળવાનું નહિ ચૂકવાના એવી એમની ચાહના છે. એમની આ ખાસ વિશેષતા છે અને અમે તે માણેલી છે. તેમને ઘણાં દર્દો છે અને આવાં દર્દોવાળો અન્ય કોઈ હોય તો તે ઘરની બહાર જ ન નીકળે, પરંતુ જો કોઈ તેમને પરમાર્થના કાર્ય માટે નાણાં ઉઘરાવી આપવાની વાત કરે તો ગમે તેટલી અગવડ વેઠીને પણ ત્યાં જવાનું ચૂકે નહિ એવી પરમાર્થનાં કાર્યો માટે તેમને લગની લાગેલી છે. તેમણે પ્રજાને એક જ વાક્યમાં તેમનો જીવનસંદેશો આપ્યો છે અને તે એ છે કે **'મારે સમાજને બેઠો કરવો છે.'** પ્રભુ આ માટે તેમને અનેક વર્ષોનું આયુષ્ય બક્ષે એ જ પ્રાર્થના.

રાજપીપળા, **-શિવાભાઈ માધાભાઈ પારેખ**

તા. ૬-૪-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

**'જીવનપગદંડી'** અને **'જીવનકેડી'**ના અનુસંધાનમાં લખાયેલાં આ **'જીવનચણતર'**નાં ભજનો પૂજ્ય શ્રીમોટાની સાધનાકથાનાં કેટલાંક વણસ્પર્શ્યાં પાસાંની હકીકતનાં દર્શન કરાવે છે.

બાળક અનેક વાર એકડો ઘૂંટે છે, ત્યારે તે એકડો માંડતો થાય છે. એમ જ સાધનામાં શ્રેયાર્થીએ એક વિષયને અનેક વાર અનેક રીતે આચરણ દ્વારા દૃઢ કરવો પડે છે. એટલું જ નહિ પણ કસોટીના પથ્થરે ચઢાવીને સોની જેમ સોનાનો કસ કાઢે છે, તેમ શ્રેયાર્થી પણ તેની ચાલતી સાધનામાં તે ક્યાં સુધી પહોંચ્યો છે, એનો કસ કાઢતો હોય છે. આ ક્રિયા-પ્રક્રિયાના કેટલાય ગૂઢ સંકેતો આ **'જીવનચણતર'**નાં ભજનોમાંથી જિજ્ઞાસુને જાણવા મળશે. એવી પ્રસાદીરૂપ કડીઓ નીચે ટાંકી છે :–

'થતાં ઉપયોગ શક્તિનો પથે જ્યાં હેતપૂર્વકનો,
તહીં શક્તિનું તે જોશ રહે પ્રસરાતું જીવન તો.

● ● ●

જીવનમાં કર્મ જે બનતું, બધું પરિણામ તેનું તે,
જરૂર તે **आज** કે **काल** નીપજવાનું જીવન વિશે.

● ● ●

પથે જ્યાં ત્યાં જીવન વિશે સરળતા ના પૂરી કહીં છે,
નરી આફતની વચ્ચેયે ઉપર ચઢવું જીવન તે છે.'

● ● ●

આ રીતે શ્રેયાર્થી તેની સાધનામાં શ્રદ્ધાથી જ્યારે આગળ ધપે છે અને તેને સાધનાની ઉત્કટ ગરજ અને સ્વાર્થ લાગે છે ત્યારે :–

'જીવનના ધ્યેયની ઉત્કટ ગરજ ને સ્વાર્થ લાગે છે,
કદી ત્યાં હાથ જોડીને ન રહેવાતું જ બેસી તે.'

● ● ●

રસોત્સાહ મથામણમાં જીવનમાં જ્યાં પ્રગટતો છે,
સતત બસ માત્ર મથવામાં પછી કૂદી પડે દિલ તે.

આ રીતે સાધક જ્યારે તેની સાધનામાં ગીતામાં પ્રબોધાયેલ નિષ્કામ ભાવનાથી તેની આગેકૂચ જારી રાખે છે અને તેમાં 'ચઢ-પડ'ના પ્રસંગો આવે છે, ત્યારે તેને હતોત્સાહિત થવાનું બનતું નથી, કારણ કે તે જાણતો હોય છે કે :–

'ફળે કે ના ફળે કિંતુ જીવંતો હેતુ જેમાં છે,
બધા તેવા પરિશ્રમથી જીવન **आ** કેળવાતું છે.'

અને કરેલો પ્રયાસ કદી મિથ્યા જતો નથી, એ ન્યાયે શ્રેયાર્થી તેની સાધના કૂચ થંભાવી કે અટકાવી દેતો નથી, કારણ કે તેને સાધનાની એક પ્રકારની લગની અને તમન્ના લાગેલી હોય છે અને ત્યારે એના દિલમાં જાણે નીચેનો સાક્ષિત્વભાવ જાગતો હોય છે :–

'તમન્ના એ તમન્ના ના, પરંતુ મૂર્ત સ્વરૂપે તે
-**हरि**ની દિવ્ય પ્રત્યક્ષ ખરેખર શી કૃપા તે છે !'

સાહિત્યરસિકોને લાગશે કે આ તો સાધના દર્શનનાં ભજનો છે, એમાં સાહિત્યદર્શન શું હોય ! પણ સૌંદર્યના ચાહકને સર્વત્ર સૌંદર્ય ભાસે છે. ખરો ચિત્રકાર જેમ એક લીલાછમ વૃક્ષની ડાળેડાળ અને પાનેપાન અને દરેક પર્ણમાં એની નસો એવી જીવંત આલેખે છે કે પેલા લીલાછમ વૃક્ષના આલેખનમાં જેટલો રસ છે, એટલો જ રસ એક ઠૂંઠું વૃક્ષ, જેની ઉપર પાન નથી, ડાળીઓ સુકાઈ ગઈ છે અને વગડાને ખૂણે એકલું અટૂલું ઊભું છે-તેમાં પણ હોય છે અને એનું આલેખન એટલા જ રસથી એ કરે છે. જગતને હકીકતની દૃષ્ટિએ રજૂ કરતાં પૂજ્ય શ્રીમોટા કહે છે તે ખરું જ છે કે :–

'કશું સ્થાયી જગતમાં ના, જુદા જુદા તબક્કાનું
-જીવન પણ જુદું જુદું શું ! **हरि** એકમાત્ર નિત્યેનો.'

અને દર્શન પામવા માટે તો –

'જીવનનો યોગ્ય સંપૂર્ણ થતાં વિકાસ જીવનમાં
-કળા, સૌંદર્ય, અદ્‌ભુત સૌ ખીલે છે આપમેળે તે.'

આવાં જીવન સત્યોને સાહિત્યદર્શનમાં નહિ તો શેમાં લેખીશું ? જે વાંચતાંવેંત સમજાય અને હૃદયમાં ઊતરી જાય, એવી સાધનાની વાતો પૂજ્ય શ્રીમોટાએ **આ 'જીવનચણતર'**માં આલેખી છે. તેનો રસાસ્વાદ જેઓ અંતર્મુખ થઈને વાંચશે તેઓ જરૂર પામશે અને ઉન્નત જીવન માટે કંઈ ને કંઈ મથામણ કરવાની પ્રેરણા મેળવશે. તેમ ન થાય અને લખાણ પુસ્તકમાં પડી રહેશે તોપણ ભવિષ્યમાં કોઈ સાધનાપંથે ભૂલા પડેલા જિજ્ઞાસુ શ્રેયાર્થીને સાધનાના Mile Stone તરીકેની ગરજ સારશે તોય ગનીમત (ઈશ્વરકૃપા). જેમને ઉચ્ચ જીવનની ઝંખના છે, તેમને આ પુસ્તક પથ્ય વાચન પૂરું પાડશે. સત્ય તો સચરાચર છે અને જે શોધે છે તે પામે છે, તે સુજ્ઞ વાચકોને વિદિત થાય.

પૂજ્ય શ્રીમોટાનાં લખાણોનાં પુસ્તકોના વેચાણની બધી રકમ તેમણે ઉપાડેલાં પરમાર્થનાં કાર્યોમાં જ વપરાતી હોય છે, તે ધ્યાનમાં લઈને તેમને જાણતાં અને ન જાણતાં સૌ કોઈ તેમણે ઉપાડેલાં કાર્યને જનહિતનો યજ્ઞ સમજીને તેમાં આહુતિરૂપે પુસ્તક વેચાણ કરીને તથા કરાવડાવીને પોતાનો ફાળો આપશે એવી આશા છે.

આ પુસ્તકના પ્રકાશનખર્ચ પેટે રૂ. ૩૦૦૦/-રકમ હાલ રાજપીપળા મુકામે રહેતા શ્રી શિવાભાઈ માધાભાઈ પારેખે આપી છે. રાજપીપળાની પાસે નાવરા ગામમાં તેમની જમીનનું ફાર્મ છે અને તેની ખેતીવાડીનું કામકાજ તેઓ સંભાળે છે. નાવરા ગામનાં લોકહિતનાં કાર્યોમાં પણ તે સારો રસ ધરાવે છે. આ પુસ્તક પેટે તેમણે જે પ્રેમપૂર્વક રકમ આપી છે, તે માટે અમો તેમનો ખાસ આભાર માનીએ છીએ. આ ઉપરાંત, રૂ. ૧૦૦૧/-સદ્‌ગત શ્રી નાથુભાઈ જગાભાઈ પટેલ (ભારૂંડી, તાલુકે ઓલપાડ, જિ. સુરત)ના પુણ્ય સ્મરણાર્થે તેમના કુટુંબ તરફથી આ પુસ્તકના પ્રકાશન પેટે મળ્યા છે. તે માટે અમો તેમનો પણ ખાસ આભાર માનીએ છીએ. બાકીની રકમ એક સદ્‌ભાવી ભાઈએ મેળવી આપી છે.

આ પુસ્તકના સંપાદકો તરીકે જેમણે હિસ્સો લીધો છે, તેમનાં નામ નીચે પ્રમાણે છે :

(૧) શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ ઘાએલ
(૨) શ્રી ઠાકોરભાઈ ભીખાભાઈ પટેલ
(૩) શ્રી હિંમતસિંહ ગુમાનસિંહ બારડ

(૪) શ્રી બાબુભાઈ રણછોડદાસ તમાકુવાળા

(૫) શ્રી ગમનલાલ ગોરધનદાસ તમાકુવાળા

(૬) શ્રી મોહનલાલ રણછોડદાસ તમાકુવાળા

દરેક સંપાદકે આ પુસ્તકની સવાસો-સવાસો પ્રત વેચી આપવાનું સ્વીકાર્યું છે, તેની નોંધ લેતાં અને તેમનો આભાર માનતાં ખુશી થાય છે.

સુરત આશ્રમે પૂજ્ય શ્રીમોટા વહેલી સવારે આ પુસ્તકનાં ભજનો બોલ્યે જતા અને ભાઈ ચૂની, શ્રી રતિલાલ રંગૂનવાળા અને ભાઈશ્રી અરવિંદભાઈ તે લખી લેતા. પૂજ્યશ્રીની સેવામાં રહેતાં શ્રી પુષ્પાબહેન અને ભાઈશ્રી ધનસુખભાઈ અને વહેલી સવારે સુરતથી આવતા શ્રી મોહનલાલ ગોળવાળા, શ્રી ચંપકભાઈ ભૂતવાળા તથા કીકાભાઈ તમાકુવાળા આ સર્જાતાં ભજનો સાંભળતાં.

આ રીતે દરરોજ લખાયેલાં ભજનો ભાઈ ચૂનીની નોટમાંથી સુવાચ્ય અક્ષરોમાં ઉતારવાનું કામ કોઈ કોઈ વાર તો મોડી રાત સુધી જાગીને પણ—છતાં જરા પણ કંટાળો દર્શાવ્યો નથી એ રીતે-જે ઉત્સાહપૂર્વક કામ શ્રી રજનીભાઈએ કર્યું છે, તે તેમના પૂજ્યશ્રીના કામ પરત્વેનો રસ બતાવે છે. બધાંય ભજનોને વિષયવાર વિભાગ પાડીને તેની છપાવવા યોગ્ય પ્રેસકોપી તૈયાર કરવાનું કામ એક અનામી ભાઈએ કર્યું છે. તૈયાર થયેલ પ્રેસકોપીમાંનાં ભજનો પ્રેસમાં આપતાં અગાઉ પૂજ્યશ્રી પાસે જ્યારે છેલ્લીવાર વંચાતાં હતાં, ત્યારે આશ્રમમાં આવતાં સૌએ તે રસપૂર્વક સાંભળ્યાં હતાં, અને વાંચતાંની સાથે સમજાય તેવાં તેમને તે લાગ્યાં હતાં.

મેસર્સ એલેમ્બિક પ્રેસે આ પુસ્તક સુંદર રીતે છાપી આપીને તથા બનતી ત્વરાએ તૈયાર કરી આપીને જે મહત્ત્વનું કામ કર્યું છે, તે માટે તેમનો આભાર વ્યક્ત કરતાં આનંદ થાય છે.

તા. ૬-૪-૧૯૭૪ **નંદુભાઈ**

શનિવાર મૅનેજિંગ ટ્રસ્ટી,

હરિઃૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની સાધનાની જેમ તેમનું સાહિત્ય સર્જન પણ ઝપાટાભેર ચાલ્યું છે. ઉપરાંત, આવાં ભજનોમાં તેમની સાધનાનો ઈતિહાસ છુપાયેલો છે.

પૂજ્ય શ્રીમોટા વિરચિત વિપુલ અને વિરલ સાહિત્યના અભ્યાસીને ઉપર જણાવેલ વિગતની યથાર્થતા કંઈક અંશે સમજાશે. આવા સાહિત્યમાં **'જીવનચણતર'**નો સમાવેશ થાય છે.

વર્ષો વીતશે તેની સાથે સ્વજનોમાં પૂજ્ય શ્રીમોટાના પદ્યસર્જન પ્રત્યે અભિરુચિ વધતી રહેશે અને તેનું વાચન-મનન તેમના જીવનવિકાસના પંથ ઉપર ઉપયોગી બનશે, એવી આશા અને શ્રદ્ધા સાથે **'જીવનચણતર'**ની આ બીજી આવૃત્તિ સ્વજનોનાં કરકમળમાં આનંદની લાગણી સાથે અમો રજૂ કરીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ભાદરવા વદ-૪, સંવત ૨૦૬૩ **ટ્રસ્ટીમંડળ,**
તા. ૩૦-૯-૨૦૦૭ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | વહાલાં સ્વજનોને | ૧-૨૨ |
| ૨ | શ્રીસદ્‌ગુરુની ચેતના | ૨૩-૩૪ |
| ૩ | જીવનસાધનાનું ચણતર | ૩૫-૫૨ |
| ૪ | શૂન્યના વિસર્જનમાંથી સાધનાનું સર્જન | ૫૩-૮૦ |
| ૫ | સ્મરણસાધના | ૮૧-૧૧૨ |
| ૬ | **अहम्**નું ઉન્નયન | ૧૧૩-૧૩૦ |
| ૭ | સાધનામાં તમન્ના અને લગની | ૧૩૧-૧૪૬ |
| ૮ | સાધનામાં મથામણ અને પુરુષાર્થ | ૧૪૭-૧૭૮ |
| ૯ | જીવનસાધનાનાં વિવિધ વહેણો | ૧૭૯-૨૦૨ |
| ૧૦ | મનાદિનું ઊર્ધ્વીકરણ | ૨૦૩-૨૪૨ |
| ૧૧ | સાધનાવિકાસના સંગ્રામો | ૨૪૩-૨૫૮ |
| ૧૨ | હરિ મિલનનો તલસાટ, તપશ્ચર્યા અને આનંદ | ૨૫૯-૩૧૬ |


❑

# જીવનચણતર

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ - ૧

# વહાલાં સ્વજનોને



નિરંતર ચાહવું એને જીવન સાચું ગણેલું છે,
હૃદય ચાહ્યા વિનાની તો બીજી દુનિયા ન જાણી છે.

હરિઃૐ

## જીવનમાં ચાહવાકેરો અમે માર્ગ સ્વીકાર્યો છે

જીવનમાં ચાહવાકેરો અમે માર્ગ સ્વીકાર્યો છે,
સતત ચાહ્યા વિના અમને કશે ના ચેન પડતું છે.

કૃપાથી જે મળેલાં છે, જીવનમાં તે બધાંનેયે
-કૃપાથી ચાહી ચાહીને અમે વળગેલ શા છીએ !

વળગવું પ્રેમથી પૂર્ણ હૃદયથી ધર્મ માન્યો છે,
શું અધકચરું કશા વિશે રહેવું ના સ્વીકાર્યું છે.

પૂરું ત્યાં પહોંચવું ઊર્ધ્વ જઈને આરપાર જ તે,
હૃદય ચાહવાનો શો એવો જીવંતો ભેખ ધાર્યો છે !

હરિઃૐ

## હૃદય ચાહ્યા વિનાની તો બીજી દુનિયા ન જાણી છે

હૃદયમાં ઝંખી ઝંખીને, હૃદયથી ચાહી ચાહીને,
સ્મરી સ્મરીને ઊંડું ઊંડું, અમારે જીવવાનું છે.

સતત બસ ચાહવાકેરો જીવન ધંધો અમારો તે,
કશું ચાહ્યા વિનાનું તો અમે ના કર્મ જાણ્યું છે.

જીવન **આ** ચાહવામાં તો શું તરબતર થતું રહે છે !
અખંડાકાર નિરંતર શી મસ્તી ચાહવાની છે !

નિરંતર ચાહવું એને જીવન સાચું ગણેલું છે,
હૃદય ચાહ્યા વિનાની તો બીજી દુનિયા ન જાણી છે.

હરિઃૐ

## શું મનમેળ બધાં સાથે ધરીને વર્તવું ચહ્યું છે !

અમારે ચાહી ચાહીને જીવન **આ** ગુજારવાનું છે,
કશો ફિસાદ, ટંટોયે ન કોઈ સાથે જ કરવો છે.

સુમેળે દિલ સદ્‌ભાવે બધાં સાથે જ જીવવું છે,
શું મનમેળ બધાં સાથે ધરીને વર્તવું ચહ્યું છે !

**હરિ**નો ભાવ જીવંતો જીવનમાં મોખરે ધરીને,
'બઢવવાને નૂતન નૂતન હૃદયભાવ', ચહેલું છે.

જુદા જુદા તબક્કાના હૃદયના ભાવ જુદા છે,
બધું હોવા છતાં એક જ, છતાં તે નિરનિરાળું છે.

હરિ:ૐ

## નીતરતો ને વહેતો શો રહે જીવતો સહુ સાથ !

અમારે કોઈની સામે કશી ફરિયાદ અમથીયે
-ભૂલેચૂકેથી કરવાનું ન અમને સ્વપ્નમાં પણ છે.

હૃદયથી ભાવ ઉષ્માનો ઊંડો મૂળનો જ સદ્‌ભાવ
-નીતરતો ને વહેતો શો રહે જીવતો સહુ સાથ !

**हरि** કેવો બધાંમાં જો રહેલો મૂળ સ્વરૂપે છે !
પછી ચાહવા બધાંને કાં ઊછળતો ના ઉમળકો છે ?

બધે જેમાં અને તેમાં **हरि** સન્મુખ જીવન છે,
પછી સારું અને નરસું રહી શકવાનું શી રીતે ?

હરિઃૐ

# પરંતુ મૃત્યુને માટે ન કોઈ તૈયારી કરતું છે

અરે ! **આ** મૃત્યુ તો દૂર ના, અડોઅડ છેક પાસે છે,
છતાં અસ્તિત્વ તેનું તો કશું કોઈયે ન જાણે છે !

શી નાનકડી મુસાફરીની બધાં તૈયારી કરતાં છે !
પરંતુ મૃત્યુને માટે ન કોઈ તૈયારી કરતું છે.

બધાં આશ્ચર્યમાંનું તે મહદ આશ્ચર્ય કેવું છે !
બધું નિશ્ચિત હોવા તે છતાં ના ગણતરીમાં તે.

કૃપાથી મૃત્યુનો પંજો શું ઓચિંતો પડી માથે !
હૃદય ચેતાવી દઈ પૂર્ણ કરાવી સજ્જ દીધો છે.

હરિઃૐ

## ખરે ! મામૂલી સંપૂર્ણ અમે રજકણથીયે શા જે !

ન કંઈ અભિમાન અમને છે, કશો ના તોર અમને છે,
ખરે ! મામૂલી સંપૂર્ણ અમે રજકણથીયે શા જે !

કદીક કોઈ વેળ જીવનમાં શું ભાવાવેશના તાને
-બુલંદ નાદથી વદતાં તહીં જુસ્સો શું ફૂટે છે !

બધાં સંસારી ત્યાં કેવાં અમારા વર્તને તેવા
-કંઈક ખ્યાલો સ્ફુરાવીને કંઈક ઈલકાબ દઈ દે શાં !

અમારે માટ મન જે જે કંઈક ધારી લીધેલું છે,
સ્વજનને તે મુબારક છે, મુબારક હો બધી રીતે.

હરિ:ૐ

## બધું રસ રસતણું કેવું રસીલું વ્યક્ત જે તે છે !

અમારે કોઈ પણ રીતે કદી પણ ના બબડવું છે,
બબડવું જો થયું તો તો જીવનમાં રસ ચૂકેલા તે.

જીવનની રસની દુનિયામાં કશી ફરિયાદ, ટંટો તે
-કશે અસ્તિત્વમાં ના છે, ખરું રસનું જ લક્ષણ તે.

અખંડાકાર આનંદ સતત રસમાંથી વહેતો છે,
**हरि** પોતે જ રસ શો છે ! બધું વ્યક્તત્વ રસનું છે.

**हरि** સાકારરૂપે તો મૂળે રસના સ્વરૂપે છે
-બધું રસ રસતણું કેવું રસીલું વ્યક્ત જે તે છે !

હરિઃૐ

## हरिना જ્ઞાનનો અનુભવ અવર કોઈ ન દઈ શકશે

**हरि**ના જ્ઞાનનો અનુભવ અવર કોઈ ન દઈ શકશે,
વિના જાગ્યા ઊંડી જલતી ન જિજ્ઞાસા, કશું મળશે.

મથ્યા વિના જીવનમાં **આ** કશું કંઈ પણ ન મળતું છે,
મથ્યા વિના શું મેળવવાતણી ઇચ્છા નકામી છે !

કર્યાથી માત્ર જીવનમાં શ્રીસદ્‌ગુરુ ખાલી અમથા તે
-કશું દળદર ફિટાવાનું જીવનનું તેથી ના નિશ્ચે.

જીવનનું ધ્યેય મેળવવા ફના થાવાની તત્પરતા
-હૃદય જાગેલ કેવી છે ! તપાસી લો તમે દિલમાં.

હરિઃૐ

## જીવનમાં નિત્ય રળવાને સમય કેટલો તમે દો છો ?

જીવનમાં જો કમાવાની હૃદય જાગેલ ઈચ્છા છે,
કમાવાની પડી કેવી પછી તમને જીવનમાં તે ?

જીવનમાં નિત્ય રળવાને સમય કેટલો તમે દો છો ?
**હરિ**ને કાજ એમાંનું કરેલું કેટલું શું શું ?

અનુભવવો **હરિ** જો છે, મનાદિમાં **હરિ** કેવો
-જીવંતો કેટલો રહે છે ? વિચારીને તપાસી લો.

જીવન મેળવવું જેને છે, જીવનમાં કેટલું તેનું
-મનન ચિંતવન થતું રહે છે ? તપાસી લો ઊંડું ઊંડું.

હરિઃૐ

## તમારે એકલાએ ત્યાં પડે બદલાવું જીવનમાં

કશું ના છોડવાનું છે, કશું ના મૂકવાનું છે,
બધાં સાથે બદલવાનું ખરેખર દૃષ્ટિ બિંદુ તે.

જવાનું જે દિશા પ્રત્યે અનુકૂળતા બધી તેની,
જીવનમાં જાણીબૂજીને જરૂર પડશે જ સાંપડવી.

બીજાં કોઈ તમો માટે ન બદલાઈ શકાવાનાં,
તમારે એકલાએ ત્યાં પડે બદલાવું જીવનમાં.

કશી આશા, અપેક્ષાઓ અવરની પાસ રાખી જો,
નિરાશા દિલમાં નિશ્ચે શી સાંપડવાની જીવન તો !

હરિઃૐ

## જીવનમાં વર્તવાથી તો હૃદયબળ કેળવાતું છે

જીવન આદર્શને પંથે જતાં વચમાં જીવન વિશે,
પડેલું આડું કેવું તે હું ખચકાયો નિહાળીને !

પરંતુ સ્વસ્થતા દિલમાં હતી જામેલ તે લીધે,
બધાં નડતર હઠવવાની હૃદય ત્યાં યુક્તિ સૂઝી છે.

જીવનમાં તે પ્રમાણેનું પછી વર્તન થયેલું છે,
જીવનમાં વર્તવાથી તો હૃદયબળ કેળવાતું છે.

હૃદયના કેળવાયેલા બધા બળને જીવનપથમાં
-કૃપાથી વાપરેલું છે, પૂરું ઉપયોગમાં લેવા.

હરિઃૐ

## ઊંચું માથું જ કરવાની કદી તક આપશે ના તે

ખરેખરું દિલ જાગે જ્યાં ગતિશીલ થયા વિના
-કદી પણ રહો ન જીવનમાં, શી એવી દિલ મહત્તા ત્યાં !

કશા વિશે તમારું દિલ પૂરું પાકું થયેલું છે,
નયન ને સુરખી કંઈ તેનાં જણાયા વિણ શેં રહેશે ?

તમોને ઊંચકીને તે ઝબોળી ત્યાં ઊંડે દેશે,
ઊંચું માથું જ કરવાની કદી તક આપશે ના તે.

જીવનમાં જાગેલું દિલ જો ગગનને બાથમાં લેવા,
ભરાવ્યા વિણ કાં રહેશે મરણિયા ફાળ જીવનમાં ?

હરિ:ૐ

## નીચી તે બોરડીને તો બધા લોકો શું ઝૂડે છે !

‘નીચી તે બોરડીને તો બધા લોકો શું ઝૂડે છે !’
જીવનમાં જોયું તે પ્રત્યક્ષ, ન ગપ્પાંની હકીકત તે.

**हरि**ભક્તિ વિશે જેને જીવનમાં તો જવાનું છે,
જીવનમાં શૂન્યથીયે પણ થવાનું શૂન્ય તેને છે.

થવા દીધું જ બુદ્ધિના ન ઊંચું ટેરવાને મેં,
‘થવાનું નમ્રમાં નમ્ર’ જીવંતું લક્ષ રાખ્યું છે.

થવાયા શૂન્ય વિના તો **हरि**પદને અનુભવવું
-ગમે તેવુંય મથતાં પણ, કદી ના શક્ય બનવાનું.

હરિ:ૐ

## हरि ભૂલ્યાનું તે દર્દ હજી વીસરાતું ના અમને

જીવનમાં બહુરૂપીકેરા અમે શા વેશ લીધા છે !
બધું હોવા છતાં તે તે અમે તે રૂપ નહોતા જે.

અનેકે રૂપ લીધાં છે, અને તે રૂપની પેઠે
-જીવન વર્તેલ સંપૂર્ણ, છતાં તેવા અમે ના તે.

કળા લેવાતણી રૂપની શી કુદરતી જ બક્ષિસ તે !
કદીક તે રૂપમાં કેવું **हरि**ને દિલ ચુકાયા છે !

હૃદય ત્યારે ભયંકર શી પડેલી ફાળ છે અમને !
**हरि** ભૂલ્યાનું તે દર્દ હજી વીસરાતું ના અમને.

હરિઃૐ

## જીવનમાં દોષને મેં તો કદી પણ છાવર્યા ના છે

જીવનમાં દોષને મેં તો કદી પણ છાવર્યા ના છે,
ભૂલેચૂકેય અવગુણની વકીલાત કરી ના છે.

અનુભવવા જીવન તત્ત્વ હૃદય લાગેલ લગનીમાં,
સતત જીવંતું દિલ લક્ષ કરેલું ઉગ્ર પ્રેરાવ્યાં.

બહુ મથતાં, બહુ મથતાં, છતાં છટકી જતું તે છે,
મથી મથીને હું ઠેકાણે મથેલો લાવવાને તે.

સતત એવી મથામણથી પ્રક્રિયા જે નિરંતરની,
જીવન ચાલી રહેવાથી, ફૂટેલી ધારણા દિલ છે.

હરિઃૐ

## બીજાંનું કંઈ જ નીરખવા ન સહેજે છે કશી પરવા

‘જીવનમાં છો તમે કેવા’ કદી પૂછપરછ કરી ના છે,
અજાણ્યે કોઈનેયે મેં કદી ના સલાહ દીધી છે.

છતાં લોકો બધા કેવા સલાહ આપવા અમને
-શી તત્પરતા હૃદય કેવી ખરેખર દાખવે છે તે !

અમોથી ડોકિયાં છાનાં કદી કોઈના જીવન વિશે
-સરતચૂકથીય કરવાની થયેલી ધૃષ્ટતા ના છે.

અમારામાં અમે મસ્ત હૃદય મસ્તાન જીવનમાં,
બીજાંનું કંઈ જ નીરખવા ન સહેજે છે કશી પરવા.

હરિઃૐ

## તમારો પ્રેમ માગું છું હૃદયથી ચાહીને તમને

અમે કેવા છીએ તેની ફિકર છે શેની તમને તે ?
તમે કાં શિર લેતા છો નકામી વહોરી ચિંતાને ?

અમે જેવા છીએ તેવા, ન નડતરરૂપ કોઈને,
ભલામાં સર્વના છીએ, બગાડ્યું કોઈનું ના છે.

થવા કલ્યાણ જે તે-નું કૃપાથી દિલ અમારું છે,
દૂભવતા દિલ કોઈનું અમે તો ના ભૂલેચૂકે.

થતું નારાજ જો કોઈ હો અમારાં રીતરસમથી તે,
ક્ષમાની માગ કર જોડી તમારે પદ અમારી છે.*

---

* તમારો પ્રેમ માગું છું હૃદયથી ચાહીને તમને.

હરિઃૐ

## મહોબત મળવી જીવનમાં મહામુશ્કેલ કેવી છે !

મહોબતની હૃદય લહેજત મહોબત દર્દી પ્રીછે છે,
મહોબતનો હૃદય રંગ મહોબત દર્દી મહાલે છે.

મહોબતની હૃદય મસ્તી અલૌકિક શી ચઢે છે જે !
ઉછાળા ભરતીથી જબ્બર મહોબતથી ઊછળતા છે.

હૃદય આનંદનો લહાવો મહોબત દર્દી ચાખે છે,
મહોબત મહાલતાં, જીવન મહા આનંદસાગર છે.

મહોબત મોત સાટે છે, કદીક શું ભેટતાંયે તે
-મહોબત મળવી જીવનમાં મહામુશ્કેલ કેવી છે !

મહોબત અગ્નિના જેવી, મહોબતના અગન લાળા
-મહોબત દર્દીને લાગે, રસીલા શા મીઠા મીઠા !

---

* રાત્રે દમના હુમલા વખતે લખાયેલું.

હરિઃૐ

# શી મહોબતની મજા લૂંટ અનુભવની અકથ્ય જ છે

હૃદયથી વહાલ કરી કરીને બધાંની સાથ ભળવું છે,
ન કોઈ સાથ અકળામણ, બધાં અમને જ સારાં છે.

**હરિ**ના પ્રેમનો કેવો બધાં સંદેશ લાવે છે !
હૃદયથી સાંભળી તે તે જીવનમાં આચરાતું છે.

**હરિ**માં ને **હરિ** સાથે જીવનમાં જીવવાની જે,
શી મહોબતની મજા લૂંટ અનુભવની અકથ્ય જ છે !

**હરિ** હોવાથી તે સત્ છે, '**હરિ**સભાનતા' ચિત્ છે,
હૃદય હોવાતણા ભાને સતત આનંદ નીતરે છે.

હરિઃૐ

## કટોકટીની અણિ વેળા અમલમાં જે મુકાતું છે

**हरि**ને દિલ વરવો જો તમારો દિલ નિશ્ચય છે,
મુખેથી ખાલી બોલ્યાથી ન નિશ્ચિત તે થવાનું છે.

ફળવવાને હૃદય નિશ્ચય જીવનમાં ખંત, ઉદ્યમ ને
-ધીરજ, ઉત્સાહ, હિંમત શાં પથે ત્યાં વાપરેલાં છે !

'નિરાશાની પળે જ્યારે ખબરદારી, ટટારીથી
-ઊભા રહો પહાડના જેવા' શું નિશ્ચય તે ખરો દિલથી !

કટોકટીની અણિ વેળા અમલમાં જે મુકાતું છે,
તહીં મર્દાનગી જો છે, બને છે ચેતનાત્મક તે.

હરિઃૐ

## હરિનો ભાવ રળવાનો અમે વેપાર માંડ્યો છે

અમારી જાતને ખુલ્લી ચરણ સંપૂર્ણ કીધી છે,
અમારામાંનું જે તે કંઈ બધું **હરિ**ને જણાવ્યું છે.

થતું જે જે મનાદિથી અવર કરણેન્દ્રિયોથી જે,
અમે ખુલ્લા દિલે તે તે **હરિ**પદમાં સમર્પ્યું છે.


અમે દેખાઈશું કેવા ન પરવા રજ ધરેલી છે,
બધું સારું અને નરસું કશું પાસે ન રાખ્યું છે.

નિરંતરના સ્મરણ કેરો ઊંડો અભ્યાસ પાડીને,
**હરિ**નો ભાવ રળવાનો અમે વેપાર માંડ્યો છે.

હરિઃૐ

## ખંડ - ૨

# શ્રીસદ્‌ગુરુની ચેતના



જુદું જુદું બધું શિક્ષણ મળ્યું અભ્યાસમાંથી તે,
'સતત અભ્યાસ'ને તેથી શ્રીસદ્‌ગુરુ દિલ માન્યો છે.

હરિઃૐ

## પથે આરંભવા નૂતન જીવન, હુકમ દીધેલો છે

સતત આ દેશની સેવા વિશે કેવો પડેલો જે,
સદા તે ધૂનમાં મસ્ત રહ્યા કરતો હતો પણ તે.

પરંતુ કોઈક સદ્‌ભાગ્યે, અકસ્માતે કરી **एणे**
-વિના જાણ્યા, વિના પરિચય મને બોલાવિયો પાસે.

**हरि** તુજ ઑલિયાએ તે શું આકર્ષણ જમાવીને !
મને તેના પરે કેવો પમાડી મોહ દીધો છે !

કૃપા કરીને મને તેણે હૃદય દીક્ષિત કરેલો છે,
પથે આરંભવા નૂતન જીવન, હુકમ દીધેલો છે.

હરિઃૐ

# બધું મનનું જ માનેલું ખરું તે સાચું ધારેલું

પૂરેપૂરો હતો બુઠ્ઠો, કશી પણ ઊર્ધ્વ જીવનની
-સ્પૃહા ના જાણવાકેરી હતી મુદલ જરા સરખી.

પરંતુ દેશભક્તિની શી ધગધગતી જીવન વિશે
-પ્રજ્વલિત તે ભભૂકેલી પ્રચંડ જ ધૂન હતી ત્યારે !

શું આંધળિયાં કરીને ત્યાં જીવનને ઝંપલાવેલું !
બધું મનનું જ માનેલું ખરું તે સાચું ધારેલું.

શ્રીસદ્‌ગુરુએ છતાં ત્યારે કરી કરુણા ‘જીવન વિશે
ભરેલા રાગદ્વેષ જ છે’, શું દર્શન તે કરાવ્યું છે !

જીવન સેવાતણા ક્ષેત્રે જહીં એવું નિહાળ્યું છે,
અભિમુખતા કૃપાથી ત્યાં **હરિ**પદમાં વળેલી છે.

હરિઃૐ

## ઉમળકો શો હૃદય ત્યારે શ્રીસદ્‌ગુરુને ઊછળતો છે !

જીવનમાં હું હતો કેવો ખરેખર નમારમૂંડો જે !
શ્રીસદ્‌ગુરુએ પ્રયુક્તિથી લીધો ખેંચી કળા કરીને.

જીવનમાં તો બધી રીતે નર્યો ભંગાર જેવો જે,
શ્રીસદ્‌ગુરુએ હવે તેને શું માંડ્યો મઠારવાને છે !

જીવનમાં આગળે ધપવા મને જે જે બતાવ્યું છે,
કરી તે તે બતાવીને, પછી એને નમ્યો ભાવે.

બતાવેલાં નૂતન સાધન બધાં તે આચરી દઈને,
કૃપાથી શો મથેલો તે હૃદય સંતોષ દેવાને !

બહુ બહુ આકરાં સાધન કદીક તેણે બતાવ્યાં છે,
હૃદય તુજ સહાય લૈ લૈને કરી તે તે બતાવ્યાં છે.

શિશુને શો જબરજસ્ત થતો 'મોટો' નિહાળીને
-ઉમળકો શો હૃદય ત્યારે શ્રીસદ્‌ગુરુને ઊછળતો છે !

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુનો જ ડંડો તે ખરેખર ના હતો ડંડો

હતો ઊંઘખોદિયો કેવો ન જેનો ખ્યાલ કોઈને !
**हरि** તુજ ઑલિયાએ ત્યાં મને ડંડો લગાવ્યો છે.

શ્રીસદ્‌ગુરુનો જ ડંડો તે ખરેખર ના હતો ડંડો,
સ્વરૂપ જે મૂર્ત જીવંતું કરુણાનું હતું શું તે !

શું દર્શન માત્રથી તેના હું ચમકેલો બહુ વેળા !
ઊતરવાનું ઊંડું તેથી કૃપાથી શું થયેલું ત્યાં !

લીધેલાં સાધનો વિશે રખાવાને ઊંડો ઊંડો
-હૃદયમાં ભાવ એકાગ્રે, શ્રીસદ્‌ગુરુએ મઠાર્યો છે.

હરિઃૐ

# હૃદયથી ચેતનાત્મક તે પૂરું લક્ષ ધરાવ્યું છે

પ્રમાદી, આળસુ પૂરો જીવન વિશે હતો શો જે !
શ્રીસદ્‌ગુરુએ છતાં પકડી ચરણની પાસ રાખ્યો છે.

શ્રીસદ્‌ગુરુએ બતાવેલું હૃદયની ભાવનાથી તે,
શું અક્ષરશઃ કર્યું પાલન નીડરતાથી ભલી રીતે !

શ્રીસદ્‌ગુરુના હુકમ કેવા ! શ્રીસદ્‌ગુરુની કૃપાથી તે,
વિના સંકલ્પ વિચાર અમે પાલન કરેલા છે.

બધું જે તે થતું તેમાં જીવનના ધ્યેય હેતુનું
-હૃદયથી ચેતનાત્મક તે પૂરું લક્ષ ધરાવ્યું છે.

કદીક જો આડફંટાયા, તહીં ઠોકર લગાડીને
-હૃદય ચેતાવી દેવાને શી ચેષ્ટા **તેં** કરેલી છે !

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુથી થતું જે જે બધું કલ્યાણ અર્થે તે

શ્રીસદ્‌ગુરુએ કદીક કેવો શું ઠપકાર્યો મને ભારે !
ન કહેવાનાં વચન કહીને મને ઊધડો લીધેલો છે.

ગમે તેવું જ બોલીને નીચું ત્યાં જોવરાવ્યું છે,
છતાં પણ સદ્‌ગુરુ પ્રત્યે ચઢેલો રોષ ના દિલ છે.

'શ્રીસદ્‌ગુરુથી થતું જે જે બધું કલ્યાણ અર્થે તે',
હૃદયની ધારણા એવી જીવંતી દિલ મારે તે.

કદીક નરકે સુવાડ્યો છે, શું રાખ્યો સિંહની પાસે !
ગુફામાં બેસરાવ્યો છે શું ધસમસતા જ તે ધોધે !

મહામુશ્કેલ સાધન શાં ચીંધાવીને હુકમ મુજને,
પરીક્ષા શી કરી કરીને જીવનમાં <u>પાસ</u> કીધો છે !
PASS

હરિ:ૐ

# શરીરાતીત સદ્‌ગુરુનું થવા દર્શન ચહેલું છે

શ્રીસદ્‌ગુરુ દિલ જીવંતા ખરા ચેતન સ્વરૂપે તે,
અનુભવવા જ પ્રત્યક્ષે, હૃદયમાં શૌર્ય પ્રગટ્યું છે.

શ્રીસદ્‌ગુરુ સ્થૂળ શરીર ના તે, શ્રીસદ્‌ગુરુ દિલ ન સાચા છે,
'શરીરાતીત સદ્‌ગુરુનું થવા દર્શન ચહેલું છે.'

શ્રીસદ્‌ગુરુનો હૃદય નેડો અમે 'એવો' લગાડ્યો છે,
જીવનના ધ્યેયનું મૂર્ત શ્રીસદ્‌ગુરુનું સ્વરૂપ જે છે.

હૃદય ભક્તિ શું તે અર્થે પૂરેપૂરી લગાડી છે !
હૃદય મૂર્ત સ્વરૂપ ત્યારે શ્રીસદ્‌ગુરુનું પ્રમાણ્યું છે.

હરિઃૐ

## મને ઠપકારી ઠપકારી કંઈક ડહાપણ ઉગાડ્યું છે

શ્રીસદ્‌ગુરુએ મને કેવો જબરજસ્ત જીવન વિશે,
શી બળજબરી કરી કરીને, ગ્રહી કર પકડી રાખ્યો છે !

છતાં ત્યાં બાવડાં, પગને ઉછાળ્યાં મેં કરેલાં છે,
બહુ તોફાન મસ્તી શાં જીવનમાં મેં કરેલાં છે !

છતાં પણ '**તું**' ન બોલ્યો છે, બધું જોયા કરેલું છે,
પછી અણિયાળી આંખે શો મને દબડાવી માર્યો છે !

સીધો રહેવા જીવનમાં તે બરાબર વર્તવા પંથે
-મને ઠપકારી ઠપકારી કંઈક ડહાપણ ઉગાડ્યું છે.

હરિઃૐ

## થવાને ઉન્નયન એને શ્રીસદ્‌ગુરુએ મઠાર્યો છે

હું અણઘડ, સાવ બોથડ ને કશી અક્કલ વિનાનાને
**હરિ**ના ઑલિયાએ શો ગ્રહી કર, પાસ ખેંચ્યો છે !

ન માન્યામાં કદી આવે ચમત્કારિક દર્શન તે
-કરાવીને હૃદય તેને, પદે આકર્ષી લીધો છે.

ભજન, કીર્તન, સ્મરણકેરું કરે પકડાવી સાધનને
-થવાને ઉન્નયન એને શ્રીસદ્‌ગુરુએ મઠાર્યો છે.

શરૂ શરૂમાં જ કેવા તે કરેલા ધમપછાડા છે !
શ્રીસદ્‌ગુરુએ છતાં કેવો ગ્રહેલો સાણસા વિશે !

જીવનનો યજ્ઞ મંડાવી, જીવનના યજ્ઞને વિશે,
જીવનની આહુતિ સઘળી, કૃપાથી દેવરાવી છે.

હરિઃૐ

## હુકમને વર્તવાનો શો હૃદય પાનો ચઢેલો છે !

'હૃદય ચેતેલ સંપૂર્ણ સતત રહેવા જીવનમાં તે',
હુકમ મુજને મળેલો છે, શ્રીસદ્ગુરુનો અકળ રીતે.

હૃદયના જોમથી સઘળી હૃદયની ભક્તિથી કરીને,
હુકમને વર્તવાનો શો હૃદય પાનો ચઢેલો છે !

વિના સંકલ્પ, વિચાર હુકમને પાળવાનો તે,
અમલમાં મૂકતાં હુકમ જીવંતો હેતુ રાખ્યો છે.

જીવનમાં હેતુ વિનાનું કશું વર્તન કરેલું ના,
ભીતર હેતુ લગાડ્યો છે, થતાં કર્મો વિશે જ્યાં ત્યાં.

હરિઃૐ

## **हरि** તુજ ઑલિયાએ શો કરી જાદુ જ ખેંચ્યો છે !

જીવન વ્યવહાર સંસારે પડી ચૂકેલ પૂરો જે,
**हरि**ગમની જીવનમાં તો ગતાગમ પણ નહોતીયે.

નર્યા સંસારી જીવનનું, જીવન જેનું હતું તેને,
**हरि** તુજ ઑલિયાએ શો કરી જાદુ જ ખેંચ્યો છે !

ખરેખર તે સમય મુજને **हरि** જીવન પરત્વેની
-પડી નહોતી જરા સરખી, શું ગોદાટ્યો છતાં એણે !


કરાવી ગડમથલ મુજને, જીવનમાં પ્રશ્ન ઉપજાવી,
મને વિચારતો કેવો કરી મૂક્યો મનાદિથી !

સતત ગોદાટી શી કીધી ! **हरि** જીવનમાં પ્રેરાવા,
મથાવ્યા શું કરી ઊંડું ! રસાવ્યો તે કૃપા લીલા.

હરિઃૐ

# ખંડ - ૩

# જીવનસાધનાનું ચણતર



જીવનમાં રાગ ને દ્વેષ ભયંકર શા લૂંટારા છે !
ઊંધા પંથે ચઢાવીને બધી લક્ષ્મી લૂંટી લે છે.

હરિ:ૐ

# બધું કામ નીપેટાવા જીવંતું લક્ષ રાખ્યું છે

જીવનચણતર થવા કાજે ઊંડા પાયા જ ખોદીને,
બધી ચણતરની સામગ્રી તહીં તૈયાર કીધી છે.

વળી નકશા પ્રમાણેનું થતું ચણતર રહેલું જે,
છતાં તેમાંય તો ખામી અને દોષ થયેલા છે.

પૂરેપૂરું યથાયોગ્ય બધી સંભાળ રાખીને,
બધું કામ નીપેટાવા જીવંતું લક્ષ રાખ્યું છે.

જીવનને **આ હરિ** મંદિર થવા, કામ ઉપાડ્યું છે,
અનંત દિલ ઉત્સાહ ધરીને હું બઢેલો જે.

હરિઃૐ

## પૂરા લાગી પડેલા, શા અમે કામે ઉમળકાએ !

જીવનચણતરનું **આ** કર્મ ખરેખર ભવ્ય અદ્ભુત છે,
શરૂ કરવાથી શા દિલમાં ઉમળકા, કોડ વ્યાપ્યા છે !

મનોરથ ભવ્ય તે કાજે હૃદયમાં ઊભળેલા છે,
અમારે દિલ આનંદતણી સીમા રહી ના છે.

બધું જે જોઈતું તે તે તહીં તૈયાર કરવાને
-પૂરા લાગી ગયેલા શા ! પ્રમાદ કંઈ ન સેવ્યો છે.

પછી ખાઈખપૂસીને **હરિ** મંદિર ચણાવાને,
પૂરા લાગી પડેલા, શા અમે કામે ઉમળકાએ !

હરિઃૐ

## ઊછળતો દિલ ઉમળકો મનાદિ પાર પહોંચે છે !

નૂતન ચણતર અને ઘડતર જીવનનું તે થવા કાજે
-હવે લાગી પડેલો છું, પૂરા તે કામમાં ખંતે.

'કંઈક ત્યાં ખોડખાંપણ ના, કંઈક ના ખામી રહેવાને,
અયોગ્ય ના કશું પણ રહે', તકેદારી શી રાખી તે !

જૂનાને સર્વ બદલાવી, નવી રચના કરી કરીને,
નવો આકાર આપીને નવું ઘડતર થયેલું છે.

નિહાળાતાં નિહાળાતાં જીવનઘડતરની શોભાને,
ઊછળતો દિલ ઉમળકો મનાદિ પાર પહોંચે છે.

હરિઃૐ

## અદબ, ભક્તિ હુકમકેરી અમે દિલથી નવાજી છે

જીવનમાં પ્રેરણાને મેં મળ્યો હુકમ ગણેલો છે,
વિના સંકલ્પ વિકલ્પ હુકમપાલન થયેલું છે.

હુકમ એ પ્રેરણા દેશ અનોખો દિવ્ય અદ્ભુત છે,
ખબરદારી, ટટારીથી હુકમને દિલ પિછાન્યો છે.

હુકમને પાળવા કાજે જીવન તેવી ભૂમિકાને
-પૂરી તત્પર થવાકેરી અમે તૈયારી કીધી છે.

હુકમ મળતાં જ તે વેંત, હુકમના ભાવની રીતે
-બધુંયે હોડમાં મૂકી, તુરત ત્યાં ઝંપલાવ્યું છે.

હુકમને સદ્ગુરુ જાણી, હુકમને શિર ચઢાવીને
-અદબ, ભક્તિ હુકમકેરી અમે દિલથી નવાજી છે.

હરિઃૐ

## અને એ ભેખને લાયક કૃપાએ તો રખાવ્યો છે

જીવનનો ભેખ શો અમને કૃપાએ લેવરાવ્યો છે !
અને એ ભેખને લાયક કૃપાએ તો રખાવ્યો છે.

સતત એ ભેખની સાન જીવંતી રાખવા હૃદયે
-જીવંતું લક્ષ ને ભાન મથી મથીને ધરાવ્યું છે.

જીવનના ભેખની સાન ભૂલેચૂકે ચૂક્યા ના જે,
જીવંતી તે બઢવવાને અમે ગગને ઊડેલા જે.

રહ્યા શું પૃથ્વી પર પગ જે ! છતાં આકાશ ઊડીને
-તહીં શા ચેતના વિશે વિહરવાને મથેલા જે !

હરિઃૐ

## જીવનમાં ભાવનો જુસ્સો બઢંતાં, કંઈક ભાગ્યા છે

જીવનમાં રાગ ને દ્વેષ ભયંકર શા લૂંટારા છે !
ઊંધા પંથે ચઢાવીને બધી લક્ષ્મી લૂંટી લે છે.

ઉપરથી ખોખરા કરીને જીવન નખ્ખોદ વાળે છે,
છતાંયે નિત્યના સાથી જીવનમાં ઓતપ્રોત જ તે.

જીવનથી પાડવા નોખા બહુવિધ જે મથાયું છે,
જીવનમાં ભાવનો જુસ્સો બઢંતાં, કંઈક ભાગ્યા છે.

કંઈક ભાગી જઈ દૂર તે વળી પાછા શું આવ્યા છે !
અને પેસી જઈ અંદર શું પાછી લૂંટ ચલવી છે !

હરિઃૐ

# હરાયા ઢોરની પેઠે જીવન ભેલાણ કરતા છે

‘જીવનને રાગ ને દ્વેષ શું અસ્તવ્યસ્ત કરી દે છે !
હરાયા ઢોરની પેઠે જીવન ભેલાણ કરતા છે.’

મને તેનું કૃપા કરીને બધું દર્શન કરાવ્યું છે,
અનેકે વાર એ રીતે મને ચેતાવી દીધો છે.

ભયંકર શા સકંચામાં હું રાગદ્વેષના જીવને
-ફસાઈને પૂરો પાછો થયો બેભાન કેવોયે !

વળંતાં કળ પછી કેવો થઈ ઊભો લૂંટારાનો
-હું કરવા સામનો પૂરતો, મહાસંગ્રામ માંડ્યો છે !

હરિઃૐ

## કૃપાની કેવી બલિહારી ! તરંગોથી ખસેડ્યો છે

તરંગો શા જુદા જુદા જીવનમાં સેવતા રહીને
-કહીંના કહીં જ ભટકાયા ! ઊંધું ત્યાં વેતરાયું છે.

કદીક તો હાડકાં કેવાં થયેલાં ખોખરાં ત્યાં છે !
છતાં એ તરંગ મનસૂબાતણો ના છાલ છોડ્યો છે.

સૂકું જે હાડકું શ્વાન નકામું ખાલી કરડીને
-ખરેખર લોહીથી નિજના હૃદય સંતોષ માને તે.

કૃપાની કેવી બલિહારી ! મને એવી પ્રતીતિ જે
-હૃદય પ્રગટાવીને ઊંડી, તરંગોથી ખસેડ્યો છે.

હરિઃૐ

## મને એણે જ સળગાવી મૂક્યો કેવો હતો હૃદયે !

જુદાં જુદાં કંઈક સ્વપ્નાં જીવનમાં ઉદ્‌ભવેલાં છે,
અમે તેમાં જ રાચીને સમય એળે ગુમાવ્યો છે.

જીવનમાં કોઈક વેળાએ અમે તે સ્વપ્નની રીતે
-જીવન જીવતા હતા ત્યારે, હૃદયમાં લાત વાગી છે.

હૃદય ભડકો જ ઓચિંતો શું અથડામણથી લાગ્યો જે !
-મને એણે જ સળગાવી મૂક્યો કેવો હતો હૃદયે !

જીવન જે સ્વપ્નમાંનું છે પૂરું ઉગારવા તેને
-સમજપૂર્વકના આદર્શે ખરેખર દિલ મથાયું છે.

હરિઃૐ

## પૂરું સમારવાને તે થયેલો સજ્જ દિલ ત્યારે

જીવનમાં આમથી તેમ ગુલાંટો ખૂબ ખાધી છે,
કશું ઠેકાણું કોઈ રીતનું જીવનમાં તો રહ્યું ના છે.

'પછીથી કોણ જાણે શી રીતે ઓચિંતી જીવનમાં
-ઊથલપાથલ કરી નાખે' પડેલી ફાળ એવી ત્યાં.

ભયંકર ધ્રાસકો ત્યારે જીવનમાં શો પડેલો છે !
પૂરું સમારવાને તે થયેલો સજ્જ દિલ ત્યારે.

ઊંડાં મૂળિયાં તપાસાવા શી બુદ્ધિ કામ લાગી છે !
ઊતરી ઊતરી ઊંડે ત્યારે શું પૃથક્કરણ થયેલું છે !

પરત્વે તે યથાયોગ્ય કરી કરી તે પ્રમાણેનું
પછી સોંપી દઈ પદ તે, નિરાંતે શો સૂતેલો હું !

હરિઃૐ

## જીવનનું તત્ત્વ અનુભવવા સતત હરિએ મથાવ્યો છે

જીવનમાં ચાલી ચાલીને બહુ જ થાકી ગયેલો જે,
પથે અધવચ તહીં મૂરખે અડિંગા શા લગાવ્યા છે !

કદીક અટકી પડેલો છું, કદીક ઠોકર શી ખાધી છે !
પથે લથડી પડેલાને, સ્તવંતાં સહાય પ્રેરી છે.

બહુ વેળા ભૂલેલાને પથે પાછો ચઢાવીને,
સીધો કેવો રખાવીને, જીવન પાઠો ભણાવ્યા છે !

નૂતન નૂતન ભણી ભણીને, નૂતન પગલાં શું પાડીને !
જીવનનું તત્ત્વ અનુભવવા સતત **હરિ**એ મથાવ્યો છે.

હરિ:ૐ

## ગરીબીના જ સાધનથી ચરણની ભક્તિ લાધી છે

શી કેટકેટલી ગરીબી જે જુદી જુદી તરેહની છે !
જીવન સંશોધવા અર્થે ગરીબીને સ્વીકારી છે.

ગરીબી જે મળી સ્થૂળ જીવનના સૂક્ષ્મ દેશે તે
-હૃદય કેળવણી લેવાને, અમે સાધન ગણેલું છે.

મળેલું સ્થૂળ તે સાધન જવા સૂક્ષ્મે ખરેખર છે,
અમારી તે ગરીબીનું અમે તે રીત પ્રમાણ્યું છે.

ગરીબીના જ સાધનથી ચરણની ભક્તિ લાધી છે,
ગરીબીથી મળેલું સૌ, શી બડભાગી ગરીબી છે !

હરિઃૐ

## અગાડી ને અગાડીનાં જીવનધ્યેય અનોખાં છે

શી લાચારી બહુ રીતની જીવનમાં ભોગવેલી છે !
છતાં તેના વિશે દિલમાં ન કંટાળો ઊગેલો છે.

ગરીબીમાંથી ઊગરવા હૃદય નિશ્ચય થયેલો જે,
ફળવવા હેતુ અર્થે તે જીવન જે તે સહેલું છે.

સહેવાનું થતાં નિશ્ચયતણી શી ધારણા રહી તે !
અમે મુશ્કેલ સંજોગો વિશે તેથી જીવ્યા છીએ.

શરૂનું ધ્યેય જુદું તે, પછીનું ધ્યેય જુદું છે,
અગાડી ને અગાડીનાં જીવનધ્યેય અનોખાં છે.

હરિઃૐ

# મનન ચિંતવન થતું રહેતાં, સમજ તેની ઊગે નિશ્ચે

સમજદારી જીવન વિશે જીવનની ના કશી મુજને,
છતાં પણ હોડ ભીડી છે જીવનને મેં સમજવાને.

જવું છે જે વિશે તેમાં સતત બસ તેનું તે વિશે
-મનન ચિંતવન થતું રહેતાં, સમજ તેની ઊગે નિશ્ચે.

વિષયની દિલમાં જ્યારે સમજ પડવા જ લાગે છે,
જીવનમાં તેથી વિશ્વાસ જતો બેસી શું લાગે છે !

જીવનમાં તેથી તો આગળ અને આગળ જવા વિશે,
ગરુડની પાંખના જેવો નૂતન ઉત્સાહ વ્યાપ્યો છે.

હરિઃૐ

## અને એકાગ્રતાનાયે તબક્કા શા જુદા પણ છે !

જવા આગળ, જવા આગળ મને જે ભાન ફૂટ્યું છે,
બધું અભ્યાસના બળનું પરિણામ જ ખરેખર તે.

થતો અભ્યાસ ઊંડો જ્યાં પડે રસ દિલ તે વિશે,
પછી અભ્યાસની શક્તિ ઊંડેરી ભવ્ય ઝબકે છે.

પછી અભ્યાસ શક્તિથી હૃદય એકાગ્રતા જામે,
અને એકાગ્રતાનાયે તબક્કા શા જુદા પણ છે !

થતી એકાગ્રતા જ્યારે હૃદય સંપૂર્ણ જીવનમાં,
પછી કેંદ્રિતતા વારો સહજ પ્રગટે જ જીવનમાં.

હરિઃૐ

## અનેકે આંચકાઓથી જીવન આ ખળભળેલું છે

જીવનમાં આંચકા કેવા બહુ વેળા જ લાગ્યા છે !
છતાં હું એવો ને એવો રહ્યો **મૂળે** કરેલો જે.

પ્રથમ તો આંચકાથી તે ગયું લાગી હતું ભારે,
અજંપામાં પડાઈને શી અકળામણ થયેલી છે !

અનુભવ આંચકાથી તો ઊંડું વિચારી તે વિશે
-ઊતરી ઊતરી, તપાસીને, ઊંડાં મૂળિયાં જ શોધ્યાં છે.

અનેકે આંચકાઓથી જીવન **આ** ખળભળેલું છે,
રહસ્ય આંચકાઓનું મને તેમાંથી લાધ્યું છે.

હરિ:ૐ

## રહસ્યો એક પછી એક નૂતન નૂતન મળે શાં જે !

નિરક્ષર શો જીવન વિશે પૂરેપૂરો હતો નિશ્ચે !
હવે અક્ષર વિશે ઊંડો ઊતરવાને મથેલો તે.

સતત અક્ષરતણી ઊંડી, જીવનની સાધના વિશે,
લગાતાર રહ્યા કરીને, પ્રવેશાયું ઊંડું દિલ જે.


ઊંડે ઊંડે, હજી ઊંડે, અને તેનાથીયે ઊંડે
-પ્રવેશાતું ગયું જેમ, રહસ્ય ખૂલતું થયું છે.

રહસ્યો એક પછી એક નૂતન નૂતન મળે શાં જે !
નૂતનની હારમાળાથી થવાયું મુક્ત પછીથી તે.

હરિ:ૐ

# ખંડ - ૪

# શૂન્યના વિસર્જનમાંથી સાધનાનું સર્જન



હૃદય જાગેલ સંપૂર્ણ શું તેને કર્મ પ્રગટે છે
–અનુપમ યોગ્ય કૌશલ્ય ! પ્રભાવ જ ભાવનો શો તે !

હરિઃૐ

## જગતમાં ક્યાંય ધણીધોરી ગરીબનું કોઈ પણ છે ના

કદીક 'ટણપો' વળી 'ભોટ' મને સંબોધી તે રીતે,
બધાં વચ્ચે મને કેવો ઉતારી સાવ પાડ્યો છે !

ગરીબનું સાવ અપમાન કરંતાં, કોઈનું જગમાં
-જરા સરખું ભૂલેચૂકે કશું ના ડંખતું દિલમાં.

ગરીબને ભાંડતાં કોઈને કદી ના આંચકો લાગે,
વ્યવસ્થાતંત્ર ચક્કીમાં ગરીબ પિલાઈ જાયે છે.

જગતમાં ક્યાંય ધણીધોરી ગરીબનું કોઈ પણ છે ના,
**હરિ**પદ નાખવા ધા પણ ગરીબને તેય સૂઝે ના.

હરિઃૐ

## હૃદય પ્રગટાવવાનો શો કૃપાથી યજ્ઞ માંડ્યો છે !

ગરીબાઈ વિશે કેવું અવરનું કામ કરી કરીને !
બધાંનો પ્રેમ મેળવવા અમે જે તે કરેલું છે.

ચીંધેલા સર્વના ધક્કા અમે ખાધા કરેલા છે,
અને તે કાળના લોકો હજી સંભારતા સૌ તે.

અમારી યાદ મીઠી જે બધાંનાં દિલમાં જે છે,
જીવનની તે કમાણીનું હૃદય ગૌરવ અમોને છે.

**હરિ**નામાં જીવન જીવવા, **હરિ**ને મૂળ સ્વરૂપે જે
-હૃદય પ્રગટાવવાનો શો કૃપાથી યજ્ઞ માંડ્યો છે !

હરિઃૐ

## જીવનમાં તેથી તો ઊઠવાપણું મુજથી થયેલું છે

જીવનમાં કેટલી મોટી શી મૂર્ખામી થયેલી છે !
છતાં દિલમાં કશું ઊંડું ન લાગેલું જ તે વિશે.

જીવનમાં સાવ બેફામપણે વર્તેલ જ્યાં ત્યાં હું,
છતાં ના અયોગ્યતાકેરું કશુંયે ભાન સ્ફુરેલું.

‘પરંતુ આફતો, વિઘ્નો, પથે મુશ્કેલી આવીને
-કરી વિચારતો મૂક્યો’, કૃપા સાક્ષાત્ **હરિ**ની જે.

કૃપાના કંઈક ધક્કેલા જીવન એવા મળેલા છે,
જીવનમાં તેથી તો ઊઠવાપણું મુજથી થયેલું છે.

હરિઃૐ

## કૃપાએ કેવી કેવી દિલ મને ગોદાટી કીધી છે !

જીવનમાં કંઈક ઉધમાતો ન ગમતા પણ થયેલા છે,
છતાં તેનો ન પસ્તાવો જરા સરખો થયેલો છે.

**हरि**ની કેટલી મોટી કૃપા ! જેણે ફરી ફરીને
-મને ઊથલાવી ઊથલાવી નીરખતો દિલ કીધો છે.

પરંતુ કેટલીક વાર અવળચંડું સૂઝેલું છે,
જીવનમાં તે પ્રમાણેનું ઊંધું વર્તન થયેલું છે.

કૃપાએ ત્યાં મને કેવી હૃદયમાં આગ ચાંપીને !
ઊના ઊના અગન લાળા હૃદય પ્રગટાવી દીધા છે.

જીવનમાં કેટલી વાર હૃદય ચેતાવવાને તે,
કૃપાએ કેવી કેવી દિલ મને ગોદાટી કીધી છે !

હરિઃૐ

# તટસ્થ, સ્વસ્થ સંપૂર્ણ રહેતાં શીખી શીખીને

શી કેટલીયે બહુવિધની પડી પંચાત જીવન જે,
ગયા આવરાઈ વિના ત્યાં ન તેને સાથ દીધો છે.

છતાં છાંટા ઊડ્યા વિના ન તેના તો રહેલા છે,
છતાં ત્યારેય દિલ શાંત મથાયું છે રહેવાને.

તટસ્થ, સ્વસ્થ સંપૂર્ણ રહેતાં શીખી શીખીને,
જીવન ઉપયોગ તે લેવા કૃપાથી યત્ન કીધા છે.

કૃપાથી એક વાર જ જે ઊગેલું શીખવાનું તે,
યથાયોગ્ય રીતે તેને ગ્રહી લેવા સ્વીકાર્યું છે.

હરિ:ૐ

# સતત બસ નિજમાં મસ્ત રહેવા લક્ષ એનું છે

જીવનમાં જાળ માયાની જબરજસ્ત બહુ રીતની,
ન સૂઝવા સત્ય કદી પણ દે, કંઈકનું કંઈક બતલાવે.

નજર જોયેલ પ્રત્યક્ષ, પરંતુ તેનો સંપૂર્ણ
-ન જાણ્યો હેતુ જો યોગ્ય, બધાં અનુમાન મિથ્યાં છે.

પરંતુ દિલનો સાચો ખરો શ્રેયાર્થી જીવનનો
-કશું ના તોલવા બેસે, કશું ના માનવા બેસે.

ન ઇંતેજારી એને છે, ન અડબડિયાં જ મારે તે,
સતત બસ નિજમાં મસ્ત રહેવા લક્ષ એનું છે.

હરિઃૐ

## છતાં સંસારનો હેતુ નકામો ના જીવન વિશે

જીવન સંસારની ભઠ્ઠી વિશે શેકાઈને કેવું
-નકામું થઈ ગયેલું જે ! હવે સ્પષ્ટ જ જણાયું છે.

છતાં સંસારનો હેતુ નકામો ના જીવન વિશે,
પછી તારતમ્ય તેનું તે તપાસાવા મથાયું છે.

મને સંસારમાં કેવાં શું હડસેલાં મળેલાં છે !
અને તેમાંથી શીખવાનું કૃપાથી દિલ થયેલું છે.

શું સંસાર ચીલામાંથી ઉપરવટ દિલ થવાવાને !
કૃપાથી જે મથાયું છે, પછી સંસાર જુદો છે.

હરિઃૐ

# છતાં પણ ચાલવાકેરી મૂકી દેવાઈ ના લત તે

શરૂ શરૂમાં બરાબર તો થયું ના ચાલવાનું તે,
બહુયે વાર હેઠો શો પડેલો છું જીવન વિશે !

ઢીંચણ પણ ખૂબ છોલાયા, કદીક ત્યાં ખૂબ વાગ્યું છે,
છતાં પણ ચાલવાકેરી મૂકી દેવાઈ ના લત તે.

'શું નૈસર્ગિક સહજ એવો ઊંડો આવેશ જીવનનો !',
હૃદય પ્રગટેલ, તેણે તો મૂકી દીધો ન છે કેડો.

ન આ કંઈ કાલ્પનિક વાતો નિવેદ્યાં તે પ્રમાણેનું,
કરેલું શબ્દશઃ વર્તન, બધું જોનાર આજે છે.

હરિ:ૐ

## કૃપાથી બુદ્ધિ જાગી શી ! જીવન ઉષા શી પ્રગટી છે !

વિના દૃષ્ટિ, વિના હેતુ હું અથડાયા કરેલો જે,
જીવનના કોઈ જ તારતમ્યતણો વિચાર નહોતોયે.

અકસ્માતે શું ઓચિંતો શિરે ડંડો પડ્યો જ્યાં છે !
શું આગળ પાછળે જોવાતણું ત્યાં ભાન જાગ્યું છે !

ઊંડું ઊંડું જીવન વિશે જીવનને ત્યાં સમજવાને
-કૃપાથી બુદ્ધિ જાગી શી ! જીવન ઉષા શી પ્રગટી છે !

પછી અજવાળું જીવનમાં કૃપાથી ત્યાં પડેલું છે,
'કઈ રીતનું જીવન જીવવું' હવે તે ઝાંખી શી થઈ છે !

હરિઃૐ

## નૂતન નૂતન જીવન માર્ગ મળ્યા કેવો કર્યો મનથી !

સમજ પડતાં, સમજ પડતાં બહુ ત્યાં વાર લાગી છે,
મથ્યા કેડે બહુ બહુ દિલ, સમજની બુદ્ધિ જાગી છે.

સમજની તે પ્રમાણેનું થતાં વર્તન જીવન વિશે,
**हरि** પ્રત્યેનું આકર્ષણ બઢંતાં, યોગ્ય માન્યું તે.

થતા અભ્યાસમાં હૃદયે ઊંડી એકાગ્રતા બનતાં,
હૃદયમાં પ્રેરણાકેરો થતો છે માર્ગ ખુલ્લો ત્યાં.

પછીથી તો જીવન વિશે સ્ફુરંતી પ્રેરણાઓથી,
નૂતન નૂતન જીવન માર્ગ મળ્યા કેવો કર્યો મનથી !

હરિઃૐ

## સતત બસ ધ્યેયનું ચિંતવન હૃદય એકીટશે ચાલે

જીવન જીવતાં, જીવન જીવતાં, હું બેસાવધપણે એને
-જીવ્યા કરતો હતો, એનું કૃપાથી ભાન જાગ્યું છે.

જીવન આદર્શ જાગીને, જીવન ધ્યેય પરત્વે જે
-પ્રગટતી સભાનતા ચાલી, મહદ ઉપકાર **હરિ**નો તે.

જીવનના નિમ્ન જીવનની બધી જે લાલસાઓ છે,
જિવાતાં તે બધાં વચ્ચે છતાં ત્યાં જ્યોત સળગે છે.

સતત બસ ધ્યેયનું ચિંતવન હૃદય એકીટશે ચાલે,
હૃદયમાં જ્યોત **શ્રીહરિ**ની શી એને મેં ગણેલી છે !

હરિઃૐ

## ફરી ફરી દિલમાં કેવો મને ચેતાવી દીધો છે !

બધું અગડં વળી બગડં જીવનમાં તો થયેલું છે,
છતાં શો ચેતવા વારો કૃપાએ બક્ષી દીધો છે !

જીવનમાં ચેતી ચેતીને બધાં ડગ તો ભરાયાં છે,
છતાં તોયે જીવન વિશે કદીક ભૂલથાપ ખાધી છે.

કૃપાનો કેટલો મોટો, મહદ ઉપકાર મુજ પર કે
-ફરી ફરી દિલમાં કેવો મને ચેતાવી દીધો છે !

હૃદય ચેતેલ સંપૂર્ણતણી જે જાગ્રતિ શી જે !
ભૂલેચૂકે કદી આડો જવા દીધો ન એણે છે.*

* રાત્રે દમના હુમલા વખતે લખાયેલું ભજન.

હરિ:ૐ

## કદી ના એકનું એક જ કશું ભણવાનું આવ્યું છે

અમારે નિત્ય ભણવાનું નૂતન નૂતન શું આવે છે !
કદી ના એકનું એક જ કશું ભણવાનું આવ્યું છે.

ભણ્યા જે આજ તેમાંથી નૂતન નૂતન શીખી લઈને,
ભૂલી જઈ તે, નવું પાછું હૃદય શીખવાનું ધાર્યું છે.

પરંપરા અનેકે શી જીવન શિક્ષણની એવી જે !
થવા અનુભવ જીવનકેરો કૃપાથી તે મળેલી છે.

અમારે તો નકામું ના કશું કંઈ પણ જીવનમાં છે,
બધે જેમાંથી તેમાંથી **हरि** શિક્ષણ મળંતું છે.

હરિઃૐ

## નૂતન નૂતન ભરેલાં છે અમે ડગલાં જીવન વિશે

જીવનમાં કેટલીક વાર ભણી પાછો ભૂલેલો છું,
ફરીથી એકડે એક શું ઘૂંટવાનું જ રાખ્યું છે !

શીખ્યાથી એક, પછી બગડો, નજર પ્રત્યક્ષ આવ્યો છે,
ત્રીજું ડગલું જ ભરવાને ઉપાડ્યો પગ પછીથી છે.

નૂતન નૂતન ભરેલાં છે અમે ડગલાં જીવન વિશે,
કદીક કોઈક ડગલામાં ઊંધુંયે વેતરાયું છે.

કરુણાળુ **હરિ** કેવો મને તેવો જગાડીને !
નૂતન તારતમ્ય જીવનનું તહીં દર્શાવી દીધું છે.

હરિઃૐ

## શું કર્માતીત જીવનમાં થવાને આગ લાગી છે !

જીવનમાં **તેં** વગર મોતે મને શું મારી નાખ્યો છે !
ઊગરવા તો મને વારો ખરેખર તેથી પ્રગટ્યો છે.

'મળ્યું જે જે જીવનમાં તે થયેલાં કર્મનું તે તે
-પરિણામ જ શું નિશ્ચે તે !' કૃપાથી તે પ્રિછાયું છે.

મળંતાં કર્મમાં છાપ થયેલાં કર્મની નીરખી,
હાવાં સાવધ થઈ કર્મ યથાયોગ્ય કરેલું છે.

શું કર્માતીત જીવનમાં થવાને આગ લાગી છે !
ફળવવા તે જીવન જુદાં જુદાં સાધન થયેલાં છે.

હરિઃૐ

## હું જાગ્યો ત્યારથી કેવું પડેલું સવાર જાણ્યું છે !

જીવન સંસારનાં કર્મે પૂરો સાવધ રહ્યા કરીને
-બધાં કર્મો કરેલાં છે, છતાં ના અર્થ તેનો છે.

નકામું પાણી તે કેવું વહી ખાલી ગયેલું છે !
કશું ઉપયોગમાં પણ તે જરા સરખું ન આવ્યું છે.

હવે શાં મારવાં વલખાં નકામાં અર્થ વિનાનાં ?
હું જાગ્યો ત્યારથી કેવું પડેલું સવાર જાણ્યું છે !

હૃદય જાગેલ સંપૂર્ણ શું તેને કર્મ પ્રગટે છે
-અનુપમ યોગ્ય કૌશલ્ય ! પ્રભાવ જ ભાવનો શો તે !

હરિઃૐ

## બધાંમાં મેળ પાછો શો જીવન એકત્વ વિશે છે !

જીવનમાં જામતાં રંગ, હૃદય પાનો ચઢેલો છે,
અનુભવથી પિછાનીને અમે તે સાચું માન્યું છે.

બધી સ્થિતિતણાં લક્ષણ પિછાનીને, અનુભવીને
-જીવનની પરત્વેનું જે તે પછી તે તે પ્રમાણ્યું છે.

પરંપરા અનુભવની શી એક એકથી જુદી તે છે !
બધાંમાં મેળ પાછો શો જીવન એકત્વ વિશે છે !

**હરિ**નો ભાવ જીવંતો બઢંતો જ્યાં ગયેલો છે,
'બઢેલો સાધનામાં હું' પછીથી દિલ માન્યું તે.

હરિઃૐ

# નૂતન સર્જાવવા તાને વિરમતું જૂનું લાગે છે

'કદી મેં માન્યતાની પર કશો ના ઝોક દીધો છે,
વળી સમજણ, મતાગ્રહથી લદાઈ ના ગયેલો જે.

'જીવનનાં રીતરસમ, ટેવ કંઈ જે પૂર્વગ્રહથીયે
-પૂરું બંધાઈ જવાયે ના', શું એવા યત્ન કીધા છે !

ચીલા જે જે જીવનકેરા જૂના જૂના પડેલા જે,
સકળ વેશ જૂના જે સૌ ફગવવા યત્ન કીધા છે.

નૂતન સર્જાવવા <u>તાને</u> વિરમતું જૂનું લાગે છે,
ધૂને
**હરિ**પદ તેથી તો ભક્તિ શી તેજીલી બનેલી છે !

હરિ:ૐ

# જીવનના ધ્યેયને મૂર્ત થવા, પગલાં ભરેલાં છે

સતત બસ એકના એક જ ઊંડા અભ્યાસમાં મન ને
-બીજાં કરણો પરોવીને, **हरि**ની ભક્તિ કીધી છે.

બીજાં સાથે જીવનમાં મેં કશો વ્યવહાર સરખોયે
-મનાદિથી ન રાખ્યો છે, ભજન વેપાર ચાહ્યો છે.
ભજન વ્યવહાર ધાર્યો છે.

જવું જે ગમ હૃદય ઊંડા, ઊંડા નિશ્ચયથી ધાર્યું છે,
પછી ડાફરિયાં બીજે તે શકાયે મારી શી રીતે ?

ધગશ, ઉત્સાહ ને ઉદ્યમ, ધીરજ, ખંતે કરી કરીને
-જીવનના ધ્યેયને મૂર્ત થવા, પગલાં ભરેલાં છે.

પથે હાર્યો, કદીક તોયે ન મનથી હાર ખાધી છે,
સતત લઢવા વિશે કેવાં મનાદિને પરોવ્યાં છે !

હરિ:ૐ

## જીવનમાં ચાલતાં કેવો પછીથી વેગ પ્રગટ્યો છે !

જીવનમાં ચાલતાં કેવો પછીથી વેગ પ્રગટ્યો છે !
અને તે વેગનો જુસ્સો શું અપરંપાર જાગ્યો છે !

હૃદયમાં ભાવનાં મોજાં ગિરિ સમ મસ્ત ઊછળે છે,
મળે તેને પૂરેપૂરું દઈ ભીંજવી પલાળે છે.

જીવનમાં શા અનુભવ મેં હૃદય તેવા પ્રકારેયે
-અનુભવતાં, અનુરાગ **हरि** પર દૃઢ થયેલો છે.

નિરંતરનું સ્મરણ મેળે થઈ ના તે ગયેલું છે,
તબક્કા યોજનાકેરા જીવનમાં શા ઘડાયા છે !

હરિઃૐ

# બધાંનું મૂળ ચેતન છે, સતત અસ્તિત્વ જેનું છે

શું કેટકેટલાં કેવાં ! જીવન મૂલ્યાંકનો જે જે
-સમય, સમયે વહેતાં શાં જતાં બદલાઈ લાગે છે !

વિહંગાવલોકને પાછળ જીવન જોતો રહેલો જે,
અનેકે વાર મૂલ્યાંકન નૂતન નૂતન શું પ્રગટ્યાં છે !

કશું સ્થાયી જગતમાં ના, જુદા જુદા તબક્કાનું
-જીવન પણ જુદું જુદું શું ! **हरि** એકમાત્ર નિત્યેનો.

બધાંનું મૂળ ચેતન છે, સતત અસ્તિત્વ જેનું છે,
જીવન તો એકધારું છે, ન બદલાતું કદી પણ તે.

બધા સંસારનું એવું સ્વરૂપ તો ના કદી પણ છે,
છતાં સંસારને જે તે ભજ્યાં દિલમાં કરે શાં તે !

હરિ:ૐ

## છતાં ત્યારે ઝનૂન દિલમાં હતું શું દેશ ભક્તિનું !

રવડતો હું હતો કેવો ! જીવનમાં ભાન વિનાનો,
છતાં ત્યારે ઝનૂન દિલમાં હતું શું દેશ ભક્તિનું !
દેશ સેવાનું !

બધી યોજેલ જીવનની ખરેખર યોજનાઓને
-મૂકી નેવે, પડ્યો નીકળી રણાંગણમાં ઝઝૂમવાને.

પડેલો દેશ સેવામાં પરંતુ ત્યાં કૃપાએ તો,
રમંતાં કંઈક કૂંડાળાં બતાવ્યાં રાગદ્વેષ જ નાં.

અભિમુખતા કૃપાથી ત્યાં ફરી ગઈ છે ચરણ કમળે,
અનુભવવા પછી કેવો ડૂબેલો સાધના વિશે !

હરિ:ૐ

# બધી રીતે સજ્જ થઈ જઈને, જીવંતી જાગ્રતિ થઈ છે

શરૂ શરૂમાં અમે સાવ બહુ નાનકડી મૂડીથી,
ગણતરી સર્વ બાજુથી, કરી વેપાર માંડ્યો'તો.

નફો રળવાતણી કેવી ધગશ દિલમાં હતી ભારે !
બહુ દિલ સાવચેતી ત્યાં ધરંતાં, ખોટ ખાધી છે.

ઊંડો ફટકો સહી લેતાં નીચે ત્યાં આભ ઊતરીને,
શું ઉલ્કાપાતથી કેવો વિચારમગ્ન કીધો છે !

પછીથી સાવધાની તો પૂરેપૂરી ધરાવીને
-બધી રીતે સજ્જ થઈ જઈને, જીવંતી જાગ્રતિ થઈ છે.

હરિઃૐ

## જીવનને ફેરવી કેવું નૂતન રીતથી સજાવ્યું છે !

જીવનમાં ભાવતું જે જે શું છોડાવી નખાવ્યું છે !
જીવનને ફેરવી કેવું નૂતન રીતથી સજાવ્યું છે !

નૂતન જીવનતણો દિલમાં પડ્યો અભ્યાસ જીવંતો,
પરંતુ ત્યાં નૂતન નૂતન નવાં દર્શન થતાં રહે સૌ.

નૂતન મૌલિક પળપળ શું ! પ્રકાશ જ શો નૂતન પાછો
-કળા, સૌંદર્યથી ભરપૂર ! અનુભવનાં જ લક્ષણ સૌ.

બધું હોવા છતાં એક જ, છતાં ના તેનું તે રહે તે,
બધું હોવા છતાં એક જ, નૂતન પાછું સ્વરૂપે તે.

હરિઃૐ

## થતાં ભૂલો, અમે તેની ન બરદાસ્ત કરેલી છે

થતાં ભૂલો, અમે તેની ન બરદાસ્ત કરેલી છે,
છતાં પાછું ન તે વિશે ઊંડું ઝાઝું વિચાર્યું છે.

થતી ભૂલમાંથી જીવનનું નવું શિક્ષણ ગ્રહી લઈને,
પછી ચણતર નૂતન નૂતન અમે ચણવા શું માંડ્યું છે !

પથે રચના વ્યવસ્થાનો શું ગોટાળો થયેલો છે !
ઘડીકભર ત્યાં ઊભા રહીને વિમાસણમાં પડાયું છે.

પરંતુ દિલ ધસમસવા હતું એકાગ્ર દિલ તેણે,
બધો ઉકેલ કાઢીને નિરાંત જ દિલ વળાવી છે.

હરિઃૐ

## યથાયોગ્ય સમય આવ્યે છતું તે તે થવાનું છે

જીવનનો યોગ્ય સંપૂર્ણ થતાં વિકાસ જીવનમાં
-કળા, સૌંદર્ય, અદ્‌ભુત તે ખીલે છે આપમેળે ત્યાં.

બધી ચેતનની શક્તિ પણ જીવનમાં અવતરે ત્યારે,
મળંતાં યોગ્ય ઉપયોગ બધી ખપમાં શી આવે તે !

કરેલું જાણવાનું ના અગાડીનું કશું પણ જે,
યથાયોગ્ય સમય આવ્યે છતું તે તે થવાનું છે.

અડગ એવા જ વિશ્વાસે જીવન ચાલ્યા કરેલું જે,
અનુપમ કેટલું કેવું રળ્યા તેથી કરેલું છે !

હરિ:ૐ

# સહજની સર્વ પ્રક્રિયા શી નૈસર્ગિકપણે ત્યાં છે !

અમારે તો જીવન વિશે કશી પણ યોજના ના છે,
બધું કરનાર અદૃશ્ય રીતે કરતો રહે છે જે.

અમારે તો કશા માટે કશું ના વિચારવાનું છે,
થવા જેમ ઘટે જેવું, થયા તેમ થતું તે છે.


સહજની સર્વ પ્રક્રિયા શી નૈસર્ગિકપણે ત્યાં છે !
બધું તે રીતનું તેવું શું બંધારણ અમારું છે !

છતાં પાછું અમારું તો ન બંધારણ કશું પણ છે,
**હરિ**નું રાજ્ય **તેની** તે વ્યવસ્થિતિનું યોગ્ય જ છે.

હરિ:ૐ

# ખંડ - ૫

## સ્મરણસાધના



સ્મરણમાંથી હૃદય ભાવતણી શક્તિ નીપજતી છે,
હૃદય એ ભાવની શક્તિ અનુપમ ને અનોખી છે.

હરિઃૐ

## સ્મરણ નેડાથી શ્રીહરિની ચરણ ભક્તિ શી લાગી છે !

શરૂ શરૂમાં સ્મરણ નેડો ન લાગ્યો કંઈ હતો સહેજે,
પરંતુ પાડતાં એનો ઊંડો અભ્યાસ, લાગ્યો છે.

હૃદયમાં લાગતાં નેડો સતત એના વિશે ઊંડે,
પરોવાયેલ ભાવેથી રહી કેવું શકાયું છે !

સતત બસ એકધારું ને હૃદય એકીટશે કેવું !
હૃદય નેડાથી, નેડાને વિષય લાગી પડાયું શું !

સ્મરણ નેડાથી **શ્રીહરિ**ની ચરણ ભક્તિ શી લાગી છે !
**હરિ**ની ભક્તિને લીધે નિરંતર મન **હરિ** વિશે.

હરિઃૐ

## શું નવચેતન, નવા પ્રાણ, નવી સ્ફૂર્તિ ફૂટેલાં છે !

શરૂ શરૂમાં ભજન કીર્તન ન રંગે તે થયેલાં છે,
સ્મરણ અભ્યાસમાં **પ્રાણ** કશા કંઈ ના ફૂટેલા છે.

પરંતુ જેમ અભ્યાસ થતો ઊંડો ગયેલો છે,
અભિરુચિ પછીથી શી થયેલી પ્રાણવાળી તે !

અભિરુચિ ઊંડી ઊંડી સજીવન જ્યાં થતી રહી છે
-શું નવચેતન, નવા **પ્રાણ**, નવી સ્ફૂર્તિ ફૂટેલાં છે !

પછી અભ્યાસ સાધનમાં ઊંડો જે ભાવ મોર્યો છે,
ગગનની પાર પહોંચીને, પછી પદમાં ઠરાવ્યો છે.

હરિઃૐ

## હરિની ભક્તિમાં દિલને થવા તરબોળ ઝંખ્યું છે

શરૂ શરૂમાં સ્મરણ કરતાં પથે અટકી પડાતું છે,
બહુ કાળ સુધી પાછું સ્મરણ ઊડી ગયેલું છે.

કદીક ઓચિંતું પણ યાદ કૃપાથી જ્યાં ઊગેલું છે,
સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, **હરિ**ને દિલ સ્તવેલો છે.

**હરિ**ની ભક્તિમાં દિલને થવા તરબોળ ઝંખ્યું છે,
**હરિ**ને પ્રાર્થના દિલથી શી વારંવાર કીધી છે !

કરીને પ્રાર્થના માત્ર ન બેસી હું રહેલો જે,
હૃદય ઇચ્છ્યું ફળવવાને જહેમત સૌ કીધેલી છે.

હરિઃૐ

## જીવનમાં સ્વાર્થને લીધે બધું જે તે થતું રહે છે

શરૂ શરૂમાં જ સંસારી જીવનમાંથી નીકળવાને
-**હરિ**ના નામનું સાધન કૃપાથી તો ગ્રહાયું છે.

શરૂ શરૂમાં શરીર રોગે સ્મરણને લેવરાવાને
-મને ઉદ્યત કરેલો શો ! મહદ સદ્‌ભાગ્ય કેવું તે !

જીવનમાં સ્વાર્થને લીધે બધું જે તે થતું રહે છે,
સ્મરણ અભ્યાસ બઢતાંમાં હૃદય તે સ્વાર્થ લાગ્યો છે.

પરંપરા જીવનકેરી જુદી જુદી જ કેવી છે !
બધી તેમાંથી તો સ્વાર્થે મને નોખો પડાવ્યો છે.

હરિઃૐ

## વિના ચાહ્યાની પળ એક જીવનમૃત્યુ બરાબર છે

**हरि** ભજવાનું જીવનમાં મળ્યું સદ્‌ભાગ્ય કેવું તે !
સ્મરી સ્મરીને, ભજી ભજીને, **हरि**ને દિલ ચહેલો છે.

હૃદય ચાહવા વિશે **हरि**ને, હૃદય ઉન્માદ વ્યાપીને,
ઊછળતા હર્ષ આનંદે, **हरि**માં દિલ પલાળ્યું છે.

'હૃદયથી ચાહવો પળેપળ **हरि**ને' તો જીવન વિશે,
શું શ્વાસોશ્વાસના જેવું જીવન કર્તવ્ય તે અમ છે !

વિના ચાહ્યાની પળ એક જીવનમૃત્યુ બરાબર છે,
**हरि**ને ચાહવામાં તો જીવનની ધન્યતા શી છે !

હરિઃૐ

# સમત્વ કેળવાયાથી પડાયું ભેરવાઈ ના

સ્મરણની માત્ર મૂડીથી થવા એક જ **हरि** ચરણે
-હૃદય માંડેલ ઉદ્યમ જે, મથ્યા એમાં કરાયું છે.

જવાતાંમાં ચરણ પાસે શું મુગ્ધ થઈ જવાયું છે !
છતાં તે મુગ્ધતામાંયે વિવેક પૂર્ણ જીવતો છે.

ઊંડી ચેતનની જે ઊર્ધ્વ જુદી જુદી ભૂમિકામાં,
સમત્વ કેળવાયાથી પડાયું ભેરવાઈ ના.

સ્ખલન શું ઊર્ધ્વમાંથી તો છતાં તોયે થયેલું છે !
પરંતુ સભાનતા જાગી જતાં ના વાર લાગી છે.

હરિઃૐ

## જીવનનું કેટલું મોટું રહસ્ય ઊંડું ઊંડું છે !

સ્મરણ લીધા જવાયાથી જીવનનો મર્મ કેવો તે !
હૃદય જીવનના હેતુની ખબર થોડીક પડેલી છે.

જીવનનું કેટલું મોટું રહસ્ય ઊંડું ઊંડું છે !
જીવનનું ભવ્ય મૂલ્યાંકન હૃદય ત્યારે ઊગેલું છે.

અમૂલ્ય આ જીવનકેરા ખજાનાને કશી રીતે
-નકામો વેડફી દેવા, મતિ ચાલી શકી ના છે.

જીવન દરિયો શું અમૃતનો ! છતાં શો પ્રકૃતિમાં તે
-મને તેવો જણાયો ના ! જીવન ત્યાં દ્વંદ્વ ગુણનું છે.

હરિઃૐ

# ગજું એમાં ન મારું છે, કૃપાનું તે પરાક્રમ છે

સ્મરણ એવાતણો મુજને શું અસંતોષ લાગ્યો છે !
સ્મરણને જીવતું કરતાં શું ભાવાવેશ જાગ્યો છે !

પરાણે મેં જીવનમાં તો કશું પણ ના કરેલું છે,
સ્મરણ, કીર્તન, ભજનભાવ થયાં તે પણ સહજમેળે.

શરૂ શરૂમાં જીવન સાધન વિશે ઉત્સાહ પરિપક્વ
-પરિપૂર્ણ થયો નહોતો, થયો ના તેથી સંતોષ.

સ્મર્યાં કરીને, સ્મર્યાં કરીને, હૃદયના ભાવને ઊંડે
-પ્રવેશાવા, તપશ્ચર્યા કૃપાથી શી થયેલી છે !

ભગીરથ તે પુરુષાર્થ જીવન એવો થયેલો જે,
ગજું એમાં ન મારું છે, કૃપાનું તે પરાક્રમ છે.

બધું જે જે જીવન યોગ્ય થવા કાજે ઊગેલું છે,
કરી ચૂકવા વિશે તેમાં મણા બાકી ન રાખી છે.

હરિઃૐ

## અનેકે વાર એવી તે કંઈક પગથી વટાવીને

જીવન જંગલ વિશે પગથી જહીં એકે જડી ના છે,
કૃપાથી ત્યાં સ્મરણ પગથી, શી ઓચિંતી જડેલી છે !

સ્મરણ પગથી પરે ચાલી હું અટવી વટાવવાને તે,
મથ્યા કેવો કરેલો પણ છતાં ભૂલો પડેલો જે !

વળી મથતાં, કૃપાથી ત્યાં બીજી પગથી મળેલી છે,
જવા તે પગથીએ પાછો નવો આરંભ માંડ્યો છે.

અનેકે વાર એવી તે કંઈક પગથી વટાવીને,
અને તે પગથી પર ચાલ્યા જતાં, પહોંચાયું ઠેકાણે.

હરિઃૐ

# સ્મરણ આશ્રય લઈ લઈને હૃદયમાં ભાવ બઢવ્યો છે

જીવનમાં બે નયન પૂરાં ઉઘાડાં તો હતાં કેવાં !
કશું સાચું ન દેખાયું, ન જોવાનું જ જોયું છે.

પ્રકૃતિની રમત વિશે રમ્યા કેવો કરેલો જે !
ગળે ટૂંપો અચાનક શો મને કોઈકે દીધેલો છે !

કૃપાથી વિચારવાનું તો જીવન તેથી થયેલું છે,
નવા જીવનનો આરંભ હવે સાચો થયેલો છે.

નવા જીવનનું બુદ્ધિથી શું આયોજન થયેલું તે !
સ્મરણ આશ્રય લઈ લઈને હૃદયમાં ભાવ બઢવ્યો છે.

હૃદય જ્યાં ભાવ વિકસ્યો છે, જીવન તે ભાવને માટે
-નૂતન વિકસાવવા પાછું, હૃદય સંકલ્પ ધાર્યો છે.

હરિઃૐ

# પરંતુ ભાવ કેળવવા મહત્ત્વ ખૂબ દીધું છે

જીવનનું તત્ત્વ અનુભવવા સ્મરણપંથે ચઢાવીને,
સ્મરણ લેતો કરાવીને, ચઢાવી પંથ દીધો છે.

શરૂ શરૂમાં હૃદયમાં શો પથે ઉત્સાહ ફૂટ્યો છે !
શું ઓસરવા પછી માંડી, નિરુત્સાહ થવાયું છે !

સ્મરણ લેવાતણો ટેક પરંતુ ના મૂકેલો છે,
ગમે તેવી દશા ભૂંડી વિશે નામ જ સ્મરેલું છે.

વહેતી નિમ્ન વૃત્તિઓ પરત્વે ઝોક દીધો ના,
પરંતુ ભાવ કેળવવા મહત્ત્વ ખૂબ દીધું છે.

હરિ:ૐ

# સ્મરણને ના કદી રેઢું ભૂલેચૂકે મૂકેલું છે

**हरि** ભજતાં, **हरि** ભજતાં, મળેલાં કર્મને ક્યાંયે
-ભૂલેચૂકે મનાદિથી કદી ના ઉવેખવાનું છે.

પ્રભુપ્રીત્યર્થ કર્મોને હૃદય આચરવું ધારીને,
કરંતાં કર્મ તે કાળે સ્મરણ દિલથી થયેલું છે.

સ્મરણને ના કદી રેઢું ભૂલેચૂકે મૂકેલું છે,
જીવનનું નિત્ય સંગાથી બની પોતે ગયેલું છે.

અખંડાકાર જીવનમાં સ્મરણને જ્યાં વણી લેતાં,
હૃદયનું ભાવ સામ્રાજ્ય છતું કેવું થતું રહે ત્યાં !

હરિઃૐ

## ત્રીજો પુરુષ, હવે તો તે ફરી જીવનમાં અમને ના

સ્મરણની ભક્તિમાં કેવો થયેલો એકતાન જ હું !
પથે શો ચાલતાં, ફરતાં સ્મરણ લીધા કરેલું સૌ !

ભજન, કીર્તનને ગાતો'તો, **હરિ**ને યાદ કરવાનો
-શું રોજેરોજનો નાતો હૃદય બંધાયેલો તે શો !

ત્રીજો પુરુષ, હવે તો તે ફરી જીવનમાં અમને ના,
પરસ્પરને જ સંબોધી રહ્યો **જીવતો** હું જીવનમાં.

પરસ્પરનું ઊંડું ઊંડું હૃદય સગપણ થયેલું જે,
શી એણે પ્રાણદાયક તે જીવનમાં ઓથ પ્રેરી છે !

હરિઃૐ

## બધું રળતર થયેલું જે મળ્યું તેનાથી પીઠબળ છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણનો ભાવ ઊગ્યો છે,
હૃદયમાં ભાવની લક્ષ્મી થકી રળતર થયેલું છે.

બધું રળતર થયેલું જે મળ્યું તેનાથી પીઠબળ છે,
ખબરદારી, ટટારી શી હૃદય તેણે ઉગાડ્યાં છે !

ઊગેલું પીઠબળ અંતર અનુભવમાં પ્રમાણીને
-થતા પુરુષાર્થમાં, એણે કૃપાથી જોડી દીધું છે.

પછી પુરુષાર્થનો રંગ, ભૂમિકા કોઈ ન્યારાં છે,
જીવન પુરુષાર્થમાં તેવા **हरि** શો પાંગરેલો છે !

હરિઃૐ

## શું અથડાતા, રવડતાને, ચરણની પાસ ખેંચ્યો તેં !

શરીરને રોગ પ્રેરાવી, સ્મરણ લેતો કરાવીને,
શું અથડાતા, રવડતાને, ચરણની પાસ ખેંચ્યો **તેં** !

સ્મરણનો મહાવરો ઊંડો નિરંતરનો થતો રહેતાં,
સ્મરણનું તે સ્વરૂપ ત્યારે બધું બદલાઈ જાયે ત્યાં.

સ્મરણમાંથી હૃદય ભાવતણી શક્તિ નીપજતી છે,
હૃદય એ ભાવની શક્તિ અનુપમ ને અનોખી છે.

કૃપાથી જે થતા રહેતા જીવન પુરુષાર્થમાં એને
-કળાથી જોતરી લેવાતણો ઉગમ સૂઝેલો છે.

થવું જે જે ઘટે યોગ્ય યથાકાળે યથોચિત જે,
કૃપા કરીને પતિત જનને **હરિ**એ તો સુઝાડ્યું છે.

હરિઃૐ

## અનોખો દિલ વિશ્વાસ કૃપાથી શો ઊગેલો તે !

સ્મરણ લેવાથી તો રોગ મટી તનનો ગયેલો જે,
અનોખો દિલ વિશ્વાસ કૃપાથી શો ઊગેલો તે !

સ્મરણ લેતો થયો તેથી વધારે ને વધારે તે,
સ્મરણ વિશે અભિરુચિ પ્રગટતી શી થઈ ત્યારે !

અભિરુચિ ઊંડી ઊંડી પ્રગટતાં દિલમાં ઊંડો,
ખરો આહ્‌લાદ વ્યાપીને સ્મરણમાં શો મચવ્યો છે !

તબક્કાઓ જુદા જુદા સ્મરણની ભૂમિકાના જે
-વટાવાતાં, વટાવાતાં, **હરિ**માં રસ ફૂટેલો છે.

હરિઃૐ

## તહીં જીવનની સાર્થકતા થવા દિલ પ્રેમ જાગ્યો છે

રગશિયું સાવ જીવન **આ** નહોતો **પ્રાણ** જે વિશે,
કરામત સૂક્ષ્મથી તે તે સ્મરણ લેતો કરાવ્યો છે.

સ્મરણ અભ્યાસથી ઊંડે જીવનમાં ઊતરાયું છે,
તહીં જીવનની સાર્થકતા થવા દિલ પ્રેમ જાગ્યો છે.

જીવન ઉત્કર્ષને કાજે જીવન **આ** હોડ મૂક્યું છે,
તસુ તસુ જુદું જીવનનું કપાઈને થયેલું છે.

જૂના ચીલા, જૂના વેશ, જૂનું રહેઠાણ જે જે સૌ,
રહેલું નામનિશાન ન સર્જનમાં કશું તેનું.

હરિઃૐ

## જીવનમાં તો મળેલી છે કૃપાથી ભવ્ય દીક્ષા શી !

સ્મરણના પથ વિશે કેવો પડી ચૂકેલ હું જ્યારે,
શું અભિનિવેશ ઉત્કટ ત્યાં મહત્ત્વે દિલ જાગ્યો છે !

અભય ને નમ્રતા, મૌન, વળી એકાંત સેવનની,
જીવનમાં તો મળેલી છે કૃપાથી ભવ્ય દીક્ષા શી !

અનુશીલન, પરિશીલન જીવનમાં તે વિષયકેરું,
હૃદયની ભાવનાથી ત્યાં થયા કેવું કરેલું શું !

જીવનના ઉન્નયનકેરો જીવંતો હેતુ દિલનો જે,
શી પ્રક્રિયા બધી જેમાં અને તેમાં, દૃઢાયો છે !

બઢાતું જ્યાં ગયું જેમ હૃદયની આત્મશક્તિનો
-પરિચય જ્ઞાન ભક્તિથી થયા ઊર્ધ્વે કરેલો શો !

હરિઃૐ

## જવાતું જ્યાં હતું ડૂબી, હરિપદ ધા શી નાખી છે !

જીવનમાં કોઈક વેળાએ બહુ ભાંગી પડાયું છે,
તહીં ઊઠવાતણી મારી કશી તાકાત ના રહી છે.

પડી એવી રીતે રહેતાં ન ફરક્યુંયે રૂંવાડું છે,
છતાં ત્યારેય **હરિ** સ્મરવું ભૂલેચૂકે ન છોડ્યું છે.

બધે જેમાં અને તેમાં જીવનમાં માત્ર સથવારો,
સ્મરણનો પાસ રાખીને જીવન જીવ્યા કરેલો શો !

જીવનની આપદા વેળા, જીવન સંકટની વેળાએ,
જવાતું જ્યાં હતું ડૂબી, **હરિ**પદ ધા શી નાખી છે !

હરિ:ૐ

## તને દિલમાં જ નોતરવા, મને શા કોડ જાગ્યા છે !

જીવનમાં જાગતાં મુજને સમય કેટલો થયેલો છે !
ચરણ તુજ આવવા પાસે ગ્રહેલો પંથ મેં તુજ જે,
બહુ મુશ્કેલી આવી છે, છતાં તેને ન છોડ્યો છે,
સતત પકડી જ રાખીને પથે ચાલ્યા કીધેલું છે.

સ્મરણકીર્તન, ભજનભાવ, તને દિલ પ્રાર્થી પ્રાર્થીને
-તને દિલમાં જ નોતરવા, મને શા કોડ જાગ્યા છે !

તને સંતોષ દેવાને, હૃદયથી રાજી કરવાને,
મને દિલ આવડ્યા તેવા પ્રયત્નો સૌ કરેલા છે.

પ્રયત્નો તે થતાં વિશે, હૃદયમાં ભાવના તુજ તે
-જીવંતી, શી રહ્યા કરીને પ્રકાશી ભક્તિ રૂપે તે !

હરિઃૐ

## ચહી તારવવું જીવનને ઉધામા બહુ કરેલા છે

જીવનમાં ગાંડપણ કેવું હતું પ્રગટી ચૂકેલું જે !
અવળચંડાપણાનુંયે રહેલું ભાન ના ત્યારે.

અનેકે વાર અફળાયો, ભીંતે માથું કુટાયું છે,
વળી લાતો શી ખાધી છે ! વળી બેવડ ગયેલો જે.

ચહી તારવવું જીવનને ઉધામા બહુ કરેલા છે,
છતાં પછડાઈને કેવો હું બેહાલ થયેલો જે !

કશું મારું ન ચાલ્યું છે, થયું 'ઝૂઝવું' નકામું તે,
છતાં ત્યારેય સ્મરવાનું હૃદયમાં તો થયેલું છે.

સ્મરણના નિત્ય અભ્યાસે, **हरि**ની સાથ સંબંધ
-થયેલાથી, હૃદય **हरि**નો થયો જીવતો અનુબંધ.

હરિ:ૐ

# છતાં સહાય હતી સાથે હરિની, તેથી જીત્યો છું

બહુ આવેગ, આવેશ બહુ બહુવિધનાયે તે,
જીવનમાં કેટલી વાર મને કેવા થયેલા છે !

બહુયે ચેતતાં રહેતાં, ઊંડા આવેશ વહેણે તે,
તણાઈ ત્યાં જવાવાનું ખરેખર શું બનેલું છે !

કૃપાથી કિંતુ અધવચ્ચે સ્મરણનું લાકડું મુજને
-તણાતાં હાથ લાગ્યું જે, ઉગારાયું જ તેથી છે.

પ્રયત્નો છો થયેલા છે, કદર તેનીય બૂઝું છું,
છતાં સહાય હતી સાથે **હરિ**ની, તેથી જીત્યો છું

હરિઃૐ

# કદીક જ્વાળામુખી જેવો હૃદયમાં જુસ્સો જાગ્યો છે

**हरि**ની યાદગીરીમાં જીવન આખું વીતવવાને,
અમે જે હોડ માંડી છે, ન ખાલી ખાલી તે બૂમ છે.

અમે બોલ્યા પ્રમાણેનું થવા વર્તન જીવન વિશે
-કરેલા ધમપછાડા શા ! જુદી જુદી રીતના પંથે.

કદીક જ્વાળામુખી જેવો હૃદયમાં જુસ્સો જાગ્યો છે,
શું ઠંડોગાર તે પાછો બરફ સમ થઈ ગયેલો છે !

નરાતાર દશા એવી વિશે પણ મેં સ્મરણને તે,
મથી મથીને ગમે તેવું સ્મરણ લીધા કરેલું છે.

હરિઃૐ

## સ્મરણ, કીર્તનતણા તાને જીવન નૂર બઢાવ્યું છે

જીવનના ધ્યેયનું ભાન જહીં જીવતું થયેલું છે,
કર્યાં કરીને ઊગ્યાં સાધન, હૃદયનો ભાવ બઢવ્યો છે.

જીવનના સાધનાભ્યાસે સ-ભાને દિલ ચહી ચહીને
-સતત મંડ્યો રહ્યા કરવા શું ઉદ્યમ નિત્ય માંડ્યો છે !

ભૂલેચૂકે કદી પણ ના સમય એળે ગુમાવ્યો છે,
સ્મરણ, કીર્તનતણા તાને જીવન નૂર બઢાવ્યું છે.

સતત ખીલતા જીવનનું તે જીવન પુષ્પ **हरि** ચરણે
-ચઢવવાને જીવન ટેક હૃદય ભાવેથી પાળ્યો છે.

હરિઃૐ

## ચઢેલા પૂર્ણની સ્થિતિ, નીચેનો શી રીતે જાણે ?

**हरि** સ્મરતાં, **हरि** સ્મરતાં સ્મરણ અંતર પ્રવેશ્યું છે,
પ્રવેશીને ઊંડું અંતર રૂપાંતર તે થયેલું છે.

રૂપાંતરની જુદી શક્તિ, થવાતું ઊર્ધ્વમાં ઊર્ધ્વે,
રૂપાંતરની પછી શક્તિ શી બઢતી ઑર જાયે છે !

અનંતાનંત શક્તિનાં પછી દર્શન થતાં રહે છે,
ચઢેલા પૂર્ણની સ્થિતિ, નીચેનો શી રીતે જાણે ?

છતાં આ વિશ્વના કેવા નીચેના જે બધા તે તે !
ચઢેલા ઊર્ધ્વમાંનાને, જતા શા માપવા તે તે !

હરિઃૐ

# દ્વિધા નિવારવા અર્થે હરિને દિલ સ્તવેલા છે

જીવનમાં કેટલીક વાર દ્વિધામાં શો પડેલો જે !
થવા યોગ્ય, વિશે તેનો વિવેક ના સૂઝેલો છે.

દ્વિધા એ ગૂંગળામણની, અમૂઝણની સ્થિતિ શી તે !
દ્વિધા નિવારવા અર્થે **હરિ**ને દિલ સ્તવેલા છે.

દ્વિધામાં કેટલી વાર પડી રહેવાનું જીવનમાં,
બહુ વેળા જ પ્રગટ્યું છે, છતાં રસ્તો ન સૂઝ્યો ત્યાં.

પરંતુ પ્રાર્થનાનો ત્યાં ઉપાય આર્ત ને આર્દ્ર
-ઊંડા ભાવે જ લેવાથી, દ્વિધા મેળે ટળેલી છે.

હરિ:ૐ

## સ્મરણ અભ્યાસથી માંડી બીજાં સાધન થયેલાં છે

**હરિ**નાં પદકમળકેરી હૃદય ભક્તિ થવા કાજે,
સ્મરણ અભ્યાસથી માંડી બીજાં સાધન થયેલાં છે.

સતત તે સાધનાભ્યાસે થતાં મંડાણ જીવનનું,
નૂતન નૂતન ભૂમિકાનું પછી ઊગવું થયેલું શું !

સતત આગળ જવામાં મેં તકેદારી ધરાવી છે,
પથે પણ ભુલભુલવણી શી કદીક આવી ચઢેલી છે !

કૂંડાળે એકના એક જ ફરી ફરી ત્યાં ભમાયું છે,
નીકળવું બહાર તેનાથી બહુ મથતાં થયું ના છે.

હરિઃૐ

# સ્મરંતાં દિલમાં ઊંડું જીવનમાં તેજ ઝબક્યું છે

જીવન ધ્યેય ફળવવામાં કદીક પગ, હાથ જીવનમાં
-પૂરા થાકી ગયેલા છે, ન ચાલ્યા તે ચલાવ્યા શા !

થઈને ઓતપ્રોત જ શો પડી પથમાં રહેલો જે !
ચહ્યું છે ઊઠવાનું ત્યાં છતાં પણ ના ઉઠાતું છે.

બહુ ત્યાં દાખવ્યું બળ છે, હલાવ્યા હાથપગ પણ છે,
છતાં ના જોર વર્ત્યું છે, શી એવી કમનસીબી છે !

છતાં એવી દશા વિશે સ્મર્યાં **હરિ**ને કરેલો છે,
સ્મરંતાં દિલમાં ઊંડું જીવનમાં તેજ ઝબક્યું છે.

હરિ:ૐ

## કરીને જોમ સઘળું ત્યાં ખલાસ જ થઈ જવાયું છે

કદીક વંટોળિયો વાનો જબરજસ્ત ચઢેલો જે,
મને ફંગોળીને કેવો કહીં દૂર ફેંકી દીધો છે !

ન ઊઠવાના કશા હોશ મને ત્યારે રહેલા છે,
કરીને જોમ સઘળું ત્યાં ખલાસ જ થઈ જવાયું છે.

સ્મરણ લઈને, સ્મરણ લઈને, **હરિ**પદ ધા મૂકેલી છે,
ગરુડ પાંખે ચઢી વહારે મદદ રહેવા શું વીનવ્યો છે !

થતી જહેમત દશા એવી વિશે પણ થઈ શકી જે જે
-કરંતાં થાકતાં સુધી, મદદ શી ત્યાં મળેલી છે !

હરિઃૐ

## હૃદયમાં રસ પડ્યા વિના મનાદિ કંઈ ન ચોંટે છે

સ્મરણનો પાડવા ઊંડો હૃદય અભ્યાસ જીવનમાં,
શરૂ શરૂમાં મથામણ શી પડેલી છે બહુવિધ ત્યાં !

મનાાદિ માંકડી કેમે કદી ના માંડતાં સહેજે,
જહેમત શી ઉઠાવી છે ! બહુ રીતની મનવવાને.

પરંતુ ખાલી ને કોરી મહેનતથી ન પલળે તે,
હૃદયમાં રસ પડ્યા વિના મનાદિ કંઈ ન ચોંટે છે.

ગરજ ને સ્વાર્થને લીધે પડેલા રસ થકી જે તે,
બધાં સાધન કૃપાથી શાં થયાં મેળે કરેલાં છે !

હરિઃૐ

## **हरि**ની યાદમાં કેવું ભર્યું ભર્યું સર્વ લાગે છે !

**हरि** સ્મરતાં, **हरि** સ્મરતાં, સ્મરણ જીવતું થયું જ્યાં છે,
**हरि**નું દિલ આકર્ષણ ચમત્કારિક પ્રગટ્યું છે.

મનાદિ તે પછી કેવાં **हरि**માં જોતરાયાં છે !
**हरि**ની યાદમાં હર્ષ મનાદિને ઊછળતો છે.


થવામાં યાદ **हरि**ની દિલ પ્રગટતામાં સ્મરણ હૃદયે,
હૃદયની ઊર્મિની છોળો પરે છોળો ઊછળતી છે.

**हरि**ની યાદમાં કેવું ભર્યું ભર્યું સર્વ લાગે છે !
હૃદય વહાલ વછૂટે છે શું અપરંપાર પદ ત્યારે !

હરિઃૐ

# ખંડ - ૬

# અહમ્નું ઉન્નયન



સકળ પ્રવૃત્તિ જીવનમાં **અહમ્** જોશે થતી રહે છે,
જીવનમાં ચાલવું કોઈનું **અહમ્** વિના ન શક્ય જ છે.

હરિઃૐ

# કળ્યામાં કોઈના ના'વે અહમ્‌ની ચાલ અદ્‌ભુત છે

ફુલાવાને **અહમ્**ને મેં ન આપેલી કદી તક છે,
કશી ડંફાશ **અહમ્**ની તે ન સાંભળવા ચહેલું છે.

**અહમ્**ની સૂક્ષ્મમાં સૂક્ષ્મ છુપાયેલી, ગહન, ગૂઢ જે
-કળ્યામાં કોઈના ના'વે **અહમ્**ની ચાલ અદ્‌ભુત છે.

**અહમ્**નાં રીતરસમ કેવાં શું એકએકથી ચઢિયાતાં !
શકે ના બરોબરી કરી કો **અહમ્**ની સાથ જીવનમાં.

પરંતુ ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકાનો વિવેક જ જે
-શી શક્તિ તેનીથી કેવો બધાંને મહાત કરતો તે !

ખીલેલા વિવેકની સૂક્ષ્મ શી અવર્ણનીય શક્તિ જે !
શકે પહોંચી **અહમ્**નેયે ભયંકરમાં ભયંકર જે !

હરિ:ૐ

## ‘અહમ્ અદ્‌ભુત શી શક્તિ !’ સમજી તે કામ લીધું છે

**અહમ્**ને ફાલવા ફૂલવા જીવન વ્યવહારને વિશે
-જીવનમાં અણસમજથીયે કદી પાણી ન સિંચ્યું છે.

અકસ્માતે છતાં કેવું **અહમ્** ભભડી ઊઠેલું છે !
ભરેલો રોષ શો એણે કદીક તો બહાર કાઢ્યો છે !
કદીક તો તે ભભૂક્યું છે, નયન રાતાં કરેલાં છે,
છતાં ત્યારેય મેં શાંતિ સમજપૂર્વક ધરેલી છે.

**અહમ્** જ્યાં ઊકળેલું છે, તહીં દિલ સાવધાનીથી
-કૃપાથી કામ લેવાની પડી આદત મને ત્યાં શી !

**અહમ્**નેયે નકામું મેં વહી જાવા ન દીધું છે,
‘**અહમ્** અદ્‌ભુત શી શક્તિ !’ સમજી તે કામ લીધું છે.

હરિઃૐ

# રમત એવી અહમ્‌કેરી કદીક પકડાઈ ના મુજથી

કદીક ટોણાં મહેણાંથી જીવન વહેવારમાં કેવો !
ઘવાઈને મને ઓછું ખરેખર કેવું આવ્યું છે !
જીવનમાં લાગવું સારું અને ના લાગવું કૈં તે,
બધાં તે વર્તને કેવું **અહમ્**નું ડોકિયું ત્યાં છે !

તકેદારી બહુ બહુ શી જીવનમાં તો ધરાવી છે !
કદીક તોયે છૂપી બાજી **અહમ્** ખેલી રહ્યું શું તે !

રમત એવી **અહમ્**કેરી કદીક પકડાઈ ના મુજથી,
છતાં સ્ફુરંતી વૃત્તિથી જવાયું ચેતી તેનાથી.

હરિઃૐ

## જીવન વહેવારમાં કદી તે અહમ્ કેવું ઘવાતું છે !

જીવન વહેવારમાં કદી તે **अहम्** કેવું ઘવાતું છે !
કંઈક ઉદ્વેગ ને ક્લેશ જીવન ત્યારે થતાં રહે છે.

જીવનમાં તે પળે મોટી બૂમો મોટી શી પાડી છે !
શું વાતાવરણને જ્યાં ત્યાં બધે ગજવી મૂકેલું છે !

અને નાચી કૂદી હર્ષે, તહીં ખડખડાટ શા હાસ્યે
-થઈ હળવો ગયેલો શો ! ઘણાંએ નીરખેલો છે.

કદીક તો દોષ ના હોવા છતાં દબડાવી પાડ્યો છે,
છતાં તેવાયે વર્તનથી દબાઈ ના ગયેલો જે.

થવાનો નમ્રમાં નમ્ર, જીવંતો ટેક દિલમાંનો
-જીવનમાં જલતો રાખીને હું કેવો નિત્ય વર્તેલો !

હરિઃૐ

## જીવનમાં કેટલી વાર શું અપમાન થયેલાં છે !

જીવનમાં કેટલી વાર શું અપમાન થયેલાં છે !
છતાં ત્યારેય ચડીચૂપ રહેવાઈ શકાયું છે.

થતાં અપમાનથી કદી પણ લઘુતાગ્રંથિમાં સહેજે
-કૃપાની સાવધાનીથી પડાઈ ના જવાયું છે.

જીવનનાં સાધનો વિશે **अहम्** વપરાયેલું જ્યારે
-તહીં પોતાની શક્તિથી ફુલાયેલું શું રહે છે તે !

'થતું કેવું સરસ રહે છે', થતા ઉચ્ચાર તે વિશે,
શું દિગ્દર્શન **अहम्**નું ત્યાં પ્રદર્શન તે થતું રહે છે !

હરિઃૐ

## અહમ્ ઉપયોગી કેવું તે બધાં ના માનવી જાણે !

**અહમ્** ઉપયોગી કેવું તે બધાં ના માનવી જાણે !
**અહમ્**ની શક્તિ તે પ્રીછે જવું જેને **હરિ**પદ છે.

સકળ પ્રવૃત્તિ જીવનમાં **અહમ્** જોશે થતી રહે છે !
જીવનમાં ચાલવું કોઈનું **અહમ્** વિના ન શક્ય જ છે.

**અહમ્** નરતા શું સારામાં પ્રવર્તેલું સદા રહે છે !
પરંતુ મેં જીવન એનો શું સદ્‌ઉપયોગ કીધો છે !

જીવનમાં ઊર્ધ્વ ને દિવ્ય ઊંચે ઊંચે જ ચડવાને
-**અહમ્**ને જ્ઞાનભક્તિથી કૃપાથી વાપરેલું છે.

હરિઃૐ

## અહમ્‌ને ડોકિયું કરવા છતાં મેં ના દીધેલું છે

બધી બુદ્ધિ જીવન હોવા છતાં પણ મેં કદી એને
-જરા સરખીય શાબાશી ભૂલેચૂકે ન દીધી છે.

બધું હોશિયારીનું કર્મ કરેલું દક્ષતાથી છે,
છતાં પણ ભોટ, અડબોથ બધાંયે શો ગણેલો છે !

ઝપાટા કેટલા કેવા બીજાઓથી મળેલા છે !
**અહમ્‌**ને ડોકિયું કરવા છતાં મેં ના દીધેલું છે.

જીવનમાં નમ્રમાં નમ્ર થવા તે તક મળેલી છે,
શું તેમાં જ્ઞાનપૂર્વકનો ઊંડો અભ્યાસ પાડ્યો છે !

હરિઃૐ

## હૃદય લાગ્યા વિના ભક્તિ अहम् ઓગળવું કપરું છે

**अहम्**થી કેટલી વાર હું પછડાયો જીવન વિશે !
બહુ વાગ્યું છતાં તોયે **अहम्** ના ચાલ ચૂક્યું છે.

કદીક ભક્તિ વિશે કેવું ગયેલું ડૂબી પોતે છે !
નર્યા દેખાવ તેવામાં **अहम्** છુપાયેલું ત્યાં છે.

સ્વરૂપ લેતાં જુદાં જુદાં **अहम्**ને આવડે શાં તે !
હૃદય લાગ્યા વિના ભક્તિ **अहम्** ઓગળવું કપરું છે.

સતત બસ ઊંધું ઘાલીને **हरि**ની ભક્તિને વિશે,
હૃદય પ્રવૃત્ત રહેવાને નિરંતર ત્યાં મથાયું છે.

હરિઃૐ

# અહમ્‌ને ડોકિયું કરવા કદી તક ના દીધેલી છે

**અહમ્**નું ડોકિયું ઊંચું થતાંમાં ચેતી ચેતીને
-ખરેખર તે સમય ઊંડું **हरि**ને મેં ભજેલા છે.

કશી મુજ હોશિયારીનાં ન બણગાં મેં ફૂંકેલાં છે,
ભૂલેચૂકે કદી પણ ના કશી ડંફાશ મારી છે.

જીવનમાં જાણીબૂજીને મહત્ત્વ ઊંડું બુદ્ધિને
-જીવનના સૌ પ્રસંગોમાં, ભૂલેચૂકે ન આપ્યું છે.

કર્યા ના વાદ વિવાદ, કદી ચર્ચા કરી ના છે,
**અહમ્**ને ડોકિયું કરવા કદી તક ના દીધેલી છે.

સતત સ્મરવા, સતત ભજવા, કૃપા કરીને મનાદિને
-**हरि**નાં પદકમળ વિશે તમન્નાથી લગાડ્યાં છે.

હરિઃૐ

## શીખવવાને અહમ્ને દિલ હરિને મેં સ્તવેલા છે

બહુ ફાંકા જુદા જુદા **અહમ્**નાયે જીવનમાં છે,
ગજબનોયે જીવન વિશે અહા ! શો તોર એનો છે !

કદીક તો તે નમ્યું લાગે પરંતુ સાવ ભ્રમણા તે,
થતાં બેઠું કશી વાર **અહમ્**ને તો ન લાગે છે.

અનેકે વાર તો માથાં **અહમ્**નાં શાં કપાયાં છે !
છતાં પાછું ફરી જીવતું **અહમ્** કેવું થયેલું છે !

**અહમ્** જ્યારે ઘવાયું છે, વધુ જોરે જ ઊછળ્યું તે,
શીખવવાને **અહમ્**ને દિલ **હરિ**ને મેં સ્તવેલા છે.

**અહમ્**ને વાપરી દેવા જીવનના સાધનાભ્યાસે
-હૃદયની સર્વ તાકાતે, થતું સઘળું કરેલું છે.

હરિઃૐ

# થતાં એકરસ હરિપદમાં અહમ્ ત્યાં ઓગળેલું છે

**અહમ્**નાં ડોકિયાં કેવાં થતાં રહે છે જીવન વિશે !
શું પશ્ચાત્તાપનો અગ્નિ જલ્યાં કરતો જ તેથી છે !

ભયંકર તીવ્રમાં તીવ્ર મને ડંખ્યાં કરેલો છે,
પરાઙ્મુખ થવા તેથી **હરિ**ની ભક્તિ કીધી છે.

વધારે ને વધારે દિલ **હરિ** ચરણે પરોવાને
-સતત બસ એકધારું ત્યાં કૃપાથી તો મથાયું છે.

**અહમ્**નો પૂર્ણ ઉપયોગ થતાં સૌ સાધનો વિશે
-થયા કરવા કૃપાથી શો હતો સાવધ હૃદયમાં જે !

તમન્નાની હૃદય લગની જહીં ધગધગતી જલતી છે,
થતાં એકરસ **હરિ**પદમાં **અહમ્** ત્યાં ઓગળેલું છે.

હરિઃૐ

## સકળ આ માનવી જીવન અહમ્‌નું માત્ર વ્યક્તત્વ

જીવનની સમજણો, ટેવો કંઈક જે માન્યતાઓ છે,
**अहम्** અસ્તિત્વને લીધે બધી તે તે ટકી રહે છે.

જીવનના પૂર્વગ્રહનેયે **अहम्** શા ટેકવી રાખે !
પ્રકૃતિ પણ **अहम्** લીધે બનેલી પ્રાણવાળી છે.

સકળ આ માનવી જીવન **अहम्‌नुं** માત્ર વ્યક્તત્વ,
**अहम्‌**ને વાપરેલું છે કૃપાથી **हरि** થવા વ્યક્ત.

**अहम्** જો ઊર્ધ્વના માર્ગે મદદમાં જ્યાં ઊભું રહે છે,
જીવનમાં દૈવી શક્તિનું પછી અવતરવું બનતું છે.

હરિઃૐ

# **अहम्**ની કાર્યવાહી તો ગહન, ગૂઢ, સૂક્ષ્મ, છૂપી છે

જતાં કેળવવા જીવનમાં હૃદયની નમ્રતા જ્યારે
-પ્રશસ્તિ નમ્રતાની શી કદીક ત્યારે ગવાઈ છે !

પ્રશસ્તિ નમ્રતાની તે ખરેખર નમ્રતાનું જે
-થયેલું ખૂન દિલ જાણી, અમે તેને નકારી છે.

જરૂર સાંભળવું તેવું તે કદીક કેવું ગમેલું છે !
પરંતુ **अहम्**નું ઊંચું ખરેખર ડોકિયું તે છે.

જીવનમાં જાગ્રતિ એવી જીવનમાં સાવધાની તે
-**अहम्** વિશે ઊંડી ઊંડી કૃપાથી તો રખાઈ છે.

કદીક ફટકો **अहम्**થી શો મને લાગી ગયેલો છે !
ખરેખર તે સમય મુજને જીવનમાં લાગી ઊઠ્યું છે.

**अहम्**ની કાર્યવાહી તો ગહન, ગૂઢ, સૂક્ષ્મ, છૂપી છે,
કળાવાને **अहम्** તેવું ખબરદારી શી માગી લે !

હરિઃૐ

## પ્રસંગે કોઈક એવા તે શું છંછેડાઈ ગયેલું તે !

જીવનમાં તો **अहम्** પોતે કદીક વકરેલ કેવું તે !
પ્રસંગે કોઈક એવા તે શું છંછેડાઈ ગયેલું તે !

**अहम्**ને વારવું ત્યારે મહામુશ્કેલ, કપરું છે,
**हरि**પદ લગાડી જોયું છે, છતાં ના મેળ પડતો છે.

બહુ ખણખોદ મેં ત્યારે તહીં કરવાની છોડી છે,
બની જેટલું શક્યું તેવું સ્મરણ કીધા કરેલું છે.

**अहम्**થી ના દબાવાનો, ઉપર તરતું રહેવાનો
-હૃદય નિશ્ચય ટકાવેલો, કૃપાથી શો ટકેલો છે !

હરિઃૐ

# અહમ્‌થી કામ લેવાનું કૃપાથી તો થયેલું છે

**અહમ્**ને મિત્ર જીવનનું સમજી દિલથી ચાહી ચાહીને
-**અહમ્**થી કામ લેવાનું કૃપાથી તો થયેલું છે.

**અહમ્** તો મિત્ર ને શત્રુ, પરંતુ ધ્યેય જેને છે
-શું જ્વાળામુખીના જેવું ! **અહમ્** તો મિત્ર તેને છે.

કદીક તેવાય જીવનમાં શી ભૂલથાપ ખવાઈ છે !
**અહમ્** લીધે, છતાંયે ત્યાં કશું ના ભાન જાગ્યું છે.

પરંતુ ચાલતાં પથમાં જહીં લાગી જ ઠોકર છે,
કૃપાથી જાગી તત્કાળ **અહમ્**ને વારી લીધું છે.

હરિ:ૐ

# કદી કોઈને કશા વિશે ન ઉત્તર આપિયો સામે

કદી નાનકડી શી ભૂલથી મને ઊધડો લીધેલો છે !
છતાં ત્યારેય કદીયે મેં ઊંચું માથું કર્યું ના છે.

ઢીલુંપોચું જગતમાં જે સહેલાઈ થકી તેને
-બધા ગોદા શું મારે છે ! બધું તેવું સહેલું છે.

કદી કોઈને કશા વિશે ન ઉત્તર આપિયો સામે,
ભૂલેચૂકે છતાંયે મેં નીચું માથું કર્યું ના છે.

શું ઉન્નત મસ્તકે હસતાં અને કિલ્લોલ કરતાં તે
-જીવનને મેં વિતાવ્યું છે ! **હરિ**ને સ્મરી, સ્તવી સ્તવીને.

હરિઃૐ

## ઊંડા અભ્યાસમાંથી તે પ્રગટતી ધારણા રહે છે

નિરંતરનો જીવન જ્યારે ઊંડો અભ્યાસ પડતો છે,
ઊંડા અભ્યાસમાંથી તે પ્રગટતી ધારણા રહે છે.

હૃદય તે ધારણાથી તો વિષય જે ધારણાનો છે,
જીવંતો મૂર્તિમંત જ શો જીવનમાં તે પ્રગટતો છે !

નિરંતરના હૃદયના તે ઊંડા અભ્યાસનું ફળ છે,
હૃદયની ભાવના તેમાં ઉમેરાતાં, સફળ થાયે.


જીવનમાં માત્ર નાનકડા લીધેલા દિલ સાધનને
-રહેવાતાં હૃદય પકડી, ઊંડો ત્યાં સ્વાર્થ જાગે છે.
ગરજ જાગે શી તે વિશે !

મનન ચિંતવન સતત જેનું પરિણામ બધું તે તે
-નિરંતરનું વિચાર્યાથી થતું સાકાર પ્રત્યક્ષો.

હરિઃૐ

# ખંડ - ૭

# સાધનામાં તમન્ના અને લગની



તમન્નાની બલિહારી ખરે જાદુઈ કેવી છે !
બધું જે હોય તેનાથી જુદું પલટાવી નાખે તે.

હરિઃૐ

## શી ભડભડતી તમન્નાએ મને આગળ ધકેલ્યો છે !

જુદી જુદી રીતે જીવન વિશે કેવા મથેલા જે !
જુદાં એવાં જીવન પાસાંતણો ઉલ્લેખ કીધો છે.

નજર સામે જીવન ધ્યેય તરંતું જીવતું રાખીને
-થતા પુરુષાર્થથી જીવન તરવવાને મથેલા જે.

થવાયું દિલ એકાગ્ર થતા સાધન વિશે જ્યારે,
નૂતન નૂતન બીજાં ડગલાં તહીં ભરવાનું સૂઝ્યું છે.

જીવનની લગની લાગી છે, કશું મુશ્કેલ ના તેને,
શી ભડભડતી તમન્નાએ મને આગળ ધકેલ્યો છે !

હરિઃૐ

## તમન્ના જો ગતિશીલ છે, જીવન વિકસાવશે નિશ્ચે

બહુ મથતાં બહુ મથતાં, હૃદય મથવાની પાછળ જે
-જીવંતો હેતુ જીવનનો તમારો જો ધબકતો છે,
જીવનના ધ્યેય પાછળની મરી ફીટવાની દિલમાંથી
-તમન્ના ઊંડી લાગેલી, પડી ના છાની રહેવાની.

સ્ફુરંતી નિમ્ન વૃત્તિ પણ વહ્યા જતી છે ગતિમાં જે,
પછીથી દિલ તમન્ના તે વહ્યા વિણ શેં બચી શકશે ?

તમન્ના જો ગતિશીલ છે, જીવન વિકસાવશે નિશ્ચે,
તમન્નાની કરી લેજો હૃદયથી ખાતરી નિશ્ચે.

હરિઃૐ

## જીવન અભ્યાસ કરવાનું મનુષ્ય હાથ માત્ર જ છે

સતત અભ્યાસ, વૈરાગ્યે જીવનનું હાર્દ મળતું છે,
જીવન અભ્યાસ કરવાનું મનુષ્ય હાથ માત્ર જ છે.

કરી કંઈ જો શકે એવું, મનુષ્ય હાથ જીવનમાં,
ખરેખર એકલું માત્ર રહ્યું અભ્યાસ સાધન ત્યાં.

સતત અભ્યાસને તેથી જીવનમાં ઝોડની પેઠે
-કૃપાથી શો રહ્યો વળગી ! કદી ના છાલ છોડ્યો છે.

પથે મુશ્કેલી ને મુસીબત ભલે આવ્યાં કરેલાં છે,
હૃદયનો બેવડો જુસ્સો ખરે ત્યારે શું ઊછળ્યો છે !

હૃદયની તે તમન્નાની ખરી મુશ્કેલી વેળાએ
-કસોટીની, પરીક્ષાની ખરેખર કેવી પળ તે છે !

હરિઃૐ

## તમન્નાની બલિહારી ખરે જાદુઈ કેવી છે !

તમન્નાની જીવનમાં તે હૃદય કિંમત હું સમજીને,
મથાયું, ‘પ્રાણ ને ઉષ્મા તમન્નામાં પ્રગટવાને.’

તમન્નાની બલિહારી ખરે જાદુઈ કેવી છે !
બધું જે હોય તેનાથી જુદું પલટાવી નાખે તે.

તમન્નાનો જીવન વિશે શું પ્રાદુર્ભાવ ઉદ્‌ભવતાં !
ચમત્કારિક પરિણામો જીવનમાં તો નીપજતાં શાં !

તમન્ના એ તમન્ના ના પરંતુ મૂર્ત સ્વરૂપે તે
-**हरि**ની દિવ્ય પ્રત્યક્ષ, ખરેખર શી કૃપા તે છે !

હરિઃૐ

# પડેલા ચિત્ત સંસ્કારોતણું પરિણામ, જિજ્ઞાસા

જીવનમાં તીવ્ર જિજ્ઞાસા શી જ્વાળામુખી જેવી તે !
વિના સળગ્યા જ સંપૂર્ણ, ન કંઈ અભ્યાસ થઈ શકશે.

પડેલા ચિત્ત સંસ્કારોતણું પરિણામ, જિજ્ઞાસા,
કનિષ્ઠા, મધ્યમા, ઉત્કટ પ્રકારે ત્રણ શી જિજ્ઞાસા !

સહજ શી જાણવા વૃત્તિ બધાંનામાં રહેલી છે !
સતત અભ્યાસની જ્યોતે પ્રકાશિત શી થતી રહે તે !

જીવનમાં કંઈ થતું જે છે, બધાં તે તે-નો પાયો તો
-ખરેખર માત્ર જિજ્ઞાસા, શી જનની મૂળ સૌની તો !

હરિઃૐ

## સહજમેળે શું લગનીનું પરિબળ જાગી ઊઠ્યું છે !

શરૂ શરૂમાં હૃદય લગની ન લાગેલી હતી સહેજે,
સતત બસ એક ધ્યેયે પથ ચલાતાં ને ચલાતાં તે,
સતત અભ્યાસ પડતાંમાં હૃદય એકાગ્ર બનતાં તે,
સહજમેળે શું લગનીનું પરિબળ જાગી ઊઠ્યું છે !

જીવનમાં લગનીની ધૂન ચમત્કારિક ખરેખર છે,
શું ગગનાતીત ઊડવાને હૃદયમાં પાંખ પ્રેરે છે !

શું અગણિત જોમ ને જુસ્સો નર્યો ઉત્સાહ પ્રેરીને !
અભેદ્ય ને અજય કિલ્લા પછી સૌ શા તૂટેલા છે !

હરિઃૐ

# લઢણથી એવી લગનીની મથાયું છે ઊંડું ઊંડું

જીવનના ધ્યેયની વાત કદી ઊંઘમાં ન ભૂલ્યો છું,
લઢણથી એવી લગનીની મથાયું છે ઊંડું ઊંડું.

ઊંડું ઊંડું જીવનમાં જ્યાં મથાવાનું થતાં પંથે,
હૃદય એકાગ્રતા કેંદ્રિત થતાં, દૃષ્ટિ શી ખૂલે છે !

હૃદય ને દૃષ્ટિ ખૂલવાથી રહસ્ય જે જીવનનું છે,
અનુભવમાં પ્રગટતું છે થઈ સંપૂર્ણ ખુલ્લું તે.

હૃદય દૃષ્ટિ અનુભવથી થતી ખુલ્લી રહેવાથી,
જીવન સોંસરવું જે તત્ત્વ પમાયે પાર તેનાથી.

હરિઃૐ

## શી ધગધગતી જ ભડભડતી હૃદય લાગેલ ભારે છે

જીવનનું ધ્યેય સંપૂર્ણ થવા સાકાર લગની જે
-શી ધગધગતી જ ભડભડતી હૃદય લાગેલ ભારે છે !

સતત એણે મથાવીને પથે ડગલાં ભરાવ્યાં છે,
નૂતન નૂતન ઉગાડીને નવાં સાધન સુઝાડ્યાં છે.

ઊગેલાં સાધનોને મેં હૃદય ભાવે પૂરી રીતે
-નિરંતર આચરેલાં છે, પથે એથી ધપાયું છે.

સતત મથવાતણી એવી શી પ્રક્રિયા નિરંતરની !
જીવંતી નિત્યની નિત્ય રહેતાં, ફળ મળેલું છે.

હરિઃૐ

## ફળવવાને હૃદય લગની શી આતશ જેમ લાગેલી !

પૂરો ભંગી બધી રીતે છતાં મેં કોઈ પણ રીતે,
બધાંની સાથ મન દિલથી ન આભડછેટ રાખી છે.

મનાદિના બહુ રીતના અનેકે ભંગને વિશે,
બહુ બહુ રીતના રંગ અમે જોયા કરેલા છે.

છતાં તે ભંગના રંગે ગયા પલળી ન પૂરા જે,
કૃપાના માત્ર સદ્ભાગ્યે બચાવાયું જીવનને છે.

ફળવવાને હૃદય લગની શી આતશ જેમ લાગેલી !
મને શો પાંસરોદોર રખાવ્યો છે જીવન પથથી !

હરિઃૐ

# નિરંતર શીખતો રહીને અનુભવવું થયેલું છે

અખંડ ધ્યેયને પૂરું હૃદયથી જાળવીને તે,
પૂરું દિલ સાચવીને જે થયેલું વર્તવાનું તે.

કદીક ગંભીર શી ભૂલો જીવનમાં થઈ ગયેલી છે !
મળેલો બોધ તેમાંથી, થતી ભૂલો સુધારી છે.

જીવનમાં ધ્યેય શીખવાનું પરંતુ માત્ર જેનું છે,
નવું જેમાંથી તેમાંથી મળે શીખવાનું તેવાને.

કળા લગનીતણી મસ્ત ખૂબીથી ભવ્ય ભરપૂર છે,
નિરંતર શીખતો રહીને અનુભવવું થયેલું છે.

હરિઃૐ

## કહીંનો કહીં ચગાવીને ઊંધાં ચશ્માં ચઢેલાં છે

કદીક જ્યાં ધૂન ને લગનીતણો ઊંડો પ્રભાવ જ તે
-થતાં મોળો, જીવન વિશે શું ઉલ્કાપાત જાગ્યો છે !

વિચારોના વિમાસણના બીજે પાટે ચઢાઈને,
કહીંનો કહીં ચગાવીને ઊંધાં ચશ્માં ચઢેલાં છે.

બધું ચિંતવવું જીવનનું જીવનના ધ્યેયની રીતે,
તહીં બદલાઈ, શું પાછો જૂનો સ્વાંગ સજાયો છે !

છતાં પાછી લગન ધૂને પડંતાં લાત છાતી પર,
ચઢી કેવું જવાયું છે ! જઉં વારી કૃપાની પર.

હરિઃૐ

## તમન્નાની અગન પોતે છૂપી કદી ના રહી શકશે

જીવનમાં મોહને માટે ફના કોઈક થયેલા છે,
ગુમાવાની બધું એને શી તત્પરતા ઊંડી દિલ છે !

પ્રકૃતિના જ સંસારે જીવન જો આમ બનતું છે,
**હરિ**ને માટ તો પછીથી જવાનું છે મટી હર્ષે.

છતો કરવા જીવનમાં જો **હરિ**ને દિલ તમન્ના છે,
તમન્નાની નિશાની તે જણાવી જોઈશે નિશ્ચે.

તમન્નાની અગન પોતે છૂપી કદી ના રહી શકશે,
તમન્ના દિલ લાગેલી મનાદિને પરોવે છે.

જીવનમાં નિજ સંસાર ન માંડી કોઈ પણ દેશે,
અનુભવવા **હરિ**ને પણ પદે હોમાઈ જવું પડશે.

હરિઃૐ

## થતા અવરોધ ઓગળવા હરિપદ ચિંતવેલા છે

જીવનને ઓળઘોળ જ તે કરી નાખેલ પદ પદ્મે,
હૃદય પ્રસ્થાપિયા ભાવે ચરણને સેવી સેવીને.

જીવનમાં ગુણસમુચ્ચયને **હરિ** ભજવા શું ખપ લાગે !
હૃદય સાકાર કરવાની ધૂને, રઢ લાગી કેવી છે !

જૂના સંસ્કાર કિંતુ સૌ ઊભળતા તે રહ્યા કરીને,
થઈ અવરોધ પથ વચ્ચે ઊભા કેવા રહે છે તે !

તમન્ના અગ્નિના જેવી હૃદય લાગેલ છે તેને,
થતા અવરોધ ઓગળવા **હરિ**પદ ચિંતવેલા છે.

હરિઃૐ

# જીવનની ધ્યેય લગનીએ નિરાશાને ન જાણી છે

ઊંધુંચત્તું જીવન વિશે કદીક કેવું ચલાયું છે !
પરંતુ ધ્યેય હોવાથી તરત ત્યાં લક્ષ જાગ્યું છે.

ફરી ફરીને જીવન ધ્યેય પરત્વે લક્ષ ધારીને
-સતત ચાનકથી ધાર્યું છે, હૃદય મથવાનું પ્રેરાઈ.

મથામણ-ચંક્રમણ વિશે સતત બસ એકધારું ત્યાં,
અને એકીટશે કેવું જીવંતું લક્ષ રાખ્યું છે !

જીવનની ધ્યેય લગનીએ નિરાશાને ન જાણી છે,
હતોત્સાહ થવાનું પણ ન એને સ્વપ્ન ઊગ્યું છે.

જીવનના ધ્યેયની આશા શી ધગધગતી જલંતી છે !
હૃદય ઉત્સાહનો એનો શું ગર્જતો જ રણકો છે !

હરિઃૐ

## સમુદ્રો પણ કુદાવાને તહીં શું જોમ ફૂટે છે !

જબરજસ્ત જીવનમાં શા અમે બહુ જંગ ખેલ્યા છે !
જરા સરખી કશી એમાં અમે ના ધાડ મારી છે.

હૃદયમાં લગની ભડભડતી જહીં ધગધગતી લાગે છે,
સમુદ્રો પણ કુદાવાને તહીં શું જોમ ફૂટે છે !


સતત અભ્યાસને લીધે હૃદયમાં લગની પ્રગટી છે,
અને એને લીધે ભારે પરાક્રમ શાં થયેલાં છે !

બધું જે તે થવા વિશે કશી ના મોથ મારી છે,
કૃપાથી લગની લાગેલીતણો એવો પ્રતાપ જ છે.

હરિઃૐ

# ખંડ - ૮

# સાધનામાં મથામણ અને પુરુષાર્થ



થતો જે ભાવનાથી શ્રમ, ભલે તેથી મળે ફળ ના,
પરંતુ ભાવ હેતુનો પરિશ્રમ ક્યાંય મિથ્યા ના.

હરિઃૐ

## સતત મંડ્યા રહેવાતાં, જીવન શ્રેય સધાયે છે

જુદું જુદું બધું શિક્ષણ મળ્યું અભ્યાસમાંથી તે,
'સતત અભ્યાસ'ને તેથી શ્રીસદ્ગુરુ દિલ માન્યો છે.

સતત અભ્યાસ જેનો છે, નવું આગળનું શીખવાનું,
બધું સાંપડવું તેમાંથી ખરેખર શક્ય બનવાનું.

સતત અભ્યાસમાંથી તો જીવન વૈરાગ્ય પ્રગટે છે,
સતત અભ્યાસ, વૈરાગ્યે જીવન તારતમ્ય ઊગે છે.

સતત બસ એકનો એક જ જીવન પુરુષાર્થ કરતાં તે,
સતત મંડ્યા રહેવાતાં, જીવન શ્રેય સધાયે છે.

હરિઃૐ

## થતું સૌ તે કર્યાં કરીને, કમરને તોડી નાખી છે

જીવનના ધ્યેયને મૂર્ત સ્વરૂપ પૂરું અપાવાને,
થતું સૌ તે કર્યાં કરીને, કમરને તોડી નાખી છે.

બહુ મુશ્કેલી ને પ્રશ્નો, ગહન ગંભીર આવ્યા છે,
છતાં તેમાં ન અટવાયા, લગન ભડભડતી એવી તે.

ભૂલેચૂકે કદીક પણ જ્યાં છટકવાનું થયેલું છે,
અચાનક જાગ્રતિ તેની શી ઓચિંતી ફૂટેલી છે !

હૃદયની સાવધાનીએ, ખરેખર સાવચેતીએ
-પથે સીધો દઢાવીને જીવંતો પંથ રાખ્યો છે.

હરિઃૐ

## ન કંઈ આરામ શોધ્યો છે, સતત મથવાનું રાખ્યું છે

કદી ના આંખ મીંચી છે, કદી ના ઊંઘ લીધી છે,
ન કંઈ આરામ શોધ્યો છે, સતત મથવાનું રાખ્યું છે.

ઉઘાડી આંખ રાખીને, શું લક્ષ ટેરવે ધરીને !
મનાદિને સતત ધ્યેયે જીવંતાં ધારિયાં ભાવે.

કદીક કેવાં મનાદિએ બહુ તોફાન જગવ્યાં છે !
પરસ્પર સાથ, સુમેળ જીવંતો દિલ ન રાખ્યો છે.

કૃપાથી તે સમય કેવું તટસ્થ, સ્વસ્થ થઈ ઊંડું !
મનવવાને બધાંને ત્યાં, થતું સઘળું કરેલું છે !

હૃદયનો ભાવ સંપૂર્ણ થતો ઊર્ધ્વ ગયેલો જ્યાં,
મનાદિ જે બધાં ત્યારે મનાઈ શાં ગયેલાં છે !

હરિઃૐ

## સતત બસ માત્ર મથવાનું અમે જે શિર લીધેલું છે

જીવનમાં આડફંટે શો કદીક ચાલી ગયેલો જે !
વળી પાટા ઉપરથી તે હું ઊતરી શો ગયેલો જે !

ફરીથી આવતાં ભાને શું પાછાં ડગ ભરેલાં છે !
બધું ભરપાઈ કરી દેવા જહેમત ત્યાં ઉઠાવી છે.

પુરુષાર્થ થયેલો જે પ્રમાણે ફળ મળ્યું ના છે,
છતાં અફસોસ તેનો તો કદી ના દિલ ધરેલો છે.

સતત બસ માત્ર મથવાનું અમે જે શિર લીધેલું છે,
જીવનનું કર્મ સમજી તે સતત વર્ત્યાં કીધેલું છે.

હરિઃૐ

## અડીખમ ટેકવાળો તેં મને કેવો રખાવ્યો છે !

મથામણની સતત ધારા જીવન વહેતી રહેલી જે,
કદીક ફટકા ભયંકર શા પથે મુજને પડેલા છે !

કદીક હું તેની સાથે શો જરૂર અથડાઈ પડેલો છું !
ચૂરેચૂરા થતાં કેવો કૃપાથી ત્યાં બચેલો હું !

છતાં શો ત્યાં હું અફળાયો ! શું પછડાયો ભયંકર છું !
છતાં ખંખેરીને પાછો પથે ઉદ્યત ઊભેલો છું.

ધીરજ, ઉદ્યોગ ને ખંત પથે હિંમત શું પ્રેરીને !
અડીખમ ટેકવાળો **તેં** મને કેવો રખાવ્યો છે !

હરિઃૐ

## મથામણમાં જરા સરખી મણા બાકી ન રાખી છે

અમે જેમાં અને તેમાં જીવનના ધ્યેયને ફળવા,
બધાયે એકસરખાં ત્યાં હૃદય દૃષ્ટિ પરોવ્યાં શાં !

સતત બસ એકની એક જ મથામણમાં રહેવાને,
સતત ઉદ્યોગ ને ખંતે બધો ઉદ્યમ કીધેલો છે.

મથામણમાં જરા સરખી મણા બાકી ન રાખી છે,
થયું જે જે બધું તે તે **હરિ**પદ સોંપી દીધું છે.

ફળવવાને જીવન **એણે** મથાવ્યો જે રીતે મુજને,
હૃદય સહકાર સંપૂર્ણ કૃપાથી ત્યાં દીધેલો છે.

ભૂલેચૂકે કશા વાંધા પડ્યા ના સાધના વિશે,
શી ચાનક, જાગ્રતિ એવી થકી જે તે થયેલું છે !

શી એવી સાવધાનીનો બધો મહિમા ખરેખર છે !
ખબરદારી, ટટારીયે બધી એને લીધે શી છે !

હરિઃૐ

# ફળવવા પૂર્ણ સાકાર જહેમત નિત્ય કીધી છે

નવું જૂનું થયાં કીધું જીવનમાં અવનવી રીતે,
છતાં મેં તે પરત્વે તો કશું ના લક્ષ દીધું છે.

જીવનના ધ્યેયને માત્ર હૃદય એકીટશે ધારી,
ફળવવા પૂર્ણ સાકાર જહેમત નિત્ય કીધી છે.

સતત મથવું, સતત મથવું મથ્યા વિણ એક પળ પણ જે
-કદી ખાલી ગઈ ના છે, શી લગની એવી લાગી છે !

સતત એવી મથામણથી જીવન અમૃત લાધ્યું છે,
પખાળી તેથી **હરિ**પદને, પદામૃતને પિવાયું છે.

હરિઃૐ

# પરંતુ હેતુપૂર્વકનું મથાતાં જોમ ફૂટે છે

નિરર્થક શી જતી લાગે મથામણ એવી રીતની જે !
પરંતુ હેતુપૂર્વકનું મથાતાં જોમ ફૂટે છે.

જીવન ધ્યેય ફળવવાને હૃદય નિશ્ચય થયેલો જે,
જીવનનું કેટલું મોટું ખરું સદ્ભાગ્ય કેવું તે ।

મરણિયા ટેક ને વૃત્તિ રહેવાયું અડગ ઊભું,
લથડિયું ત્યાં ખવાતાંમાં ટટારી પાછી ઊગી શું !

પથે ચડવું અને પડવું અનેકે વાર એ રીતે,
કુદરતી ક્રમતણી રીતે જીવનમાં તો થયેલું છે.

પરંતુ એકની એક જ હૃદયમાં વાત ધારીને,
જીવનના ધ્યેયને જીવતું સતત રાખ્યા કરેલું છે.

હરિ:ૐ

## ગમે તેમ થતાં, તોયે જવાવાનું હવે પારે

શું પા પા પગલી ચાલીને બઢેલો પંથ આગળ હું,
છતાં પાછું અકસ્માતે પડાયું બેસી હેઠું શું !

થતાં ભાન પૂરું એનું કૃપાથી દિલ જાગીને,
સવેળા પ્રાપ્ત તે કર્મે ફરી વળગી પડેલો જે.

પછીથી વેગ પુરુષાર્થે પ્રગટી પ્રગટી ભયંકર જે,
પથે ક્યાંનોય તે ક્યાંય મને ઉરાડી મૂક્યો છે.

હૃદયમાં આત્મવિશ્વાસ મને મુજમાં સ્ફુરેલો છે,
'ગમે તેમ થતાં, તોયે જવાવાનું હવે પારે.'*

* ફાજલપુરમાં શ્રી રમણભાઈ અમીનના બંગલામાં રચાયેલું.

હરિઃૐ

# થતા અભ્યાસથી તેવા ઊંડી શક્તિ ખીલંતી છે

જીવન જ્યાં મુસીબતો આવી પથે અવરોધ કરવાને,
શું બમણા વેગથી ત્યારે મથાયું છે કૃપા કરીને !

થતા એવા પ્રકારે જ્યાં, ઊંડો અભ્યાસ પડતો છે,
થતા અભ્યાસથી તેવા ઊંડી શક્તિ ખીલંતી છે.

થતાં ઉપયોગ શક્તિનો પથે જ્યાં હેતુપૂર્વકનો,
તહીં શક્તિનું તે જોશ પ્રસરાતું જીવન તો.

જીવનનાં જેટલાં પાસાં, ખરેખર શક્તિનાં તેમાં
-અનુભવમાં પ્રવર્તેલાં બધાં ત્યાં લાગતાં પાસાં.

હરિ:ૐ

## હૃદય ચિનગારી ચાંપીને પથે શો પ્રકાશ પાડ્યો છે !

ફળવવા ધ્યેય જીવનનું પથે સડસડાટ દોડીને,
સતત તે ધ્યેય દિશાની પરત્વે લક્ષ રાખ્યું છે.

વળાંકો કેટલા એવા ભયંકર પંથ આવ્યા છે,
'પથે બઢવું કઈ રીતે ?' ગતાગમ કંઈ પડી ના છે.

વળાંકોમાં કઈ રીતનો પથે લેવો વળાંક જ તે,
ઊંડું ઊંડું મથાયું છે, છતાં ના સૂઝ ઊગી છે.

ભુલભુલવણી વળાંકોની પથે જ્યાં આવી ચૂકી છે,
**હરિ**એ આંગળી ત્યારે કૃપા કરીને ચીંધેલી છે.

વળી ત્યાં આવતા એવા વળાંકોમાં મને **હરિ**એ,
હૃદય ચિનગારી ચાંપીને પથે શો પ્રકાશ પાડ્યો છે !

હરિઃૐ

## મથામણથી શું જીવન આ રસાયણ તો થયેલું છે !

જુદી જુદી રીતની કેવી મળી કમબખ્તી જીવનમાં !
ગયેલો હું દબાઈ શો પૂરી લાચાર સ્થિતિમાં !

ઉપર આવી જવાકેરો પુરુષાર્થ થયેલો જે,
પડ્યો પુરુષાર્થ ટૂંકો ત્યાં પૂરી ફાવટ ન આવી છે.

પરંતુ આવડ્યું તેવું સતત મથવાનું રાખીને,
જીવનમાં આવડ્યા તેવા બધા મેં દાવ ફેંક્યા છે.

મથામણથી હૃદય હિંમત શી ફૂટવા લાગી ચૂકી છે !
જીવનમાં આત્મવિશ્વાસ જીવંતો તેથી લાગ્યો છે.

પછીના તે પ્રયત્નોમાં ખરેખર **પ્રાણ** ઊગ્યા છે,
મથામણથી શું જીવન **આ રસાયણ** તો થયેલું છે !

હરિઃૐ

## અનેકે વાર એ રીતે કૃપાએ ઉથલાવ્યો છે

જીવનમાં કેટલાં કેવાં મને વળગ્યાં હતાં લફરાં !
મથામણની શી રામાયણ છુટાવાને થયેલી ત્યાં !

શી ધ્યેયની ઊલટી ગંગા વહેતી જોઈને ત્યારે !
હૃદયમાં ક્રાંતિપ્રેરક તે પડેલી ફાળ છે ભારે.

અનેકે વાર એ રીતે કૃપાએ ઉથલાવ્યો છે,
ઊલટપાલટની પ્રક્રિયા થયેલી છે જીવન વિશે.

મથામણનો સતત એવો મહાસંગ્રામ જીવનમાં
-રચાઈને, મને ભરડો ભયંકર શો દીધેલો ત્યાં !

છતાં જ્યાં ધ્યેયની લગનીતણી પણ ભીંસ ભારે છે,
મને તેણે જ લફરાંથી બહુ વેળા ઉગાર્યો છે.

હરિઃૐ

## ચડી ચડીને, ફરી ફરીને, ઊઠી ઊઠીને જ ચાલ્યો જે

જીવનમાં ચાલવા કેરો સતત યત્ન કીધેલો છે,
મથ્યા કરવા વિશે ઊંડો સતત રોકાયેલો શો જે !

મથ્યા વિના કદી જેને ન કંઈ આરામ મળતો છે,
મથામણમાંથી શીખવાનું હૃદય રાખેલ જેણે છે.

સતત ઉદ્યમ, ધીરજ, ખંતે પથે સાહસ ને હિંમતથી
-ધપ્યાં કરવાનું જાણીને સતત પગ, હાથ ચલવ્યા છે.

કદીયે બેસી રહેવાનું ભૂલેચૂકે ન કીધું છે,
ચડી ચડીને, ફરી ફરીને, ઊઠી ઊઠીને જ ચાલ્યો જે.

જીવનના યજ્ઞને ભાવે સતત ચલવ્યા કરેલો છે,
કૃપાથી કંઈ જ ભૂલચૂકને ન રહેવા સ્થાન દીધું છે.

હરિઃૐ

## મથ્યા કરવાનું જીવનમાં કૃપાથી એકલું જાણ્યું

શરૂ કરવા જીવન નૂતન મને હાકલ મળેલી છે,
હૃદય દીક્ષિત કરી મુજને જીવન આદેશ આપ્યો છે.

કંઈક સાધન બતાવેલાં, કરી જ્યાં તે ચૂકેલો છું,
નવું સાધન બતાવીને જવા આગળ ધપાવ્યો છે.

કદીક ઢીલો પડેલો જ્યાં, કદીક મંદ થયેલો છું,
હૃદય ઉત્સાહનો પાનો મથંતાં દિલ પ્રગટ્યો છે.

મથ્યા કરવાનું જીવનમાં કૃપાથી એકલું જાણ્યું,
બીજું કરવાનું જે જે કંઈ વિસારે મૂકી દીધું સૌ.

જીવનનો ધર્મ જે સાચો, જીવન જેથી કમાવાનું,
ધરી ત્યાં લક્ષ સંપૂર્ણ, અમે તે તે કરેલું સૌ.

હરિઃૐ

# પરંતુ ભાવ હેતુનો પરિશ્રમ ક્યાંય મિથ્યા ના

મથી મથીને, બહુ મથતાં છતાં દળદળ ફીટ્યું ના છે,
છતાં હિંમત ન હાર્યો છું, ફરી તોયે મથેલો જે.

બહુ શોધ્યું, બહુ શોધ્યું, છતાં ના હાથ આવ્યું છે,
છતાં રળવાનો નિશ્ચય તે કદી મૂકી દીધો ના છે.

થતો જે ભાવનાથી શ્રમ, ભલે તેથી મળે ફળ ના,
પરંતુ ભાવ હેતુનો પરિશ્રમ ક્યાંય મિથ્યા ના.

થતા પુરુષાર્થમાં ભાવ અને હેતુ ધરાયો જે,
બધું પરિણામ નિશ્ચે તો પ્રગટવાનું જ તેનું તે.

હરિઃૐ

# ધરેલા ટેકનું ભાવે અમે પાલન કરેલું છે

સતત મથતા રહ્યા કરીને રહી વળગી જ નિશ્ચયને,
ધરેલા ટેકનું ભાવે અમે પાલન કરેલું છે.

થતાં ભૂલચૂક સહેજેયે કશું ના માફ કીધું છે,
પૂરી શિક્ષા બધી તેની જરૂરથી ભોગવેલી છે.

ક્ષમાની યાચના દિલથી **हरि** પાસે ન માગી છે,
*થયાનું સર્વ ભોગવવા શી તત્પરતા જ સેવી છે !

જીવનમાં કર્મ જે બનતું બધું પરિણામ તેનું તે
-જરૂર તે **आज** કે **काल** નીપજવાનું જીવન વિશે.

---

* કરેલાનું

હરિઃૐ

## રસાયણથી જીવન કેવું બધું બદલાતું ચાલ્યું છે !

મથામણ છે, મથામણ છે, જીવનમાં શી મથામણ છે !
શું પારાવાર એનો તો અનેકે વિધનો શો છે !

મથામણમાં કૃપાથી શો હૃદયનો ભાવ રેડાતાં,
મથામણમાંથી ફોર્યા છે નવા જીવનના **પ્રાણ** જ શા !

રસોત્સાહ મથામણમાં જીવનમાં જ્યાં પ્રગટતો છે,
સતત બસ માત્ર મથવામાં પછી કૂદી પડે દિલ તે.

પછી મથવું, ન મથવું તે, પરંતુ શું જીવનનું તે
-ગહન તે પ્રક્રિયાકેરું રૂપાંતરનું રસાયણ છે.

રસાયણથી જીવન કેવું બધું બદલાતું ચાલ્યું છે !
નૂતન, નૂતન સ્વરૂપથીયે શું અંતિમ રૂપ ન્યારું છે !

હરિઃૐ

## જીવનમાં માત્ર એક જ છે અભિલાષા ફળવવાને

જીવનમાં કેટલો કેવો બહુ જગ્યા વિશે જ્યાંત્યાં
–ખરેખર આથડેલો શો ! વળી રખડેલ પણ જ્યાંત્યાં.

'બધુંયે લક્ષ વિનાનું જીવનમાં તો થયેલું છે',
જીવન આદર્શ લાધ્યાથી બધી સમજણ પડેલી તે.

નવું જીવન ઊગેલું જે પથે ત્યાં દિલ પ્રવેશાવા,
હૃદય ઉત્સાહની ભરતી ચઢેલી ત્યાં ચરમ સીમા.

જીવનમાં માત્ર એક જ છે અભિલાષા ફળવવાને,
મથી મથીને પૂરો જેનો નિવેડો લાવવાનો છે.

જીવનમાં આજ કે કાલ ફળી શકનાર નિશ્ચે જે,
શું એંધાણ મથામણનાં થતાં પ્રત્યક્ષ શાં રહે છે !

હરિઃૐ

## નરી આફતની વચ્ચેયે ઉપર ચઢવું, જીવન તે છે

નિરંતરની મથામણમાં જહીં અટવાઈ જવાયું છે,
મહીંથી જોમનો જુસ્સો અચાનક શો ફૂટેલો છે !

શી અણધારેલ તે મદદે ટકાવીને જિવાડ્યો છે
-જીવનની સાધના વિશે ! હું અધવચમાં રવડતાને.

પથે જ્યાં ત્યાં જીવન વિશે સરળતા ના પૂરી કહીં છે,
નરી આફતની વચ્ચેયે ઉપર ચઢવું, જીવન તે છે.

અનેકે વાર ચઢ ઊતર જીવનમાં જે થયેલી છે,
છતાં પ્રત્યેક વેળાએ વધુ ઊંચે ચઢાયું છે.

હરિઃૐ

# મથામણ પ્રક્રિયામાંથી જીવન શિક્ષણ મળેલું છે

જીવનમાં ચાલી ચાલીને જીવન પથ કાપવાનો તે,
પરિશ્રમ ઉગ્રમાં ઉગ્ર કૃપાથી શો થયેલો છે !

જીવનની સાધના વિશે અનોખી રીતના એવા
-પરિશ્રમ જે થતા રહેતા, છતાં તે તે ન ફળનારા.

છતાં તે તે પ્રયત્નોમાં મથામણ જે થયેલી છે,
મથામણ પ્રક્રિયામાંથી જીવન શિક્ષણ મળેલું છે.

ફળે કે ના ફળે કિંતુ જીવંતો હેતુ જેમાં છે,
બધા તેવા પરિશ્રમથી જીવન **આ** કેળવાતું છે.

બહુ રીતની જ કેળવણી જીવનની શી અનોખી છે !
શીખ્યાથી તે, શું આસક્તિ, વ્યસન લાગ્યાં **હરિ**પદ તે !

હરિઃૐ

## સતત એવી તકેદારી કૃપાથી તો રખાઈ છે !

'થતા પુરુષાર્થમાં ખામી કશી પામે ન રહેવાને',
સતત એવી તકેદારી કૃપાથી તો રખાઈ છે.

જીવનના ધ્યેયની લગની હૃદય લાગેલ શું તેણે
-જબરજસ્ત મહા ભારે જીવન કર્મો કરાવ્યાં છે !

જીવનની સાધના ફળવા જીવન કર્મ થયેલાં જે,
થતાં એવાં જ કર્મોથી જીવન હેતુ સધાતો છે.

પ્રભુપ્રીત્યર્થ કર્મોમાં નિદિધ્યાસન સતત હૃદયે
-જીવંતું ભાવ હેતુનું રહ્યા કેવું કરેલું છે !

હરિઃૐ

## બહુ મથતાં, બહુ મથતાં, તણાવાથી બચાયું છે

કૃપા, પુરુષાર્થનો મેળ જીવનમાં જ્યાં સધાયો છે,
જહીં એમાં પૂરેપૂરા જીવંતા **પ્રાણ** ધબક્યા છે.

થતા પુરુષાર્થમાં ત્યારે શી રોનક ઑર પ્રગટે છે !
હૃદયથી પ્રેરણાનો શો ફુવારો ગૂઢ ફૂટે છે !

હૃદય ઉત્સાહની ભરતી પ્રચંડ શી ચડે ત્યારે !
પછી એ વેગથી કેવું ઉપર ઉપર ચઢાયે છે !

તુરત પછી શી જબરજસ્ત જીવનમાં ઓટ આવે છે !
અને એ ઓટમાં ટકવું, ઊભા રહેવું જ કપરું છે.

કૃપા પુરુષાર્થથી ત્યારે શી શક્તિ દાખવાઈ છે !
બહુ મથતાં, બહુ મથતાં, તણાવાથી બચાયું છે.

હરિઃૐ

## અશક્ય લાગતો એવો શું પુરુષાર્થ કરાવ્યો છે

સતત બસ એકને ભાવે હૃદય પકડી રહીને તે,
જીવનમાં તે વિશે કેવું અમે લક્ષ લગાડ્યું છે !

પથે શા અંતરાયો પણ જુદા જુદા નડેલા છે !
કૃપાએ થાબડી પીઠને તહીં સાવધ દઢાવ્યો છે.

અનુભવવા હૃદય ઊંડો ખરેખર સ્વાર્થ લાગ્યો જે,
અશક્ય લાગતો એવો શું પુરુષાર્થ કરાવ્યો છે !

ભયંકર પહાડ વચ્ચે ને પથે આવી ઊભેલા જે,
કુદાવા તે હૃદય હિંમત શૂરાતન ભવ્ય પ્રેર્યાં છે.

ઊંચી ઊંચી છતાં સૂક્ષ્મ ભૂમિકાનાં કળણ વિશે,
કદીક કેવો ફસાયો જ્યાં, કૃપાએ તારવેલો છે.

હરિ:ૐ

# જીવનને કોરું સંપૂર્ણ થવા યત્નો કીધેલા છે

જીવનમાંનું જૂનું જૂનું બધું ભૂસવું પડેલું છે,
જીવનને કોરું સંપૂર્ણ થવા યત્નો કીધેલા છે.

મગતરું તે ઊડી ઊડીને કહીં સુધી ઊડી શકશે ?
મૂરખની તેવી આ ચાલ થકી શું કંઈ થવાનું છે ?

છતાં **हरि** આશ્રયે મેં તો ઊભેલો પહાડ જે વચ્ચે,
શું તોડી નાંખવા તેને કમર કસીને મથેલો જે !

'ફવાશે કે ફવાશે ના' કશું ના તે વિચાર્યું છે,
સતત બસ માત્ર મથવાની રમતમાં હું પડેલો જે.

હરિઃૐ

# બધું ખાવાનું પીવાનું, પૂરું ત્યાં છોડી દીધું છે

જીવનના ધ્યેયની ઉત્કટ ગરજ ને સ્વાર્થ લાગે છે,
કદી ત્યાં હાથ જોડીને ન રહેવાનું જ બેસી તે.

ગરજ ઉત્કટ જીવન વિશે હૃદયમાં લગાડવાને તે
-સતત અભ્યાસમાં, કેવો રહ્યા મંડ્યા કરેલો જે !

કદીક કોઈ કારણે ભૂલ ભૂલેચૂકે થયેલી છે,
બધું ખાવાનું પીવાનું, પૂરું ત્યાં છોડી દીધું છે.

જીવનમાં એ રીતે જ્યારે હૃદય વર્તન થયેલું છે,
પ્રમાણિકતા, વફાદારી હૃદય જાગેલ છે ત્યારે.

હરિઃૐ

## ધબકતા પ્રાણ ને ભાવ હૃદય તેમાંથી નીતરે છે

હૃદય ઊગેલ સાધનમાં પુરુષાર્થે મથાયું છે,
થતી એકાગ્રતામાંથી બીજાં સાધન ઊગેલાં છે.

જુદી જુદી રીતે એવાં કંઈક સાધન મળેલાં છે,
થતા અભ્યાસ તે સૌનો પ્રવેશાયું શું ઊંડે તે !

સતત અભ્યાસ એવાથી સતત રમમાણ તે વિશે
-રહ્યા કરવાથી ભાવે ત્યાં, શું તેમાં રસ પડેલો છે !

ઊંડો રસ લાગતાં પછીનો, થતો પુરુષાર્થ જે રહે છે,
ધબકતા **પ્રાણ** ને ભાવ હૃદય તેમાંથી નીતરે છે.

હરિઃૐ

## -હરિમાંથી જ જે તે કંઈ પરાવર્તન થયેલું છે

કૃપા, પુરુષાર્થ બેઉએ મૂળે તો **એક**માંથી છે,
પરંતુ પ્રકૃતિમાં તો ઉભય શાં નિરનિરાળાં છે !

અનુભવવા કૃપા **હરિ**ની ઊગ્યાં સાધન કરેલાં છે,
કૃપાના આશ્રયે તેથી બધો પુરુષાર્થ કીધો છે.

પ્રભુપ્રીત્યર્થ ને પાછો પ્રભુનાથી થયેલો જે,
સમજી તેમ ઊંડું ઊંડું સ્વીકારી દિલ લીધેલું તે.

બધું તો એકનું એક જ ખરેખર અંત સરવાળે
-**હરિ**માંથી જ જે તે કંઈ પરાવર્તન થયેલું છે.

હરિઃૐ

## થતા પુરુષાર્થમાં પછીથી છટા શી ઑર ભભૂકી છે !

જીવન અજ્ઞાનમયથી તે જીવનને જ્ઞાનમય પંથે
-જવા દોરી **હરિ**એ તો મને દીક્ષા દીધેલી છે.

નૂતન પ્રગટાવવા કાજે મને સાધન જુદાં જુદાં
-કૃપાથી આપિયાં કેવાં જીવનના તત્ત્વને શીખવા !

ગયું સમજાતું જ્યાં કંઈક, હૃદયમાં આત્મવિશ્વાસ
-તણી ઉષ્મા શી ઝળહળતી, પ્રકાશી દિલ સંપૂર્ણ !

થતા પુરુષાર્થમાં પછીથી છટા શી ઑર ભભૂકી છે !
શી ઉડ્ડયનશીલ ત્યાં પાંખ કૃપાએ તો ઉગાડી છે !

હરિઃૐ

# હિમાલય જેટલો મોટો હૃદય ઉત્સાહ વ્યાપ્યો છે

જીવનમાં કોઈ પણ રીતે ન ચાલ્યા કંઈ સીધી રીતે,
પથે વાંકાચૂકા ચાલી, ઉઝરડા દિલ થયેલા છે.

શરીર પર તો કદીક કાપા નીગળતા લોહીના શા તે !
ચચરતી લાગણીથી શા અમે પાછા વળેલા તે !

પછી તો **हरि** ભજવાતણું દિલ જે થયેલું છે,
હિમાલય જેટલો મોટો હૃદય ઉત્સાહ વ્યાપ્યો છે.

હૃદય પ્રગટેલ ઉત્સાહ થતા પુરુષાર્થમાં તેને
-ઉમળકાથી જ જોડીને, પૂરો ઉપયોગ કીધો છે.

સતત પુરુષાર્થના એવા જીવનના યજ્ઞની વિશે
-જીવનની આહુતિ ભાવે, કૃપાથી ત્યાં અપાઈ છે.

હરિઃૐ

## બધા પુરુષાર્થમાં તેવા શું કંડાર્યો હરિને છે !

રખેવાળ જીવનનો શો સમર્થ તે **હરિ** મુજ છે !
બધી ચિંતા **હરિ** ચરણે હું સોંપીને મથંતો જે.

મથ્યા ના કોરું કીધું છે, પરંતુ તે મંથન વિશે
-સ્મર્યાં **હરિ**ને કર્યાં કરીને, બધું મથવાનું કીધું છે.

જીવન ધ્યેય ફળવવાને થતો પુરુષાર્થ કીધો જે,
બધા પુરુષાર્થમાં તેવા શું કંડાર્યો **હરિ**ને છે !

જુદા જુદા તબક્કામાં જીવનના તે સમય **હરિ**યે
-જુદાં જુદાં સ્વરૂપે શો શું પ્રગટેલો જીવન વિશે !


પરંતુ ભાવ જ્યાં સુધી જીવંતો દિલમાં ત્યાં છે,
**હરિ**નું યોગ્ય સંપૂર્ણ સ્વરૂપ સાચું ન માન્યું તે.

શું ભાવાતીત જીવનમાં સ્વરૂપ **હરિ**નું પ્રગટતાં તે
-સ્વરૂપ અનુભવ અતીત પાછું નિરાકાર **હરિ**નું તે.

હરિઃૐ

# ખંડ - ૯

# જીવનસાધનાનાં વિવિધ વહેણો



હૃદયની જાગ્રતિ વિના પળેપળની, જીવનની તે
-સધાવી સાધના શક્ય કદી પણ ના કશી રીતે.

હરિઃૐ

# ઉપાયો ને ઉકેલોને મથેલો શોધવા ત્યારે

કદીક સંસારમાં દવ શો હતો સળગેલ પૂરો તે,
ત્યહીંથી નાસી છૂટવાનું થયેલું મન હતું ત્યારે.

'છતાં એવી છટકબારી', શી નાલેશી જીવનની છે !
હૃદયની પાકી સમજણથી ન નાસી તો છુટાયું છે.

હૃદયની ઉગ્ર અકળામણ બનેલી તીવ્ર શી ભારે !
**હરિ** સંભારવાનું તો થયેલું દિલ હતું ત્યારે !

અનેકે એવી ઉપાધિ જીવન આવી પડેલી છે,
ઉપાયો ને ઉકેલોને મથેલો શોધવા ત્યારે.

થઈ એકાગ્ર તે વિશે મતિથી કામ ત્યાં લઈને,
**હરિ**ને દિલ સ્મરી સ્મરીને, બધું ત્યાં પાર પાડ્યું છે.

હરિઃૐ

## ફળવવા સ્વાર્થને કેવાં હૃદય સાધન ઊગેલાં જે

નજર પ્રત્યક્ષ જીવનનું ઊંડું દિલ ધ્યેય ધારીને,
ફળે શી રીત તે ધ્યેય વિચારાયું ઊંડું દિલ છે.

ઊંડો જ્યાં સ્વાર્થ લાગે છે, વિષયમાં સ્વાર્થના તે તે
-સહજમેળે પ્રવેશાતું, અગોચર દેશને વિશે.

જીવનની જે સમસ્યાઓ, રહસ્યો ગૂઢ જે જે છે,
ઊંડા એમ ઊતરાતાંમાં, બધાં ખુલ્લાં થતાં રહે છે.

ફળવવા સ્વાર્થને કેવાં હૃદય સાધન ઊગેલાં જે !
પડી તે સાધનો પાછળ સહુ કેવાં સધાયાં છે !

હરિઃૐ

## જીવનને મઠારવા કાજે હૃદય ઉદ્યત થયેલા તે

'જીવન સાથે શું મારાથી શી ધોકાબાજી કંઈ થઈ છે !
શી છેતરપિંડી એવીથી બહુ નુકસાન વહોર્યું છે !'

પછી પડતાં ખબર એની સફાળો એકદમ કેવો !
હૃદય ચોંકી ઊઠી, ચોળી અમે આંખો ઉઘાડી છે !

ઉઘાડી આંખ છે જ્યારે જીવનનું કેવું કેવું તે
-થતું દર્શન રહેલું જે ! અમે પ્રત્યક્ષ ભાળ્યું છે.

જીવનની વાસ્તવિકતાને બધી ત્યારે પિછાનીને,
જીવનને મઠારવા કાજે હૃદય ઉદ્યત થયેલા તે.

હરિ:ૐ

## હૃદય આકાશમાંથી ત્યાં સહારો શો મળેલો છે !

જુદા જુદા બહુ સ્વાદ અનુભવમાં જ આવ્યા છે,
ફળવવા સ્વાદ જે ખપનો, અમે તેને સ્વીકાર્યો છે.

જુદા જે સ્વાદ જીવનના જરૂરના જે ન લાગ્યા છે,
સમજી સમજી અમે તેને મહત્ત્વ દિલ ન દીધું છે.

સતત બસ સ્વાર્થની વસ્તુ જીવનમાં જે ગણેલી છે,
રહ્યા વળગી પૂરી રીતે હૃદય એને ગ્રહેલી છે,
કદીક છોડી શું દેવાયું ! તણાઈ શું જવાયું છે !
છતાં ડૂબી જતાં, ત્યારે **હરિ**ને સાદ પાડ્યો છે.

ઉપર તરવા મથામણ મેં કૃપાથી કંઈક કીધી છે,
હૃદય આકાશમાંથી ત્યાં સહારો શો મળેલો છે !

હરિઃૐ

## તહીં બુદ્ધિ બને પ્રજ્ઞા 'નયન ચેતનનું પોતે તે'

જીવન **આ** ગૂંચ ને પ્રશ્નો સમસ્યાથી ભરેલું છે,
મથાયું તે ઉકેલાવા જીવનની સાધના રીતે.

કૃપાથી સ્વસ્થતા બુદ્ધિ વિશે પ્રગટી ગયેલી જ્યાં,
થવા ઉકેલની ત્યારે પ્રગટતી યોગ્યતા શી ત્યાં !

સતત બસ એકનું એક જ મનન ઊર્ધ્વે થતું રહેતાં,
તટસ્થ, સ્વસ્થ શી બુદ્ધિ થતી રહેતી ખરેખર ત્યાં !

**हरि**નો ભાવ સંપૂર્ણ નિરંતર જીવતો દિલ છે,
તહીં બુદ્ધિ બને પ્રજ્ઞા 'નયન ચેતનનું પોતે તે.'

હરિઃૐ

# વિના ચૂક્યા જરી સરખો જીવનધર્મ સ્વીકારેલો

નયનમાં આંજીને તેલ સતત બસ ચોકી કરવાનો,
વિના ચૂક્યા જરી સરખો જીવનધર્મ સ્વીકારેલો.

કૃપાથી તેથી દિલ જાગ્રત, સતત શી સાવચેતીનો,
હૃદયની સાવધાનીનો, સુમેળ ત્યાં પડેલો શો !

હૃદયની જાગ્રતિ વિના પળેપળની, જીવનની તે
-સધાવી સાધના શક્ય કદી પણ ના કશી રીતે !

પલીતો દિલ ચંપાયો જીવન ધ્યેય અનુભવવા,
સતત એણે દડાવ્યો શો ! બલિહારી લગનની ત્યાં.

હરિઃૐ

# જીવન તેમ સાધના વિના કદી ના શુદ્ધ બનનારું

સુવર્ણ અગ્નિની વચ્ચે સદાનું જેમ મજિયારું,
જીવન તેમ સાધના વિના કદી ના શુદ્ધ બનનારું.

'**हरि**ને પદકમળ પાત્ર જીવનને યોગ્ય બનવાને,
ખરેખર સાધના પાત્ર જીવનમાં માત્ર સાચું તે.'

જીવનમાં દઢ રીતે પાકું વણાઈ તે ગયેલું છે,
કૃપાથી તેથી તે પંથે સતત ચાલ્યા જવાયું છે.

સતત બસ ચાલવાકેરો જીવન ઉત્સાહ ન્યારો તે,
સતત બસ ચાલવામાંથી રૂડા દી આજ ભાળ્યા છે.

હરિઃૐ

# જીવન પથ પ્રેરણા દેવા શું આમંત્ર્યો હરિને છે !

જીવનમાં સાઠમારી પણ બહુ રીતની થયેલી છે,
હું ભચડાયો શું તે વચ્ચે ! કૂચા નીકળી ગયેલા છે.

દબાવાઈ જવાતાં ત્યાં ઉપર નીચે થવાયું છે,
ભયંકર વેદનાકેરી તહીં ચીસો પડાઈ છે.

અકસ્માતે કરી ત્યારે જીવનના કોઈક સદ્‌ભાગ્યે,
**હરિ**ને દિલ સ્તવી સ્તવીને **હરિ**ને વીનવેલો છે.

મદદ મુજ આવવાને ત્યાં, સતત પડખે રહેવાને,
જીવન પથ પ્રેરણા દેવા શું આમંત્ર્યો **હરિ**ને છે !

હરિઃૐ

## નવાજૂની થતાં જે જે અચંબો દિલ થયો ના છે

નવાજૂની થતાં જે જે અચંબો દિલ થયો ના છે,
'બધો તે કુદરતી ક્રમ છે' દઢાવાઈ ગયું દિલ તે.

ચલાતું સડસડાટ જ જ્યાં ન મારાથી પૂરેપૂરું,
'શી મુજમાં ખોડખાંપણ છે !' વિચારાયું પૂરું ત્યાં તે.

'કદીક ભૂલો જણાઈ છે, કદીક શા પ્રકૃતિ ધોકે
-ચઢાવાઈ જવાયું છે !' હૃદય એવું જણાયું છે.

થતી ખામી સુધારી છે, પ્રકૃતિથી પૂરી રીતે
-થવા સાવધ કૃપાથી ત્યાં પૂરેપૂરું મથાયું છે.

હરિઃૐ

## નિરાંતે ત્યાં પડી રહી શો ! થતો પુરુષાર્થ કીધો છે

જીવન જ્યારે પથે કંઈ ના સીધે સીધું ચલાયું છે,
પથે લથડી ગયા પગ છે, તહીં ચિંતવન થયેલું છે.

'થયું મુજથી હશે કેમ ?' ઊંડું ઊંડું હૃદય એનું
-મનન, ચિંતવન થઈ થઈને ઊંડું મંથન થયેલું છે.

કદી આળસ ન સેવ્યું છે બધાં સાધન વિશે ક્યાંયે,
પ્રગટવા મંદતા દીધી ન મેં તો કંઈ કશી રીતે.

જીવનમાં ચઢઊતરકેરો શું નૈસર્ગિક જે ક્રમ છે !
પથે તે કુદરતી ક્રમનું પગથિયું આવી ઊભું છે.

બધું યોગ્ય જ પૂરેપૂરું જહીં સમજાયું પાકું છે,
નિરાંતે ત્યાં પડી રહી શો ! થતો પુરુષાર્થ કીધો છે.

હરિઃૐ

## ભરાતાં યોગ્ય ડગલાંથી બીજું ડગ ત્યાં સ્ફુરે છે જે

મળે ના ઠામ ઠેકાણું અમારે જ્યાં જવાનું છે,
કશું નિશ્ચિતપણું ત્યાં ના, છતાં જવું ત્યાં જ ધાર્યું છે.

સતત અભ્યાસમાંથી તો જવાતાં આગળે પંથે,
જણાવાનું બધું યોગ્ય નજર ખુલ્લું થતું ત્યારે.

જીવનપથમાં ભરાયેલું પથે ડગ એકલું બસ તે,
ભરાતાં યોગ્ય ડગલાંથી બીજું ડગ ત્યાં સ્ફુરે છે જે.

'હવે આગળ જવાનું ક્યાં', ન તે વિશે વિચાર્યું છે,
સૂઝેલું ડગ નિરંતર તે ભર્યાં કરવાનું રાખ્યું છે.

હરિઃૐ

## પરંતુ સ્વસ્થતાની શી તહીં દઢતા રખાઈ છે !

ઊગેલાં સાધનો વિશે ધીરે ધીરે કરી કરીને
-ભરાતાં ડગ, પછીથી શો પથે ત્યાં વેગ પકડ્યો છે !

ભયંકર વેગના તાણે બધું જે તે તણાતું છે,
પરંતુ સ્વસ્થતાની શી તહીં દઢતા રખાઈ છે !

તટસ્થ દિલ પૂરેપૂરું થયા વિના, અતિ વેગે
-શું ધસમસતા પ્રવાહોમાં, ન શક્ય સ્થિર રહેવું તે.
ટકાવું

સતત અભ્યાસમાંથી શી મળી કેળવણી તેવી તે !
કળા ઉપયોગની પાછી મથાતાં સાંપડેલી છે.

હરિઃૐ

## પડ્યા અભ્યાસમાંથી શો નવો રસ્તો મળેલો છે !

જીવનમાં ઘૂમતાં ઘૂમતાં દિશાચૂક જ થયેલી છે,
ઊઠંતાં નિમ્ન વૃત્તિઓ, તુરત ચેતાઈ જવાયું છે.

ખબરદારી ઘણી હોવા છતાં પણ, ત્યાં કદીક કેવું !
ચઢાઈ આડફંટે શું ભૂલેચૂકે જવાતું'તું !

જીવંતો હેતુ ધારીને મથ્યાનો નેકદિલીનો
-પડ્યા અભ્યાસમાંથી શો નવો રસ્તો મળેલો છે !

જીવનપથમાં નૂતન નૂતન બહુ રસ્તા મળેલા છે,
નૂતનની હારમાળામાં મળી ચેતનની પગથી જે.

હરિ:ૐ

## જીવનમાં ચાલતાં પંથે, કદીક શો થાક લાગ્યો છે !

જીવનમાં ચાલતાં પંથે, કદીક શો થાક લાગ્યો છે !
કદીક શી હામ ખૂટી છે ! ધીરજ પણ શી ખૂટેલી છે !

કશી સૂધબૂધયે ત્યારે જીવનમાં ના રહેલી છે,
શી બેહોશી વિશે એવી **हरि**ને ના ભૂલેલો જે !

ગમે તેવી દશામાંયે સ્મરણ **हरि**નું ચલાવીને,
**हरि**ને કરગરીને, ત્યાં હૃદયથી પ્રાર્થના થઈ છે.

પ્રકાશ ભવ્ય પાડીને પથે ત્યારે, કૃપા કરીને,
પતિતની સામું નીરખીને મદદ જે તે કરેલી છે.

હરિઃૐ

## થતાં ભૂલો, તહીં ચોંકી, જીવનને ત્યાં મઠાર્યું છે

જીવનની માવજતને મેં જીવન કર્તવ્ય જાણીને,
ખબરદારીથી પૂરી જે કર્યાં કીધેલ છે ખંતે.

નજરચૂક જરા સરખી થવા દીધી કદી ના છે,
થતાં ભૂલો, તહીં ચોંકી, જીવનને ત્યાં મઠાર્યું છે.

ન યદ્વાતદ્વા જીવનમાં થવા દીધું કશુંયે છે,
કૃપાની માત્ર શક્તિથી બધું તે તે થયેલું છે.

જરા સરખીય મારી ત્યાં ન એમાં હોશિયારી છે,
ફળવવા ધ્યેય લગનીની કરામત સૂક્ષ્મ તે તે છે.

હરિઃૐ

## જીવનને નવજીવન વિશે શું પલટાવી જ તે દે છે !

'ટીપે ટીપે સરોવર પણ છલોછલ તે ભરાતું છે,
ભરાતાં એક એક ડગથી, બધો પંથ કપાતો છે.'

હૃદય એવો ઊંડો ઊંડો જીવંતો ચેતનાત્મક જે
-જીવનમાં આત્મવિશ્વાસ પૂરો પ્રગટી ચૂકેલો છે.

બુલંદ નાદ ગર્જંતો ભરાતાં ડગ વિશે શો તે
-ખુમારીના ખમીરકેરો હૃદય રણકાર પ્રગટાવે !

જીવનની આત્મશ્રદ્ધા ને હૃદય ઉષ્મા સ્ફુરાવીને,
જીવનને નવજીવન વિશે શું પલટાવી જ તે દે છે !

હરિઃૐ

## કરી છે પ્રાર્થના, ત્યાં તો હરિએ હાથ પકડ્યો છે

ધીરે ધીરે ભરી ડગ હું જીવનમાં ચાલતાં શીખ્યો,
છતાં ગબડ્યો બહુ વેળા, કૃપાથી શો થયો ઊભો !

જીવનમાં ગડમથલ એવી અનેકે વાર તો થઈ છે,
પહેરીને કૃપા બખતર લડ્યાં કરવાનું રાખ્યું છે.

કદીક તો સામનો કેવો ભયંકર ત્યાં થયેલો છે !
પછી શો ખાઈ ખાઈને બહુ માર, ઢળેલો જે !

ઢળંતામાં, ઢળંતામાં, **હરિ**ને સહાય દેવાને
-કરી છે પ્રાર્થના, ત્યાં તો **હરિ**એ હાથ પકડ્યો છે.

હરિ:ૐ

## હૃદય એકાગ્રતા તેથી જબરજસ્ત ફૂટેલી છે

જુદા જુદા મળ્યા કેવા કંઈક સંજોગ જીવનમાં !
પ્રભુપ્રીત્યર્થ સ્વીકારી થયું છે વર્તવાનું ત્યાં.

થતાં રહેતાં બધાં કર્મો વિશે **હરિ** ભાવના હૃદયે,
ઊંડી તદ્રૂપ ધારીને કૃપાથી સૌ થયેલાં તે.

ઊગેલા સાધનાભ્યાસે, હૃદય ભાવે મથાયું જે,
હૃદય એકાગ્રતા તેથી જબરજસ્ત ફૂટેલી છે.

થતાં સૌ કર્મમાં **હરિ**નો ઊંડો ભાવ પ્રવર્તે જે,
હૃદય એકાગ્રતા બળનું પરિણામ ખરેખર તે.

હરિઃૐ

## પ્રભુપ્રીત્યર્થના કર્મે ટપકતો ભાવ નીરખીને

અમારા દિલની ઊંડી પ્રમાણિકતા, વફાદારી
-ઊંડી સ્નેહાર્દ્રતા પાછી થતાં કર્મો વિશે છે શી !

પ્રભુપ્રીત્યર્થના કર્મે ટપકતો ભાવ નીરખીને,
મને પણ દિલમાં ઊંડો શું હર્ષોન્માદ પ્રગટે છે !

વહાલા **શ્રીહરિ**ને તો કશુંયે ભાવ વિનાનું,
ભલે શ્રીલક્ષ્મી પોતે હો, છતાં પણ તે નકામું શું !
છતાં પણ તે ન ખપનું શું !

જીવનમાં તેથી તો ભાવ મહત્ત્વે મોખરે ધરીને,
શીખેલો ચાલવાનું હું બલિહારી કૃપાની તે.

હરિ:ૐ

# **हरि**ની નોકરી પ્રેમે અમારે ભાગ્ય આવી છે

અમારે રોટલાની તો જીવનમાં ના કશી ચિંતા,
**हरि** તે આપતો રહે છે વિના દામે સહજ રીત ત્યાં.

**हरि**ની નોકરી પ્રેમે અમારે ભાગ્ય આવી છે,
હૃદય ભક્તિ ઉમળકાથી બજાવી શા રહેલા તે !

અમારે ભાગ્ય આવેલું બધું કરી ચૂકવાના તે,
અમે બદલો કશાનોયે કદી ના માગવાના તે.

રહેલું માગવું દૂર, ન ઇચ્છા કંઈ વિશે પણ છે,
**हरि**નું ને અમારું તો કશું જુદું હવે ના છે.

બધું એકમેક સરવાળે **हरि**માં ઓતપ્રોત જ છે,
સહજમેળે બધું થાય **हरि**ની પ્રેરણાથી તે.

હરિઃૐ

# હૃદયની પ્રેરણા એવી વિશે ના જીવ વૃત્તિ છે

પૂછી પૂછીને જીવનમાં મેં કશું ના મેળવેલું છે,
મથી મથીને ઊંડું જાતે મથામણથી રળાયું છે.

મથામણમાં ઊંડો હેતુ જીવંતો જ્યાં રહે છે તે,
મથામણમાંથી નવનીત મળે છે જ્ઞાનનું શું તે !

નિરંતરનો હૃદય ભાવ જીવન વિશે પ્રગટતાં તે,
હૃદયમાં પ્રેરણાકેરી શી ફળશ્રુતિ નીપજતી છે !

હૃદયની પ્રેરણા એવી વિશે ના **જીવ** વૃત્તિ છે,
હૃદયના ભાવની દુનિયાતણો તે મૂળ પાયો છે.

હરિ:ૐ

# થયેલામાંથી જે તે કંઈ ઊભળવાનું હવે છે ના

થયેલામાંથી જે તે કંઈ ઊભળવાનું હવે છે ના,
કશું આગળનું પાછળનું કંઈ બાકી રહેલું ના.

બધી રીતનું જ પરવારી જીવનમાં તો ચુકાયું છે,
જમા ઉધારના બાકી ન સરવાળા રહેલા છે.

બધું પ્રત્યક્ષ જે તે છે છતાં તે તે ન તેવું છે,
વિરોધાભાસ એવાનો સુમેળ શો જીવનમાં છે !

બધું દેખાય પ્રત્યક્ષે, ઊંડે મૂળમાં શું જુદું તે !
ઊતરતાં ત્યાં ઊંડે ઊંડે પછી ત્યાં દૃશ્ય ન્યારું છે.

અવ્યક્ત ને વળી વ્યક્ત **हरि** લીલા અલૌકિક છે,
જુદી લાગે ઉભય ત્યાં શી ! છતાં એક જ ઉભય મૂળે.

હરિઃૐ

# હરિનું જ્યાં બધું જે તે, પ્રસાદીરૂપ અમને છે

અમારે કોઈ જીવનમાં કશી ના જવાબદારી છે,
કશાયે ભાર વિનાની છતાં શી જવાબદારી છે !

મળેલું યજ્ઞનું કર્મ બધુંયે શ્રેષ્ઠતમ રીતે
-પરિપૂર્ણ સહજમેળે થયા તે તો જવાનું છે.


કશાને નકારવાનું તો ન બંધારણ વિશે અમ છે,
**હરિ**નું જ્યાં બધું જે તે, પ્રસાદીરૂપ અમને છે.

**હરિ**નું કર્મ જે અમને સહજ સોંપાયેલું દિલ છે,
કશું પણ દોષ વિનાનું થયા તે તો જવાનું છે.

હરિઃૐ

# ખંડ - ૧૦

# મનાદિનું ઊર્ધ્વીકરણ



થવાતાં પ્રકૃતિથી જ્યાં પૂરું મુક્ત બધી રીતે,
પછીથી પ્રકૃતિ માધ્યમ શી તેવાની બને ત્યારે !

હરિઃૐ

## ખરેખર, હચમચાવીને જગાડી દિલ દીધો મુજને

શી અંધાધૂંધી જીવનમાં ભયંકર વ્યાપી ચૂકેલી !
મનાદિનું કશું જેમાં હતું ના ઠામઠેકાણું.

જીવનમાં તીવ્રતમ કેવું બધું ત્યાં જોશ પ્રગટેલું !
અને તે જોશનું ઘેન ભયંકર ઘેલછાવાળું.

કશો વિવેક કરવાનું કશું ત્યાં કઈ ન સૂઝેલું,
હતો શો આંધળો એવો પૂરેપૂરો થયેલો હું !

કરુણાળુ **હરિ**એ શી કૃપા કરીને મને ત્યારે !
ખરેખર, હચમચાવીને જગાડી દિલ દીધો મુજને.

હરિઃૐ

# થઈ ખાલી, રહી ખાલી, જવા આગળ મથેલા જે

અમારે જિંદગાનીમાં **हरि**ને માત્ર રળવો છે,
**हरि** વિના બીજું મોઘું અમારે જોઈતું ના છે.

**हरि** શો એકલો માત્ર જીવન રળતરનું ધ્યેય જ છે !
થતી રળતરની જીવનમાં કમાણી, પદ સમર્પી છે.

ગયા રળતા, બધું તે તે **हरि**ને સોંપતા રહીને
-થઈ ખાલી, રહી ખાલી, જવા આગળ મથેલા જે.

જીવનની ઊર્ધ્વ ને દિવ્ય ભૂમિકાનું શું રળતર તે !
બધુંએ કલ્પનાતીત, ન બુદ્ધિનો વિષય તે છે.

હરિ:ૐ

## તપશ્ચર્યા થયેલીથી, મતિ ત્યાં ઊર્ધ્વ શી થઈ છે !

કરીને પા પા પગલીથી જીવન કેડી વટાવીને,
પ્રકૃતિના ઊંડા જંગલ થકી બહાર થયેલા જે.

**हरि**નાં ચરણની દુનિયા પરંતુ સાવ ન્યારી છે,
બધું ત્યાંનું સમજવાને થયેલી સજ્જ બુદ્ધિ છે.

પ્રકૃતિના વમળમાંથી બહાર તો નીકળવાને
-તપશ્ચર્યા થયેલીથી, મતિ ત્યાં ઊર્ધ્વ શી થઈ છે !

થયેલી ઊર્ધ્વ બુદ્ધિથી, ભૂમિકા ઊર્ધ્વની ગૂંચો
-ઉકેલાતી જતી કેવી ! ચમત્કાર કૃપાનો શો !

હરિઃૐ

# हरिपदनाय જીવનના જુદા જુદા બહુ રસ છે

‘**हरि**ને દિલ અનુભવવા જીવન **આ** તો મળેલું છે’,
હૃદય નિશ્ચય થવાથી તે પડ્યા પાછળ શું તેની તે !

જતાં આગળ અને આગળ **हरि**પદના જીવનવિશે,
જુદા રસ માણવામાં શા અમે ડૂબી ગયેલા તે !

**हरि**પદનાય જીવનના જુદા જુદા બહુ રસ છે,
બધા તે રસ થકી બહાર નીકળવું કેવું દુષ્કર છે !

પ્રકૃતિના જીવનમાંથી વટાવીને જતાં જ્યારે
-ઊગે મર્દાનગી એ શી ચમત્કારિક અદ્‌ભુત છે !

જીવનની ઊર્ધ્વ ભૂમિકા વિશે મર્દાનગીથી તે,
અમે કેવું લડેલા તે અમારું દિલ જાણે છે !

હરિઃૐ

## થયેલા છે ચમત્કારિક અલૌકિક ફેરફાર જ શા !

નયનપટનાં શું અંધારાં ઉલેચાયાં કદી પણ જે
-ઉલેચાઈ શકાયાં ના, બહુ મથવા છતાંયે તે.

થવાને મુક્ત તેનાથી, હવે મેં રીત બદલી છે,
પ્રકૃતિના વલણ, રીતથી જુદો મેં રાહ લીધો છે.

પ્રકૃતિના જીવનકેરું મનન ચિંતવન ન કીધું છે
-પરંતુ ઊર્ધ્વનું ચિંતવન નિરંતર દિલ થયેલું છે.

સતત એવા હૃદયકેરા મનન ચિંતવનથી જીવનમાં
-થયેલા છે ચમત્કારિક અલૌકિક ફેરફાર જ શા !

હરિઃૐ

## જીવંતા હેતુનું ઊંડું કૃપાથી ભાન રાખ્યું છે

જીવનમાં જાણીબૂજીને અજુગતું ના કરેલું છે,
છતાંયે બહુ જ વેળાએ ઊંધુંયે વેતરાયું છે.

પરંતુ ઊર્ધ્વ જીવનની શી ઉત્કટ લગની લાગી છે !
તહીં તેવા પુરુષાર્થે પરોવાયું પછી દિલ છે.

કૃપાથી શી જીવનમાં તે તલસતા તીવ્ર તલસાટે,
ઊછળતા ધોધના જેવું વહન કેવું થયેલું છે !

જીવનની સાધનાકેરી સકળ તે પ્રક્રિયા વિશે
-જીવંતા હેતુનું ઊંડું કૃપાથી ભાન રાખ્યું છે.

હરિઃૐ

## ચમત્કારિક અદ્‌ભુત તે રૂપો શાં ત્યાં પ્રગટતાં છે !

જીવનની સર્વ બાજુથી બધી સંતલસ કરી લઈને,
બધી બાજી શી સંકેલી, જીવન ઉકેલવાનું છે !

ભીતરનાં કેટલાં કેવાં જુદાં જુદાં બધાં સ્તર છે !
બધાં શાં એકબીજાંથી પૂરેપૂરાં અનોખાં છે !

ભીતર એક પછી એક ઊતરતાં જ્યાં જતાં ઊંડે,
ચમત્કારિક અદ્‌ભુત તે રૂપો શાં ત્યાં પ્રગટતાં છે !

જીવનના ઊર્ધ્વની દુનિયા કળા, સૌંદર્ય ને રસથી,
-અનિર્વાચ્ય, અગોચર ને શું કલ્પનાતીત પાછી શી !

હરિઃૐ

## हरि ભાવ વહેવાને ગુણોનો પટ જીવન વિશે

જીવનના સાધનાભ્યાસે ગુણોનો તો જીવન વિશે
-પ્રસરતો વ્યાપ તો તેનો જીવન પ્રત્યેકના પાસે.*

ગુણોનાં શક્તિ પ્રાબલ્ય પ્રકૃતિની દીવાલોમાં
-થઈને કેદ ના રહે છે, પરોવાતાં **हरि**નામાં.

**हरि** ભાવ વહેવાને ગુણોનો પટ જીવન વિશે
-અમર્યાદિત શો ભાવ ! ગુણો તેથી જ તેવા છે.

જીવનની ઊર્ધ્વ ને દિવ્ય ભૂમિકામાં ગુણો શા જે
-શી પ્રત્યેક ભૂમિકાની બધી શક્તિ પ્રમાણે તે !

---

* પાસામાં

હરિઃૐ

## સતત અભ્યાસમાં કેવાં દિવસ ને રાત્રિ ગાળ્યાં છે !

જીવનમાં રોજ ને રોજ અમે અભ્યાસ કીધો છે,
અમે અભ્યાસનો છાલ કદી ના મૂકી દીધો છે.

મનાદિને સરતચૂકથી છટકવા ના દીધેલાં છે,
સતત અભ્યાસમાં તેને પરોવાવા મથાયું છે.

સતત અભ્યાસમાં કેવાં દિવસ ને રાત્રિ ગાળ્યાં છે !
અમે એમાં પૂરેપૂરા રહ્યા નિમગ્ન કેવા તે !

સતત અભ્યાસ એવાથી જીવન ચીલો પડેલો જે,
શું પલટાયા કરેલો છે ! ખૂબી અભ્યાસની શી તે !

હરિઃૐ

# છતાં જે જે બને તેનું રહસ્ય કોઈક ન્યારું છે

દળી દળીને જ કુલડીમાં બધું વાળેલું છે જે તે,
શું પશ્ચાત્તાપ તે વિશે હવે કરવો નકામો છે !

છતાં જે જે બને તેનું રહસ્ય કોઈક ન્યારું છે,
કૃપાથી તેથી તેમાંનું હું શીખવાને મથેલો જે.

અવિદ્યાની જીવન વિશે હૃદય શીખેલ વિદ્યા જે,
નૂતન જીવનને રળવાને કશી ખપમાં ન લાગી છે.

નયન ખોલાવીને મુજને પ્રકૃતિના વમળમાંથી
-શું ખેંચી તાણીને, બહાર મૂકી દીધો કિનારેથી !

હવે તે પ્રકૃતિ દર્શન થકી દિલને પરાઙ્મુખ
-થવાતાં, દિલ સંપૂર્ણ થવાયું પદ શું અભિમુખ !

હરિઃૐ

## વિરુદ્ધ પ્રવાહની સામે, તપશ્ચર્યા શી તરવું તે !

ચઢેલી ભરતી ભરપૂર છે, ઊંચે ચઢવાનું ત્યારે તે
-સરળતાથી બન્યા કરતું, ન કંઈ મુશ્કેલી તેમાં છે.

પરંતુ ઓટમાં ટકવું, ટકી પાછું ઉપર ચઢવું
-વિરુદ્ધ પ્રવાહની સામે, તપશ્ચર્યા શી તરવું તે !

હૃદયના ભાવનો જુસ્સો સ્ફુરીને શો ફૂટેલો જે !
ફુવારા જેમ ઊછળેલો, શું ઓટે કામ આપે તે !

પરંતુ ઓટ વેળાએ ઉપર ચઢવા મથે છે જે,
શી તેની સાધનાનો શો તહીં જુસ્સો અલૌકિક છે !

હરિઃૐ

## છતાં ચઢવાતણા યત્ને શી ઝિંદાદિલી પ્રેરી છે !

ભયંકર **આ** જીવન વિશે શી આપત્તિ મળેલી છે !
પરંતુ તે સમય ટકવા હૃદય ભાવે મથાયું છે.

સતત બસ એકધારા ત્યાં ટકાવું, તે ન સહેલું છે,
પરંતુ ઉગ્ર મથવાની કળા શિખાઈ તેથી છે.

વિપત્તિ ગૂંચ, મુશ્કેલી, સમસ્યાઓ વિશે ઊર્ધ્વે
-ચઢી, ટકવું હૃદય ભાવે, પ્રયોગો શા થયેલા તે !

કદીક અધવચ હું લટક્યો છું, ત્રિશંકુ જેમ સ્થિતિ છે,
છતાં ચઢવાતણા યત્ને શી ઝિંદાદિલી પ્રેરી છે !

હરિઃૐ

## વિચારીને, વિચારીને ગુણો એવા જીવન વિશે

શી અભ્યાસ-શીલતા પાછી વિવેક, ઊંચી રુચિ ને
-સહૃદયતા, આદિ ગુણોથી સમૃદ્ધિ શી જીવનની તે !

વિચારીને, વિચારીને ગુણો એવા જીવન વિશે
-બઢંતાં, ભાવ કેળવવા મથેલો જ્ઞાનપૂર્વક જે.

પરંતુ અંતરે ઊંડું મહત્ત્વ મોખરે જીવતું
-હૃદયના ભાવને ધારી, કરેલું યુક્ત જીવવાનું.

મનન ઊર્ધ્વ થતાં ઊંડું, થતાં એવાં બીજાં સાધન,
જીવન ઉજમાળું તેથી તો, સજીવનથી જ નવજીવન.

હરિઃૐ

# નિરંતરનું થવા કાજે મનાદિને જગાડ્યાં છે

જીવનમાં હોશિયારીનું પૂરું દેવાળું કાઢ્યું છે,
જરૂરિયાત પ્રમાણે તે કશી ખપમાં ન લાગી છે.

પ્રસંગોની પ્રમાણેનો પ્રકાશ સો ટકા જેવો
-ન બુદ્ધિએ પ્રકાશ્યો છે, અને દેવાળું તેથી છે.

મદાર બુદ્ધિ પર સઘળો, વળી ઈતબાર બુદ્ધિ પર,
અમે તે રાખવો છોડી, **હરિ** પર રાખવા ચહ્યું છે.

**હરિ** પર મન લગાડીને મનન ચિંતવન **હરિ** વિશે,
નિરંતરનું થવા કાજે મનાદિને જગાડ્યાં છે.

હરિઃૐ

# મનાદિને સતત કેવાં શું સંકોર્યાં કરેલાં છે !

કૃપાથી તો જીવનમાં શો હૃદય નિશ્ચય થયેલો છે !
જીવન ધ્યેય ફળવવાને રટ્યાં એને કરેલું છે.

જીવનના ધ્યેયનો ખ્યાલ મનાદિથી જરા સરખો
-કદી ના વેગળો મૂક્યો, શું તે વિશે રમાયું છે !

જીવનમાં એની પાછળ તો ઉમળકાથી પડી પડીને,
મનાદિને સતત કેવાં શું સંકોર્યાં કરેલાં છે !

જતાં વિસ્તરતાં રોકીને હૃદય સંકેલવાને તે,
સતત અભ્યાસથી કેવો ભગીરથ યત્ન કીધો છે !

જીવનનો તેવો પુરુષાર્થ કૃપાથી જે થયેલો છે,
બધું પ્રત્યક્ષ જોનારા, હજુ પણ આજ જીવતા છે.

હરિ:ૐ

## મનાદિ દિલ સમજીને ચરણ ત્યારે વળેલાં છે

જીવનમાં કંઈક અરમાન ન સાકાર થયેલા જે,
શું વારંવાર તે વિશે પરોવ્યાં તે કરે મનને !

મનાદિ ઝંખના કેવી શી અપરંપાર તે વિશે
-કર્યાં કરતાં ! છતાં તોયે ન ઝંખેલું કદી પામે.

નિરાશા કેટલી વાર મનાદિએ સહેલી છે !
મનાદિ તે છતાં ખ્યાલ ભૂલેચૂકે ન છોડે છે.

પરંતુ જ્યાં બહુ ખત્તા મનાદિથી ખવાયા છે,
મનાદિ દિલ સમજીને ચરણ ત્યારે વળેલાં છે.

હરિઃૐ

## અમે તેને અનુભવવા મરણિયો ટેક ધાર્યો છે

અમારે જિંદગાનીમાં જીવન ગૂઢ રહેલું જે,
છુપાયેલું ન દેખાતું છતાં અસ્તિત્વ જેનું છે.

કરણ ઇંદ્રિયની સત્તા બધી જેનાથી ચાલે છે,
અમે તેને અનુભવવા મરણિયો ટેક ધાર્યો છે.

જીવનપથ તે કરી ચાલ્યા, નજર બસ ટેરવે ધરીને,
હૃદય એકાગ્ર, કેંદ્રિત થવાતાં, ચિત્ત ચોંટ્યું છે.

**हरि**નામાં મનાદિ જ્યાં, શું મોહેલાં ખરેખર છે !
જીવનનો તે દિવસ કેવો, શું ઉજમાળો ખરેખર છે !

હરિઃૐ

## મનાદિ ઊર્ધ્વનાં જે છે શી તેની શક્તિ જુદી છે !

અમે તો એકડે એક થકી શીખવાનું રાખીને,
અગાડીનું બધું જે તે ભણ્યા કેવું કરેલું છે !

શી પ્રકૃતિને જ ખંખેરી હૃદય ઉદ્યત થયેલા જે !
હૃદય ઉત્સાહ એવાનો સીમાડા બહાર કૂદ્યો છે.

જીવનની દિવ્ય ભૂમિકા વિશે જ્યારે પ્રવેશાતાં,
મનાદિની બધી દિવ્ય છતી શક્તિ થતી શી ત્યાં !

પ્રકૃતિનાં મનાદિની ખરેખર શક્તિ જે કંઈ છે,
મનાદિ ઊર્ધ્વનાં જે છે શી તેની શક્તિ જુદી છે !

હરિઃૐ

# કવાણું કોઈ બાજુનું રહેવું જોઈશે ના તે

કવાણું કોઈ બાજુનું રહેવું જોઈશે ના તે,
થવાવા યોગ્ય જીવનને થવું તેવું જરૂરી છે.

**હરિ**ની ભક્તિની લગની જીવનમાં જ્યાં ચઢેલી છે,
બધીયે નિમ્ન વૃત્તિઓ શી ઓગળતી જ ચાલી છે !

શું જ્વાળામુખીના જેવું જીવનનું ધ્યેય જેનું છે !
અટક તેને કશી ક્યાંયે ન કોઈ પણ રીતની ત્યાં છે.

પથે આગળ જતાં બુદ્ધિ શી સૂક્ષ્મતમ થતી જે છે !
પછી પિછાણવા ઊર્ધ્વ મતિમાં શક્તિ પ્રગટે છે.

શું ચેતનનું નજીકમાંનું નજીક જે અંગ આધારે,
ખરેખર બુદ્ધિ પોતે તે, પ્રિછાયે બુદ્ધિથી જે તે.

હરિઃૐ

## કર્યા વિના પૂરું યોગ્ય કદી જંપી ન બેઠો જે

જીવનમાં ઊર્ધ્વ ને ઊંચે ચઢી ચઢીને જ આકાશે
-વિહરવાનું જ ઇચ્છીને, અમે ડગલાં ભરેલાં છે.

પથે જ્યાં સાવધાનીમાં કંઈક ચૂક પડેલી છે,
થવાતાં આડુંઅવળું ત્યાં, કૃપાએ લક્ષ પ્રેર્યું છે.

પછી મઠારતાં કેવું બહુ જ ફેણ પડેલું છે !
કર્યા વિના પૂરું યોગ્ય કદી જંપી ન બેઠો જે.

બધે ફરતો હતો જેથી **હરિ**નો હાથ માથે તે
-કર્યાં કરવાનું મારાથી બનેલું છે જ તેથી તે.

હરિઃૐ

## મનાદિમાં થતું જે જે અને ઊભરાતું જે રહે છે

મનાદિમાં થતું જે જે અને ઊભરાતું જે રહે છે,
પ્રમાણેની બધી દુનિયા તમારી તે ખરેખર છે.

**हरि**ને માર્ગ પળવું જો બધી શંકા કુશંકાને,
સમૂળગી વેગળી તેને મૂકી દેવી જ સૌ પડશે.

બધા સંસારનો ભારતણો શિર ટોપલો લઈને,
પછી ચઢવાનું પર્વત પર થઈ શકવાનું શી રીતે ?

**हरि** ભજવાનું જો ચાહો શું સાથોસાથ પાછું તે
-બધો સંસાર ચાહવાનું ! ઉભય બનવાનું શી રીતે ?

કશીક ધૂને ચડો છો જ્યાં શી ઉત્કટમાંયે ઉત્કટ જે !
બીજું સૌ સાથ હોવા ત્યાં છતાં ગૌણત્વ પામે છે.

હરિઃૐ

## જવા ઊર્ધ્વે મથાતાંની જુદી શી વાસ્તવિકતા તે !

જુદા જુદા તબક્કામાં, જીવનની વાસ્તવિકતાયે
-જુદી જુદી તરેહની છે, અનુભવતાં જ સમજાયે.

પ્રકૃતિના જીવન કેરી ખરેખર વાસ્તવિકતા જે,
જવા ઊર્ધ્વે મથાતાંની જુદી શી વાસ્તવકિતા તે !

જીવનની જુદી જુદી તે નિહાળી વાસ્તવિકતાને,
પરીક્ષા તે રીતે જીવનતણી કરી, તે તપાસ્યું છે.

**હરિ**ના ભાવના પણ શા જુદા જુદા તબક્કા છે !
અનુભવમાં જ સરવાળે શું તેનો અંત આવ્યો છે !

હરિઃૐ

## હરિના ભાવ ભાવુકને કૃપા શી ચેતવી દે છે !

ભૂમિકા ઊર્ધ્વની રચના જુદા જુદા પ્રકારે છે,
બધાં તે દિવ્ય દર્શનની શી અદ્‌ભુત તે કહાણી છે.

કદીક તેમાં જ લોભાઈ મનાદિ ત્યાં પડી રહે છે,
ભૂમિકા એવીનાં કેવાં કળા, સૌંદર્ય અદ્‌ભુત છે !

ભૂમિકા ઊર્ધ્વનું દર્શન ચમત્કારિક ભલે છોને,
**હરિ**ના ભાવ ભાવુકને કૃપા શી ચેતવી દે છે !

મનાદિને બીજાં કરણો તહીં શાં સૂક્ષ્મ બનતાં છે !
પ્રક્રિયા સૂક્ષ્મમાંથી શાં પછી તે દિવ્ય બનતાં છે !

પ્રવેશાયા પછી દિવ્ય ભૂમિકાને વિશે જીવને,
પછી એવો પૂરેપૂરો શું મુક્ત છે બધી રીતે !

હરિઃૐ

# હરિનો ભાવ જેનામાં નિરંતર, તે જ જીતે છે

**હરિ**ના માર્ગની ઊર્ધ્વ ભૂમિકાઓ જુદી બહુ જે,
ત્યહીંથી બહાર નીકળવા સહારો **શ્રીહરિ**નો છે.

સહારો **શ્રીહરિ**નો શો ખરેખર માત્ર પાત્ર જ છે,
તહીં પુરુષાર્થનું ઝાઝું કશું ના જોર ચાલે છે.

તટસ્થ દિલ હોવાથી બધું સમજાય છે ત્યારે,
સમર્પી સર્વ દેવાતાં શું નિજનું સર્વ વર્તાયે !

હૃદયનો આર્ત ને આર્દ્ર સ્ફુરેલો ભાવ અંતર જે,
જીવનની ઊર્ધ્વ ભૂમિકા બધી તેને કુદાવે છે.

બધી મર્દાનગીને શો તહીં પડકાર પડતો છે,
**હરિ**નો ભાવ જેનામાં નિરંતર, તે જ જીતે છે.

હરિઃૐ

## **હરિના ઊર્ધ્વના પંથે શી આવે દિવ્ય ભ્રમણાઓ !**

છુપાયેલો બધો ઊંડો જીવનનો જે ખજાનો છે,
મળેલી ભાળ તેની શી મથ્યો પછી શોધવા તેને !

બહુ ખોદ્યું, બહુ ખોદ્યું, ઊંડે ઊંડે પ્રવેશીને,
પ્રદેશો ઑર ભમરાળા તહીં જોવા મળેલા છે.

ખજાનાનું ઊંડું ઊંડું શું આકર્ષણ સ્ફુરેલું તે !
સતત બસ જોશ તેવાથી મથેલો શોધવાને જે.

ઊંડે ઊંડે કદીક કેવા ખજાનાની નિશાનીનાં
-મળેલાં લક્ષણોથી શો હું નાચેલો, કૂદેલો ત્યાં !

**હરિ**ના ઊર્ધ્વના પંથે શી આવે દિવ્ય ભ્રમણાઓ,
શી લાગે સાચી ! ત્યાં તોયે ન દર્શન છે **હરિ**નું તે.

હરિઃૐ

# પ્રકૃતિની સમજ બહાર શી દુનિયા ઊર્ધ્વની તે છે !

જતાં આગળ, જતાં આગળ જીવનના ઊર્ધ્વને પંથે,
શી ગૂંચવામણ હૃદય ત્યારે શી સૂક્ષ્માતીત થયેલી છે !

શી ગૂંગળામણ ઊંડી ઊંડી નૂતન કોઈ રીતની મન જે
-ઊગી, ત્યારે જીવન વિશે કરી દીધો સ્થગિત પંથે.

પ્રકૃતિની સમજ બહાર શી દુનિયા ઊર્ધ્વની તે છે !
પ્રકૃતિની સમજ વિશે કદી પણ ના ઊગી શકશે.

ભૂમિકા તે વિશે જીવન કદીક અટવાયું કેવું છે !
શી સૂક્ષ્માતીત મથવાની બલિહારી ખૂટેલી છે !

જતાં ઊર્ધ્વે હૃદયમાંની શી શક્તિ કેળવાઈ જે !
પછી તે શક્તિની કેવી બઢંતી હોશિયારી છે !

પથે કાબેલિયત તેની શી ઊર્ધ્વતર થતી રહે છે !
અને તે બુદ્ધિથી કેવા થતા ઉકેલ સૌ રહે છે !

હરિઃૐ

# ‘જીવનના ઊર્ધ્વમાં પોતા વિના ના ભોમિયો કોઈ છે’

જીવનની ઘોર ઝાડીથી નીકળવું આરપાર જ છે,
અટકવું ક્યાંય ના વચ્ચે, જવું સોંસરવું ધાર્યું છે.

જતાં આગળ, જતાં આગળ, નૂતન રસ્તા મળેલા છે,
જીવનમાં ક્યાંય અધવચ્ચે ન પૂછવું કંઈ પડેલું છે.

અજાણ્યો માર્ગ અંતરના જીવનનો સૂક્ષ્મ ને ગૂઢ છે,
બઢંતાં ઊર્ધ્વમાં, બુદ્ધિ બધું તે તે બતાવી દે.

‘જીવનના ઊર્ધ્વમાં પોતા વિના ના ભોમિયો કોઈ છે’,
જીવન આગળ જતાં તેવો હૃદય વિશ્વાસ બેઠો છે.

હરિઃૐ

## અનુભવ દિલ થવાથી, તે સજીવન શો થયેલો છે !

**हरि**એ તણખલાને શો ગિરિ મોટો ઊંચકવાને
-કરી તત્પર દીધેલો છે, નવાઈ શી ગજબની તે !

જીવન પથ ચાલતાં કેવું પરાક્રમ, શૌર્ય વ્યાપ્યું છે !
ખમીર, ખુમારી ને કેવાં શહૂર વ્યાપી ચૂકેલાં છે !

જીવનની સાધના પથની ભૂમિકા ઊર્ધ્વને વિશે,
શું સર્વોચ્ચ ગુણોકેરું પડે ટૂંકું બધું બળ તે !

**हरि** શો એકલો ત્યારે સહારો ત્યાં જીવનનો છે !
જીવનમાં લાગતાં ખપ શો પરિચય તે થયેલો છે !

ઊંડો પરિચય થતાં એવો બહુ વેળા જીવન વિશે,
અનુભવ દિલ થવાથી, **તે** સજીવન શો થયેલો છે !

હરિઃૐ

## हरिની સભાનતા વિના અનુભવીને કશું ના છે

થવાતાં પ્રકૃતિથી જ્યાં પૂરું મુક્ત બધી રીતે,
પછીથી પ્રકૃતિ માધ્યમ શી તેવાની બને ત્યારે !

અનુભવીમાં ભલેને હો પ્રકૃતિનાં વહેણોયે,
છતાં તે વહેણમાં વહેતી શી શક્તિ ચેતનાની તે !

અનુભવીનાં વહેણોમાં ભલે માધ્યમ શી પ્રકૃતિ છે !
છતાં તે પ્રકૃતિમાં તો વહન ગતિ ચેતનાની છે.

**हरि**ના એકલાનું ત્યાં બધું અસ્તિત્વ માત્ર જ છે,
**हरि**ની સભાનતા વિના અનુભવીને કશું ના છે.

હરિઃૐ

# નિવેડો સાવ સંપૂર્ણ અનુભવનો ન આવે છે

અનુભવીનું પૂરેપૂરું ઊંડું વિજ્ઞાન પ્રીછવાને
-સમર્થ યોગ્ય સંપૂર્ણ, થયેલો ના હશે કોઈએ.

અનંતાનંત શી દિવ્ય ભૂમિકા તે જીવન વિશે !
વટાવાતાં, વટાવાતાં ન જેનો પાર ક્યાંયે છે.

મળ્યું જે જ્ઞાન તેનાથી અગાડીનું કશું પણ છે,
અનુભવતાં અગાડીનું, હજી તેનાથી આગળ છે.

નિવેડો સાવ સંપૂર્ણ અનુભવનો ન આવે છે,
થતાં અનુભવ, પછી એને પૂરી શાંતિ પ્રવર્તે છે.

હરિઃૐ

## જૂની આંખે નવાં ચશ્માં અનુભવથી મળેલાં છે

જૂની આંખે નવાં ચશ્માં અનુભવથી મળેલાં છે,
જૂનું જે જે હવે તેનું નૂતન દર્શન શું ન્યારું છે !

હતું જે તેમનું તેમ જ બધું છે એકનું એક જ,
નવાં ચશ્માંથી તે સૌનું હવે જુદું રૂપાંતર છે.

છતાં પાછું નૂતન નૂતન વળી મૌલિક પળેપળ તે,
વળી તેમાંય દર્શન તો નિરંતરનું **हरि**નું છે.

'સમર્થ કેટલો મોટો ધુરંધર **श्रीहरि** પોતે',
થવાથી પૂર્ણ છુટકારો અનુભવ તે થયેલો છે.

હરિઃૐ

# ઉડાયું છે ઊંચે ઊંચે, પછી નીચું નીચે રહે છે

થવા ઘડતર નૂતન યોગ્ય બહુ દોષો રહેલા છે,
લગાડાતાં ઊંડી લગની બધા ગૌણત્વ પામ્યા છે.

કુટેવો, દોષને સૌ તે મઠારાવા પરિશ્રમ મેં
-જીવનમાં જાણી જોઈને કશો પણ ના લીધેલો છે.

જીવન ઘડતર થવા કાજે ઊંડી ધગધગતી લગનીએ,
શું ધસમસતો ધસાવ્યો છે ! બધું તેમાં તણાયું છે.

ગગનગામી સતત ઊર્ધ્વે ઊડ્યા કરવાની નેમે જે,
ઉડાયું છે ઊંચે ઊંચે, પછી નીચું નીચે રહે છે.

હરિઃૐ

## અને શી એવી પ્રજ્ઞા તે બધાંનું હાર્દ પ્રીછે છે !

**हरि**ના ભાવમાં શાશ્વત, અલૌકિક સુખ કેવું ત્યાં !
નર્યા સંસારીને તેનું શકે સ્વપ્નુંય આવી ના.

મતિ સંસારીની જે છે ભલે હો ઉચ્ચમાં ઉચ્ચ,
છતાં કલ્પી શકે ના તે અનુભવનું ઊંડું સુખ.

અનુભવને સમજવાને પ્રકૃતિની મતિ જે છે,
કદી ના યોગ્ય પાત્ર જ છે, સમજી લેવું પૂરી રીતે.

જહીં અભ્યાસ નિરંતર થતાં ઊંડો જીવન વિશે,
ફૂટેલા ભાવ તેવાથી મતિમાં શુદ્ધિ પ્રગટે છે.

મડાગાંઠો મતિ કેરી અને સૌ પૂર્વગ્રહ પણ જે,
બધું તે ઓગળે છે જ્યાં નિરંતર ભાવ હૈયે છે.

**हरि**ના ભાવ જીવનની મતિ તે તત્ત્વ પ્રજ્ઞા જે,
અને શી એવી પ્રજ્ઞા તે બધાંનું હાર્દ પ્રીછે છે !

હરિઃૐ

## અતીતથીયે અતીત એવું હરિપદ તો નિરાળું છે

જીવનની ઊર્ધ્વ ભૂમિકાતણા પણ ભાવ જુદા છે,
ભૂમિકાની પ્રમાણેના જુદા પણ ભાવ કેવા છે !

પરંપરા શી ભાવોની જીવનના ઊર્ધ્વ ક્ષેત્રે છે !
વટાવી જે જતાં અંતે જીવન હાર્દ પ્રિછાયે છે.

નિરંતરનું જ જીવંતું જીવનમાં ચેતનાત્મક જે,
અનુભવતાં જીવન હાર્દ, **હરિ** શો સાથ છે સાથે !

શું ભાવાતીત જીવન જે અતીત સઘળાથીયે તે છે !
અતીતથીયે અતીત એવું **હરિ**પદ તો નિરાળું છે.

હરિઃૐ

## સમય, સંજોગ ને સ્થળથી શું પર તે ભાવ દિલનો છે !

શું અપૌરુષેય વિચાર ભૂમિકા દિવ્યનો શો જે !
ન સ્થળ, સંજોગ ને કાળની મર્યાદા કશી તેને.

સમય, સંજોગ ને સ્થળથી શું પર તે ભાવ દિલનો છે !
પ્રકૃતિના જીવનનો તે વિષય ના ભાવ પોતે છે.

નિરાકારનું વ્યક્તત્વ સ્વયંભૂ ભાવ શો તે છે !
હૃદયના ભાવ એવામાં કશા ના દ્વંદ્વ કે ગુણ છે.

પછી વિચાર તે ક્યાંથી ઊગે ત્યાં ભાવના વિશે ?
**હરિ**નો વ્યક્ત તે ભાવ શું નિર્દ્વંદ્વ ખરેખર છે !

હરિઃૐ

## શી બથ તેણે ભરાવી છે ! ભીડાવી હામ શી તેણે

અજબનો ને ગજબનો શો શું અંતરનાદ પ્રગટ્યો છે !
ઊંડે ચોંટેલ મૂળિયાંને ઉખેડી શાં નખાવ્યાં છે !

જીવનમાં ઊર્ધ્વમાંના તે મહાસંગ્રામની સાથે
-શી બથ તેણે ભરાવી છે ! ભીડાવી હામ શી તેણે !

શી અંતરમાં ગગનગામી હૃદય પાંખ ઉગાડી છે !
શી અલકમલકતણી પાર જ મને તેણે ઉરાડ્યો છે !

પથે ત્યાં ખોટવાતાંમાં શું અધ્ધર ઊંચકી લઈને !
ઉપર સૌની ઉરાડીને મૂકી દીધો ચરણમાં છે.

હરિઃૐ

## જીવન પલળ્યા પછીની તે શી પ્રક્રિયા રસાયણ છે !

જીવનની પ્રકૃતિથી જે જીવનનું ઊર્ધ્વ પાસું છે,
સતત તે ઊર્ધ્વનું સેવન કર્યાં કરવાનું રાખ્યું છે.

સતત અભ્યાસ વૈરાગ્યે શું પલળ્યું દિલ તે વિશે !
જીવન પલળ્યા પછીની તે શી પ્રક્રિયા રસાયણ છે !

જીવનમાં તે પછી કેવો ઊછળતો વેગ જાગે છે !
અને તે વેગના પૂરમાં જીવન વહેતું થયેલું છે.

હૃદય આનંદ ને હર્ષ જીવન એવાતણા દિલનો,
અનુભવતાં, અનુભવતાં, હું ઉન્મત્ત થયેલો શો !

હરિઃૐ

# જીવનને એકરસ જેમાં અને તેમાં કરાવે છે

ઊછળી ઊછળી હૃદય હર્ષે થઈ પ્લાવિત ગદ્ગદ તે
-હૃદયનો ભાવના ધોધ ચરણ કમળે વહાવ્યો છે.

હૃદયમાં ઊર્મિઓ કેવી તલસતા દિલ નશીલાથી
-જીવનમાં ભાવ મસ્તીનું ઊછળતું પૂર છે દિલથી.

નશો કેવો જબરજસ્ત નયન, દિલ, મુખ પર શો છે !
શું તસતસતો જ લાગેલો ! અનુભવમાં પ્રવર્તે છે.

જીવનમાં જોશ ને જુસ્સો કૂદંકૂદી કરે શાં જે !
જીવનને એકરસ જેમાં અને તેમાં કરાવે છે.

હરિઃૐ

## મજા સંપૂર્ણ દિલમાં ના વિના સન્મુખ કશા વિશે

છટા સન્મુખની ઑર, હૃદય આનંદ સન્મુખનો
-અવર્ણનીય, અતીત સૌથી અગોચર ને અગમ્ય જ શો !

જીવનમાં સ્પષ્ટ સન્મુખથી બધું જે તે થતું રહે છે !
મજા સંપૂર્ણ દિલમાં ના વિના સન્મુખ કશા વિશે.

નજર સન્મુખ, હૃદય સન્મુખતણી લહેજત નિરાળી છે,
નજીકમાંહી નજીક પાસે હૃદય સન્મુખ નિરાળો તે.


હૃદય સન્મુખ, નયન સન્મુખ નીરખી નીરખી, ટીકી ટીકીને,
શું અપરંપાર આહ્લાદે ભર્યું ભર્યું દિલ લાગે છે !

જીવનનું ધ્યેય સાકાર જહીં સન્મુખની વિશે
-થતું પ્રત્યક્ષ, ત્યાં સન્મુખ થતું કૃતાર્થ જીવન તે.

હરિઃૐ

## ખંડ - ૧૧

# સાધનાવિકાસના સંગ્રામો



જીવનના ધ્યેયને મૂર્ત સ્વરૂપ તે આપવા કાજે,
સતત સંગ્રામ આમંત્ર્યા કૃપાથી મેં જીવન વિશે.

હરિઃૐ

# ભરાયું આગળે ડગ જ્યાં, બીજું ડગ ત્યાં સૂઝેલું છે

જીવનમાં જામતાં પહેલાં બહુ બહુ રીતથી કેવું
-થવાયું વ્યગ્ર, જીવનમાં ! બધો ઈતિહાસ ન્યારો શો !

થયેલી સાધનાકેરી રસિક તે માત્ર કથની ના,
જીવંતા ઉગ્ર ને ભવ્ય બધા પાઠો મથામણના.

ભરાયું આગળે ડગ જ્યાં, બીજું ડગ ત્યાં સૂઝેલું છે,
જવા આગળનું જીવનમાં કશું ના મેં વિચાર્યું છે.

ઊંડું ઊંડું જવાતાં જ્યાં કૃપાથી તે થયેલું છે,
જવા આગળના સાધનનું બધું શિક્ષણ ઊગેલું છે.
સ્ફુરેલું છે.

હરિ:ૐ

## બઢંતા આત્મવિશ્વાસે કૃપાથી ત્યાં ટકાયું છે

જીવનમાં કેટલા કેવા જુદા સંગ્રામ પ્રગટ્યા છે !
કશી લઢવાની તાકાત શરૂ શરૂમાં નહોતી જે.

પરંતુ જીતવાકેરા અડગ, અણનમ હૃદયમાંના
-મરણિયા પક્વ નિશ્ચયથી શું પ્રેરાયો હૃદય જુસ્સો !

બધી સંગ્રામની જુદી જુદી શી વ્યૂહરચના છે !
બઢંતા આત્મવિશ્વાસે કૃપાથી ત્યાં ટકાયું છે.

કદીક જીત્યો, કદીક હાર્યો, પરંતુ છેક સરવાળે,
જીવનમાં જયતણા દ્વારે કૃપાથી, આવી પૂગ્યો જે.

હરિઃૐ

## છતાં બેઠા થવાનો તે પ્રયત્ન જારી રાખ્યો છે

શી અથડામણ જુદી જુદી જીવનની સાધના વિશે !
જુદા જુદા પ્રકારે તે બહુ રીતની થયેલી છે.

પથે ગૂંચવાવી માર્યો છે, તહીં વિચારવાનુંયે
-બહુ મથતાં છતાંયે તે અમારાથી થયું ના છે.

થયો શો પાંગળો ત્યારે ! પથે મથવાનુંયે સહેજે
-પ્રયત્ન કંઈક કરતાંયે છતાં ત્યાં ના ફવાયું છે.

ઊઠી ઊઠી, ફરી ફરીને, શું ગબડી ત્યાં જવાયું છે !
છતાં બેઠા થવાનો તે પ્રયત્ન જારી રાખ્યો છે.

હરિઃૐ

## જબરજસ્ત સામનો ત્યારે કૃપાથી શો અપાયો છે !

જુદા જુદા કંઈક જંગ જીવન વિશે મળેલા છે,
જીવન તે ખેલવા રંગ અમારે તો પડેલા છે.

ઊભી પૂંછડીએ ત્યારે ના અમે ભાગી ગયેલા તે,
જબરજસ્ત સામનો ત્યારે કૃપાથી શો અપાયો છે !

કદીક ભાંગી જઈ ટુકડા અમે કેવા થયેલા તે !
અમારા હાલહેવાલ બૂરા પૂરા થયેલા જે.

પડેલા ભોંય શા હેઠા ! છતાં ત્યારેય હિંમતને
-શી પકડીને, ઉભય કરથી ! શું લડવું જારી રાખ્યું છે !

હરિઃૐ

## જીવન ઘડતરમાં શાં ટપલાં બહુવિધનાં જ ખાધાં છે !

સતત બસ સાધનાભ્યાસે જીવનમાં લત પડેલી જે,
મને એ લત થકી રસ ને જીવનમાં સ્વાર્થ લાગ્યા છે.

જીવનમાં સ્વાર્થ ને રસમાં ગરજ છુપાયેલી શી છે !
*ત્રિપુટીએ મળી કેવો ઘડ્યા મુજને કરેલો છે !

જીવન ઘડતરમાં શાં ટપલાં બહુવિધનાં જ ખાધાં છે !
શું ટપલાં ખાતી પળે, હેતુતણું ત્યાં લક્ષ ધાર્યું છે !

વિના હેતુનું જીવનમાં કશું ના કર્મ કીધું છે,
થયું જે તે બધું તે તે સમર્પી સર્વ દીધું છે.

સદા ખાલી અને ખાલી નિરંતર ખાલી જીવનમાં
-રહ્યા કરવાનો દિલ ઊંડો અમે અભ્યાસ પાડ્યો છે.

---

* ગરજ, સ્વાર્થ અને રસ.

હરિઃૐ

## કરીને ખાખ જીવનની પછી તન પર લગાવી છે

'જીવનની નેમ એક જ છે, સૂવું પદમાં ચહેલું છે,
નિરાંતે, દિલ નિશ્ચિતે, ચરણ આરામ કરવો છે.'

હૃદયથી પૂર્ણ સંતોષ **हरि**ને આપવા કાજે,
મુરાદો દિલની કેવી ઉમળકાભેર તત્પર છે !

રસીલા કોડ કેવા છે, શું થનગનતા હૃદય વિશે !
ઊછળતા દિલ ઉમળકાથી હૃદય ચાહ્યા કરેલો છે.

સતત બસ ચાહવા વિશે જીવન સર્વસ્વ બક્ષીને,
કરીને ખાખ જીવનની પછી તન પર લગાવી છે.

હરિઃૐ

## જીવનની ભવ્ય ઉજ્જ્વળ તે શી આશા સાવ નજદીક છે

જીવનમાં ક્યાંય ઠેકાણું રખડતાનું પડ્યું ના છે,
**હરિ**પદનો જીવન આશ્રય પછી લેવા ચહેલું છે.

ચરણ આશ્રય લીધો હોવા છતાં, કેવો જીવન વિશે
-બીજે બીજે હું અથડાયો ! લીધેલો ઠામ ભૂલીને.

હૃદયમાં ડંખતું ભાન વળી તેનું થયેલું જે,
હું જાગી ચોંકીને આવ્યો 'સ્મરણ ભક્તિ પથે' ત્યારે.

હું ઘરના દ્વાર સુધી શો પૂરો પૂગી ગયેલો જે !
છતાંયે બારણું હાથે ન પકડાયું જ મુજથી તે.

જીવનની ભવ્ય ઉજ્જ્વળ તે શી આશા સાવ નજદીક છે !
મને શો પાસ ખેંચીને પછી ઠિંગો બતાવ્યો છે !

હરિઃૐ

## ફળવવા ધ્યેયને અર્થે થતાં સાધન કરેલાં છે

જીવનમાં જ્યારથી હૃદયે જીવનનું ધ્યેય ધાર્યું છે,
ફળવવા ધ્યેયને અર્થે થતાં સાધન કરેલાં છે.

ભૂલેચૂકે કદીક કેવો સરતચૂકથી ભૂલેલો જે
-નિશાન ધ્યેયનું ! કિંતુ કૃપાએ ચેતવેલો છે.

બહુ વાર ભુલાયું છે, બહુ વાર ઉઠાયું છે,
ભૂલું પાછું પડાયું છે, ફરી ચેતાઈ જવાયું છે.

ફરી ફરીને જીવન વિશે હૃદયથી ધ્યેયની સામે
-ધરી ધરી વર્તવાનું તો થયું એકીટશે ભાવે.

હરિઃૐ

## જીવનબળ કેળવાયાથી શી શક્તિ દિલ ઊગેલી છે !

જીવનમાં એકદમ ઊંડું ઊંચે ના તે અવાયું છે,
ધીરે ધીરેથી ઊડવાની મળી તાકાત દિલમાં તે.

ટકી રહેતાં, ટકી રહેતાં, સતત બસ સાધનાભ્યાસે,
જીવનબળ કેળવાયાથી શી શક્તિ દિલ ઊગેલી છે !

રળાઈ મૂડી તેનાથી કરી ઉપયોગ વ્યાપારે,
વધારે ને વધારે તે શું રળવાને મથાયું છે !

સતત રળતાં, સતત રળતાં, જીવનનું ધ્યેય તે કેવું !
ઊંચે ઊંચે ધપ્યાં કરીને કહીંનું કહીં બઢેલું છે !

હરિઃૐ

# हरि સામર્થ્યથી તેમાં જીવંતું રહી શકાયું છે

જીવનના ધ્યેયને મૂર્ત સ્વરૂપ તે આપવા કાજે,
સતત સંગ્રામ આમંત્ર્યા કૃપાથી મેં જીવન વિશે.

શરૂ શરૂમાં લડત લડવાતણી જે જે કળા જીવને,
સતત અભ્યાસ કરી કરીને શીખી લેવાનું રાખ્યું તે.

અનેકે વ્યૂહરચનાઓ શી બદલાઈ લડતમાં છે !
બધાયે પેંતરા તેના શું ત્યારે દિલ સૂઝેલા છે !

જીવનની દિવ્ય ભૂમિકા વિશે સંગ્રામ આવ્યા જે,
**हरि** સામર્થ્યથી તેમાં જીવંતું રહી શકાયું છે.

હરિઃૐ

## પછી તેનાં બધાં ફોરાં ઊડે જ્યાં ત્યાં જ રજ રૂપે

**हरि**ને ચાહવાકેરું જીવન અમને મળેલું જે,
થતાં સાકાર તે પહેલાં બહુ બહુ તપ થયેલાં છે.

મથ્યા વિના જીવનમાં તો કશું અમથું મળે ના તે,
પછી **हरि** દિલ મેળવવા શું પલટાવું પૂરું પડશે !

હૃદયથી ચાહવામાં તો જીવનમાં કેટલો કેવો !
-ઊછળતો ધોધ જેવો છે, ફુવારો ઊર્મિઓનો શો !

પદે એકાગ્ર કેંદ્રિત થઈ સંપૂર્ણ અનુરાગે
-પછી તેનાં બધાં ફોરાં ઊડે જ્યાં ત્યાં જ રજ રૂપે.

હરિઃૐ

## નયન આશ્ચર્યથી દિંગ, ન જોયેલું જ જોઈને

અમારે કોઈ પણ રીતે **हरि** તુજ દ્વાર આવીને,
પ્રવેશીને ભીતરકેરો બધો દરબાર જોવો છે.

નિરંતરના સ્મરણમાંથી હૃદય જે ભાવ પ્રગટ્યો છે,
હૃદયનો ભાવ, તે પાસ પ્રવેશાવા **हरि** દ્વારે.

હૃદયનો પાસ તે લઈને પ્રવેશેલા મહીં ઊંડે,
તહીં દર્શન જુદાં જુદાં ભૂમિકા ઊર્ધ્વનાં શાં છે !

નયન આશ્ચર્યથી દિંગ, ન જોયેલું જ જોઈને,
પૂરો દરબારનો અંત હજી કેમે ન આવ્યો છે.

હરિ:ૐ

## જીવન આનંદની દુનિયા અકથનીય ખરેખર છે

જીવનમાં મરજી પણ ના છે, ન નામરજી જીવનમાં છે,
**हरि**ના ભાવની લહેરો જીવંતી વર્તમાન જ છે.

અખંડાનંદ શો ભાવ પ્રવર્તેલો જીવન વિશે !
સહજ આનંદની લહરો પરે લહેરો વછૂટે છે.

બીજું આનંદના વિના કશું અસ્તિત્વ ના ક્યાંયે,
સતત બસ એકલો માત્ર સહજ આનંદ પળપળ છે.

જીવન આનંદની દુનિયા અકથનીય ખરેખર છે,
બધું આ વ્યક્ત જે તે કંઈ બધું આનંદનું તે તે.
આનંદથી

હરિઃૐ

## જીવન આ ભાંગ્યુંતૂટ્યું છે, બરાબર ખ્યાલ એનો તે

જીવન **આ** ભાંગ્યુંતૂટ્યું છે, બરાબર ખ્યાલ એનો તે
-નીરખતાં સર્વ બાજુથી, પૂરો આવી ગયેલો છે.

ન થાગડથીંગડે માત્ર, મરામતથી કશું ના કૈં
-હવે તો ચાલવાનું છે, નવું ચણતર વિચાર્યું છે.

નવા ઘડતરને માટે જે બધી સામગ્રીની જે તે
-જરૂરિયાત બધી તે તે, બધી તૈયારી રાખી છે.

કળા કારીગરી એના વિશે ચણતરની કંઈ જે તે
-કૃપાથી આવડી તેવી બધી ત્યાં વાપરેલી છે.

હરિ:ૐ

## અણુઅણુમાં જ ખેલાતો ભયંકર ઉગ્ર સંગ્રામ

હવેના તે જીવન વિશે શરીર **આ** ઊર્ધ્વ જીવનને
-થવાને યોગ્ય સાનુકૂળ, અમે સંગ્રામ માંડ્યો છે.

કડી નબળી શરીરની જે **હરિ** શક્તિ વહેવાને,
કૃપાથી **આ** જીવન વિશે મથાતું મઠારવાને છે.

બધી **આ** સૂક્ષ્મમાં સૂક્ષ્મ, ગહન, ગૂઢ, હકીકત છે,
ન માન્યામાં કદી આવે છતાં પાછી શી સાચી છે !

અણુઅણુમાં જ ખેલાતો ભયંકર ઉગ્ર સંગ્રામ,
ન હજી દેખાય જયવારો, નડે શા તીવ્ર અવરોધ !

અણુ, પરમાણુ સઘળાંને શું સંપૂર્ણ યથાયોગ્ય
-**હરિ** કાજે થવા માટે જીવનનો હેતુ ધાર્યો છે.*


---

* ફાજલપુર શ્રી રમણભાઈ અમીનના બંગલામાં રચાયેલું

હરિ:ૐ

# ખંડ - ૧૨

# હરિ મિલનનો તલસાટ, તપશ્ચર્યા અને આનંદ



થયાં સાધન બહુવિધનાં જીવનમાં ધ્યેય ફળવાને,
બધાંમાં મહત્ત્વનું સાધન **હરિ**ના નામનું મુજને.

હરિઃૐ

# हरि શો કેટલો મોટો ખરેખર મુજથી ડાહ્યો !

જીવનમાં સાચું સમજાતાં મથામણ જે થયેલી છે,
ગહન ઈતિહાસ તેનો તો અનેરો, ગૂઢ ન્યારો છે.

હૃદય એકસામટું ના કૈં પૂરું ક્યારેય સૂઝ્યું છે,
સૂઝેલું યોગ્ય વર્તાતાં નૂતન આગળનું ઊગ્યું છે.

ભરાતાં ડગ જતાં આગળ કદીક ખોટવાઈ જવાયું છે,
કૃપાએ કાન પકડાવી પથે ત્યાં લઈ લીધેલો છે.

**हरि** શો કેટલો મોટો ખરેખર મુજથી ડાહ્યો !
હૃદય વિશ્વાસ તેથી તો **हरि** પર મેં ધરેલો છે.

હરિઃૐ

# સતત તે ધ્યેય મંડાણે મચી રહેવા સ્ફુરેલું છે

'જીવનમાં કેટલું કેવું મહત્ત્વ **श्रीहरि**નું જે !'
જીવનની કમનસીબી કે ન સમજાયું હતું મુજને.

પરંતુ કેટકેટલી જ્યાં મને લાતો પડેલી છે,
પછી સંસારમાંથી તો પરાઙ્મુખ થવાનું જે
-કૃપાથી ભાન જાગીને શું સળવળતાં થવાયું છે !

વળી એમાંથી તો ધ્યેય પરત્વે સૂઝ ઊગીને,
જીવન આદર્શ સાકાર થવા, મંડી પડાયું છે.

પછીથી તો હૃદય ચાનક શી અપરંપાર જાગીને !
સતત તે ધ્યેય મંડાણે મચી રહેવા સ્ફુરેલું છે.

સતત બસ રોજની રોજ મથામણની જ કથની તે
-કંઈક ને કંઈક નૂતન શું મને એમાંથી મળિયું છે !

હરિઃૐ

## બલિહારી હરિ રસની શી એવી પ્રીછી, મહાલી છે !

શી ખણખોદ કર્યાં કરવાતણી ટેવ પડેલી જે !
પૂરી ઉચ્છેદવા તેને કૃપાથી તો મથાયું છે.

પછી ચિંતવનતણો જુસ્સો, જુવાળ જ્યાં ચઢેલો છે,
કુટેવો **જીવદશા**કેરી શી ઓગળવા જ માંડી છે !

મનન ચિંતવનતણું દિલ જ્યાં ઝનૂન વ્યાપી ગયેલું છે,
જીવનમાં ધ્યેય ત્યાં કેવું અગન ભડકે સળગતું છે !

બધું ત્યારે બળી બળીને થતું ત્યાં ખાખ નીરખ્યું છે,
બલિહારી **હરિ** રસની શી એવી પ્રીછી, મહાલી છે !

હરિ:ૐ

## જીવનમાં ભક્તિ પાંગરવા કૃપાથી યત્ન કીધા છે

સમગ્ર શક્તિ જીવનની ચરણમાં જોતરી દઈને,
જીવનમાં ભક્તિ પાંગરવા કૃપાથી યત્ન કીધા છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, કર્યાં કરી આત્મનિવેદન,
કરી કરી પ્રાર્થના સાધન, ઊંડું દિલનું નિદિધ્યાસન,
અનેકે સાધનો એવાં થકી, સમગ્ર જીવનને
-**हरि**પદ સંકળાવાને કૃપાથી દિલ મથાયું છે.

થતું જે જે બધું તેમાં **हरि**ને એકલાને મેં
-ઊછળતા હર્ષ ઉન્માદે હૃદય સત્કાર કીધો છે.*

---

* હૃદયમાં સંઘરેલો છે.

હરિઃૐ

## હ્રદય જ્વાળામુખી જેવો ઊછળતો તીવ્ર તલસાટ

**હરિ**ની પ્રેમ ઉષ્માને અનુભવવા જીવન વિશે
-હું આકર્ષાઈ દિલ ઊંડો **હરિ**માં મન લગાડ્યું છે.

બધે જેમાં અને તેમાં **હરિ**ની યાદ ઊછળતી,
મનન ચિંતવનથી **હરિ**કેરા રમંતું દિલ **હરિ**નાથી.

હ્રદય જ્વાળામુખી જેવો ઊછળતો તીવ્ર તલસાટ
-થયાં જઈને **હરિ** કાજે સમર્પાવાયું **હરિ** માટ.

સતત કેવાં **હરિ** માટે મનાદિ તીવ્ર તલસે છે !
મનાદિ તેથી **હરિ** રસમાં કૃપાથી શાં રસાયાં છે !

હરિઃૐ

## નજીક તુજ આવવા પાસે નવાં રૂપો સજી સજીને

જીવનમાં જાણીબૂજીને કંઈક મેં વેશ કાઢ્યા છે,
છતાં તે સર્વ પાછળનો હૃદયનો હેતુ ન્યારો તે.

નજીક તુજ આવવા પાસે નવાં રૂપો સજી સજીને
-સજીને સોળ શૃંગાર, ચહ્યું આકર્ષવા તુજને.

હૃદયનો ભાવ ચેતન તે થવા કાજે જીવન વિશે
-વધારે ને વધારે દઢ કૃપાથી શું મથાયું છે !

જીવંતા ચેતનાત્મક જે જીવનના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ
-હૃદય ભાવે, **हरि** કેવો રિઝાતો છે થઈ ભક્ત !

હરિઃૐ

## સૂરજ ઊગતાં જ અંધારું ફીટી પૂરું જતું તે છે

જીવનમાં આમતેમ જ શો હું રખડેલો બધે જ્યાં ત્યાં !
ચરી ખાધેલ કેવું ત્યાં, બધા ઓડકાર ત્યાં કેવા !

ઉકરડાનેય મેં તો શા ઉકેલીને ઉકેલીને
-શી ખણખોદ કરી કરીને ન ખાવાનું જ ખાધું છે.

કૃપા **હરિ**ની જહીં મુજ પર, શી વર્ષી અનંત ધારે તે !
મને ત્યારે દીવા જેવું બધું સ્પષ્ટ ઊગેલું છે.

સૂરજ ઊગતાં જ અંધારું ફીટી પૂરું જતું તે છે,
જીવન વિશે બધું એવું કૃપાથી તો થયેલું છે.

હરિ:ૐ

# हरिને સોંપણી મારી કરી દીધી જ છે તેણે

જીવનમાં આમથી તેમ નર્યા ફેંકાયેલા કેવા !
છતાં એવી રમત વિશે શું ફંદે તે ફસાયેલા !

વધારે ને વધારે તે ઊંડે ઊંડે જ તે વિશે
થઈ ગરકાવ, શા દિલથી અમે રાજી થયેલા જે !

પરંતુ કોઈક સદ્ભાગ્યે **हरि**ના ઑલિયાએ તે
-કૃપાથી બાંય પકડીને મને ઉપર લીધેલો છે.

નર્યો ખરડાયેલો તેને પૂરો સ્વચ્છ કરી લઈને
-**हरि**ને સોંપણી મારી કરી દીધી જ છે તેણે.

હરિઃૐ

# પ્રકાશ આપમેળે ત્યાં છતો પોતે થયેલો છે

પ્રકાશ દિલ અનુભવવા જીવનમાં હોડ મારી છે,
બહુ બહુ પ્રાર્થના મેં તો હૃદય તે અર્થ કીધી છે.

છુટાતાં **જીવ**દશાથી તો બધું અજ્ઞાન ટળતાં તે,
પ્રકાશ દિલ અનુભવવાતણો વારો જ આવે છે.

**હરિ**ની ભક્તિમાં તેથી લગાતાર રહ્યા કરીને
-જીવનને ઊર્ધ્વતમ દેશે હું પ્રેરવવા મથેલો જે.

હૃદય જ્યાં ભાવ જીવનમાં નિરંતરનો થયેલો છે,
પ્રકાશ આપમેળે ત્યાં છતો પોતે થયેલો છે.

હરિઃૐ

## પરંતુ રસ જમાવટની ખરેખર પ્રક્રિયા શી તે !

જીવનને તરબતર કરવા **हरि**ના ભક્તિ અમૃતથી
-થવા સાકાર સંપૂર્ણ, જીવંતું લક્ષ ધાર્યું છે.

હૃદય તે ધાર્યું ના માત્ર, પરંતુ તે પ્રમાણેનું
-થતું સઘળું કરી કરીને, સમગ્ર ચિત્ત પદ જોડ્યું.

થતાં અભ્યાસ નિરંતર, અભિરુચિ, અભિમુખતા
-જીવંતાં તે થતાં, કેવો મનાદિને પડ્યો રસ ત્યાં !

પડંતાં રસ, પુરુષાર્થ પછી માત્ર ન ખાલી તે,
પરંતુ રસ જમાવટની ખરેખર પ્રક્રિયા શી તે !

હરિઃૐ

## જીવનમાં એક રીતે ના મળે છે જ્ઞાન સૌને તે

સતત **હરિ**નો જીવન સાથ મળ્યા કરવા જીવન વિશે
-હૃદયની પ્રાર્થનાનો મેં નિરંતર ધોધ વહાવ્યો છે.

શી અથડામણ જુદી જુદી જીવન પ્રગટી ચૂકેલી છે !
જીવન શીખવાનું તેમાંથી મને કેવું મળેલું છે !

શું પ્રત્યાઘાત આઘાત તો જીવનમાં જે મળેલા છે !
પરંતુ હેતુનું લક્ષ ધરાતાં, જ્ઞાનરૂપે તે.

જીવનમાં એક રીતે ના મળે છે જ્ઞાન સૌને તે,
વિવિધતા તેથી જીવનમાં સહજ ને કુદરતી શી છે !

હૃદય એકત્વનું ભાન વિવિધતાથી જીવનમાંહી
-કૃપાથી અનુભવાયું જે, જીવનનું સાચું શિક્ષણ તે.

હરિઃૐ

# हरिनां પદકમળ વિશે જીવનને ઝંપલાવ્યું છે

જીવનમાં ચાલતાં અમને મુસીબત શી નડેલી છે !
છતાંયે રોદણાં તેનાં અમે તો ના રડેલાં છે.

જીવન કરવાનું આવ્યું જે પ્રભુપ્રીત્યર્થ ગ્રહી લઈને,
**हरि**ને દિલ સંતોષ બધો દેવા, થયું તે તે.

બધે જેમાં અને તેમાં સતત **हरि** ભાવ ધરવાને,
હૃદયનો ટેક જીવંતો અમે દિલમાં ધરેલો છે.

**हरि**ની ભાવના વિશે જીવનને ગાળવું ચહીને,
**हरि**નાં પદકમળ વિશે જીવનને ઝંપલાવ્યું છે.

હરિઃૐ

# **હરિ** જેવો બીજો કોઈ સમર્થ ના ધણી મુજ છે

બહુ બોજો જ ઊંચકીને જીવનમાં ખેપ કીધી છે,
પરંતુ સાર ના જોતાં, ફગાવી બોજ દીધો છે.

થઈ હળવો બધી રીતે **હરિ**ની ભક્તિમાં હૃદયે
-જીવનમાં એકધારો શો પડ્યો લાગી નિરંતર જે !

જીવનના સ્વપ્નને પૂરું થવા સાકાર પ્રત્યક્ષો,
ઉભય કર હામ ભીડીને થયો શો દિલ હું તત્પર !

જીવનમાં રાખવાવાળો બધી મુજ લાજ **હરિ** શો છે !
**હરિ** જેવો બીજો કોઈ સમર્થ ના ધણી મુજ છે.

હરિઃૐ

## બધાંમાં મહત્ત્વનું સાધન हरिના નામનું મુજને

થયાં સાધન બહુવિધનાં જીવનમાં ધ્યેય ફળવાને,
બધાંમાં મહત્ત્વનું સાધન **हरि**ના નામનું મુજને.

સ્મરણ અભ્યાસ પાડીને, સ્મરણમાં રસ લગાડીને,
સ્મરણ જીવતું થતાં મેળે, પછીથી રંગ લાગ્યો છે.

પ્રચંડ, તીવ્ર ધસમસતું, ભયંકર પૂર ચઢે જ્યારે
-બધીયે કંઈક મર્યાદા ખરેખર તોડી નાખે તે.

અમર્યાદ પછી દેશતણી જે ભૂમિકા આવે,
પ્રવેશવાની તત્પરતા અમોઘ હર્ષ ઉન્માદે.

હરિઃૐ

## લીલામાં ભલભલા મોહ્યા ભગીરથ મહામુનિયે તે

જીવનની અનંત લીલા છે, અનંત શો **हरि** પણ છે !
અનંતાનંતની પાર **हरि** કેવો પ્રવર્તે છે !

લીલા જે અનંતની જ્યાં ત્યાં રસીલી શી જીવનમાં છે !
લીલામાં ભલભલા મોહ્યા ભગીરથ મહામુનિયે તે.

**हरि**ની દિવ્ય લીલામાં બધું જે તે રસાયું છે,
છતાં અનંતતા તેમાં બહુવિધની ભરેલી છે.

**हरि**ની ભક્તિ લાગ્યાથી બધી અનંતતાનો જે
-હૃદયમાં તાગ લાગ્યો છે, કૃપા એ તો **हरि**ની છે.

હરિ:ૐ

# ખરેખર પ્રેરણા જેવો ન કારીગર કળાનો છે

હૃદયની પ્રેરણાઓથી જીવન મુજ **આ** ઘડાયું છે,
હૃદયની પ્રેરણાઓને **हरि** સંદેશ ધાર્યો છે.

નિરંતરનો જીવન વિશે થતો અભ્યાસ જ્યારે તે,
ઊંડો ભાવ પ્રગટવાથી હૃદયમાં પ્રેરણા સ્ફુરશે.

હૃદયની પ્રેરણા વિશે કશો ના **જીવ-ભાવ** જ છે,
ન કામાદિતણી વૃત્તિતણું ત્યાં જોશ સહેજે છે.

**हरि**ની દિવ્ય ભૂમિકાતણી સીમા વટાવે તે,
ખરેખર પ્રેરણા જેવો ન કારીગર કળાનો છે.

હરિઃૐ

## ઉમળકા, કોડ, તત્પરતા ખરેખર કોઈને છે ક્યાં ?

મૂળે શો રંગવાકેરો જીવન ધંધો અમારો જે !
**हरि**ની ભક્તિ લાગ્યાથી હવેનો રંગ ન્યારો છે.

લગાડી રંગ દેવામાં પહેલાં ના મુસીબત છે,
પરંતુ લગાડવા રંગ હવે મુશ્કેલી જાગે છે.

અવર જે જે મળે તેને **हरि** રંગે જ રંગાવા
-ઉમળકા, કોડ, તત્પરતા ખરેખર કોઈને છે ક્યાં ?

છતાં તોયે સ્વજન જે જે નિમિત્તોથી મળેલાં છે,
હૃદયથી તે બધાં સાથે અમે ચહાવાનું રાખ્યું છે.

હરિ:ૐ

## हरि ભક્તિનું પ્રાબલ્ય અકલ્પ્ય, અજબ, અનુપમ છે

જીવનમાં ખેવના શી શી હૃદયમાં સંઘરેલી જે !
ઉપાધિમાં મને એણે જીવનમાં નાખી દીધો છે.

બધીયે મૂળ સાંસારિક ખરેખર ખેવનાઓને
-હૃદયથી ઝાટકી નાખી, ખસેડાવા મથાયું છે.

ઉમળકાભેર **हरि**કેરું સ્મરણ જ્યાં દિલ ગાજ્યું છે,
વિદાય ઝંખનાઓને થવું ત્યારે પડેલું છે.

**हरि** ભક્તિનું પ્રાબલ્ય અકલ્પ્ય, અજબ, અનુપમ છે,
**हरि** ભક્તિથી તરવાને બધો સંસાર સુલભ છે.

હરિઃૐ

## હરિના ભાવમાં ટકવા મહાસંગ્રામ ખેલ્યો છે

કદીક હું લંગડાયો છું, કદીક ઠોકર શી ખાધી છે !
કદીક શી અડચણો વચ્ચે હું અફળાયો જીવનમાં જે !

અનેકે રીતની એવી શી અથડામણ જીવન વિશે
-અનુભવીને કૃપાથી શો રહ્યો સાવધ પૂરો નિશ્ચે !

રહેવા પાંસરો પૂરો ઊંડું ઊંડું મથી મથીને
-**હરિ**ના ભાવમાં ટકવા મહાસંગ્રામ ખેલ્યો છે.

**હરિ**નો ભાવ જ્યાં બઢતો જીવનમાં દિલ ગયેલો છે,
પ્રકૃતિનું બધું જોશ તહીં મોળું પડેલું છે.

હરિઃૐ

## हरिપદ લોટવા કેવો હૃદય ઉત્સુક થયેલો જે !

હું આંધળો જીવનમાં તો બધી રીતે હતો તેને
-**हरि** ભજવાના સાધનથી કંઈક જોતો કરાવ્યો છે.

જહીં આંખે નીરખવાનું જરા સરખું થયેલું છે,
બધું ભોપાળું આગળના જીવનનું ત્યાં જણાયું છે.

ઊંડો, ઊંડો હૃદયમાં શો જુદી કોઈ જાતનો કેવો !
શું પશ્ચાત્તાપ જીવનમાં મને ત્યારે શું ઊછળેલો !

જીવનમાં તે સમયથી હું પરાઙ્મુખ દિલ થઈ જઈને,
**हरि**પદ લોટવા કેવો હૃદય ઉત્સુક થયેલો જે !

હરિઃૐ

## શું ખાલી બેસી રહેવાનું અમે કદીયે ન જાણ્યું છે !

‘**હરિ**ના ભાવમાં જીવીને જીવન ઉદ્ધાર કરવો છે’,
જીવનના સ્વપ્નને એવા કરી સાકાર, જીવવું છે.

કશું બુદ્ધિમહીં એવું ઊંડું સમજી જીવન વિશે,
શું ખાલી બેસી રહેવાનું અમે કદીયે ન જાણ્યું છે !

સતત અભ્યાસમાંથી કંઈ ઊગ્યાં સાધન કરી કરીને
-નવું એમાંથી જે ઊગ્યું કરી તે તે ચૂકેલોયે.

**હરિ**ની પરત્વેનો ઊંડો હૃદય જ્યાં ભાવ જીવતો છે !
થતાં તે સાધનો વિશે શી શ્રદ્ધા જીવતી થઈ છે !

હરિઃૐ

## ભણાવ્યા પાઠ મોંઘા જે, કદીક શા માર મારીને !

**हरि** કેવો ધણી મારે મને દત્તક લીધેલો છે !
પરંતુ મૂળમાં તો હું ખરો દીકરો જ એનો જે.

બધું સગપણ ધણીકેરું ભૂલી હું તો ગયેલો જે,
ખીલો છોડી ગમે જ્યાં ત્યાં બધે રખડેલ કેવો તે !

પરંતુ શો કરુણાળુ સમર્થ તે ધણી મારો !
કરુણા દાખવી મુજ પર કરેલો છે મને સીધો.

ભણાવ્યા પાઠ મોંઘા જે, કદીક શા માર મારીને !
હૃદયથી વહાલ કરી કરીને કદીક કેવો મઠાર્યો છે !

હરિઃૐ

## **હરિ**ની ભક્તિનું માત્ર પછી જીવન અમારું છે

જીવનમાં આડીતેડી તે શી વાતોમાં સમય કેવો
-નકામો તો વિતાવીને જીવન બરબાદ કીધું છે !

કરી ઉપકાર મુજ પર શો કૃપાએ તો જગાડ્યો છે !
જગાડ્યાથી જીવનનું તે બધું મુજને જણાયું છે.

પછીથી પટંતરો કેવો જીવનનો તે પૂરેપૂરો
-જણાયાથી ! **હરિ** ચરણે અભિમુખ દિલ થયેલું છે.

**હરિ**ની ભક્તિનું માત્ર પછી જીવન અમારું છે,
જીવન તેવા વિશે કેવા અમે મસ્તાન મસ્તીએ !

હરિ:ૐ

# ઘડીમાં એક ઘડી પળમાં સ્વરૂપ બીજું નજર આવે

**हरि**ને ચાહી ચાહીને **हरि**નો કેમેય કરીને
-લગોલગ દિલ થઈ થઈને, અમે કેડો ન મૂક્યો છે.

**हरि** પાછળ પડી પડીને વળી પાલવને પકડીને
-હૃદય વળગેલ, શું તેનો અમે છેડો ન મૂક્યો છે !

જુદાં જુદાં સ્વરૂપો શાં ! મને ભરમાવવા **हरि**એ
-પથે બતલાવીને, કેવો મને અંજાવી દીધો છે !

ઘડીકમાં એક ઘડી પળમાં સ્વરૂપ બીજું નજર આવે,
પછી ભ્રમણા વિશે કેવો મને ત્યાં નાખી દીધો છે !

હરિ:ૐ

## ઊલટપાલટ શું સંપૂર્ણ કરી દીધું જીવનને છે !

**हरि** ભજતાં, **हरि** ભજતાં, **हरि**માં પ્રેમ જાગ્યો છે,
હૃદય તે પ્રેમ જાગ્યાથી હું ખેંચાયો **हरि**પદ જે.

**हरि**પદનું જ આકર્ષણ નર્યું જાદુઈ અદ્‌ભુત છે,
હું આકર્ષાયેલો કેવો તણાતા પૂરમાં જેવો !

સતત ચાહ્યા જ કરવાનો હૃદય અભ્યાસ લાગ્યો જે,
હવે ચાહ્યા વિના એને ઘડીભર ચાલતું ના છે.

જીવનમાં ચાહતાં કેવા દિવસ કપરા વીતેલા છે,
શું એણે પેટમાં પાણી જરા ટકવા દીધું ના છે !

જુદા જુદા જીવન વિશે શું ઉત્પાત મચાવીને
-ઊલટપાલટ શું સંપૂર્ણ કરી દીધું જીવનને છે !

હરિઃૐ

## નૂતનમાંથીય નૂતન જે થતું, हरि તે સ્વીકારે છે

**हरि**ને યાદ કરવાનું રસીલું ને મનોહર છે,
**हरि**ની યાદમાં કેવું તળે ઉપર થતું સૌ છે !

**हरि**ની યાદ ઉથલાવે જીવનને આમતેમ જ તે,
કશું એવું અને એવું ન ટકવા દે જીવનનું **તે**.

લગીરે પણ જૂનું એને હૃદયમાં ભાવતું ના છે,
નૂતનમાંથીય નૂતન જે થતું, **हरि** તે સ્વીકારે છે.

કળા, સૌંદર્ય નૂતનનાં શું પ્રત્યેક નૂતનનાં જે !
રસીલાં શાં જુદાં જુદાં સ્વરૂપે મૌલિક નૂતનનાંયે !

હરિઃૐ

## ઊછળી ઊછળી હ્રદય નાચે, ભર્યું રસ રસથી ભરપૂર છે

હ્રદય પ્રસન્નતાયુક્ત, હ્રદય ઉત્સાહ ઉન્માદે
-**हरि** તુજ ભાવ આકર્ષણ થકી ખેંચાયેલું રહે છે.

**हरि**ના ભાવમાં જીવવાતણી લહેજત નશીલી જે,
શી મતવાલી ! ભરી ભરી મદ, છલોછલ રસાયેલી શી છે !

ઊછળી ઊછળી હ્રદય નાચે, ભર્યું રસ રસથી ભરપૂર છે,
ઉછાળા મારતાં ઉન્નત નયન દિલ મસ્તીમાં શાં છે !

ગજબ કોઈ રીતનો એને નશો ત્યારે ચઢેલો છે,
-નસેનસ, રોમરોમે શો નર્યો વ્યાપી ગયેલો છે !

હરિ:ૐ

## છતાં પાછો અમારો તો બધો આધાર हरि પર છે

તકેદારી બહુ બહુયે જીવનમાં તો ધરાવીને,
બધું સાવધપણું યોગ્ય જીવનમાં આચરાયું છે.

'છતાંયે શી રીતે કેમ જીવનમાં ખોટકાવાયું !',
બહુ બુદ્ધિ ચલાવાતાં ન સમજણમાં જ ઊગેલું.

હૃદય આધાર સંપૂર્ણ ધર્યો પુરુષાર્થની પર છે,
છતાં પાછો અમારો તો બધો આધાર **हरि** પર છે.

જીવનમાં કોઈ પણ રીતના અમે તો ભોમિયા ના જે,
જીવનપથ તેથી તો **हरि**ને લીધેલો ભોમિયો સાથે.

હરિઃૐ

# જીવનનો સર્વ આધાર અમારો તો **हरि** માથે

જીવનનો સર્વ આધાર અમારો તો **हरि** માથે,
**हरि**ને સર્વ સોંપીને બધે ચાલ્યા જઈએ તે.

કશો ના ભાર રાખ્યો છે, કશું ના પાસ રાખ્યું છે,
કશું ઊંચક્યું ન માથે છે, બધું જે તે ચરણમાં છે.

હવાલા સર્વના જે તે હિસાબે ખાસ મંડાયા,
**हरि**પદ ચોપડે તેની થયેલી માંડવાળ જ ત્યાં.

હવે ઉઘરાણી કે દેવું જીવનમાં ના રહેલું છે,
બધું સરભર થયેલું છે, છતાં ઉદ્યત કમાણીમાં.

કમાણી ઊર્ધ્વ ને ઊર્ધ્વ થયા એવી જતી શી છે !
જતાં રળતાં, જતાં રળતાં, **हरि**ને શા રળેલા તે !

હરિઃૐ

## हरिनां ચરણમાં માત્ર નથી બિંદુય સરખા જે

કશી ગુંજાશ ઝાઝી તો અમારામાં કંઈ ના છે,
અમારાથી થતું ના કંઈ, તણખલાથીય હેઠળ જે.

અણુથીયે અણુથી શા નમાલા સાવ પૂરા જે !
**हरि**નાં ચરણમાં માત્ર નથી બિંદુય સરખા જે.

ચરણના દાસનાયે તે અમે શા દાસની રજ જે !
હૃદયના ભક્તિ ભાવેથી ચઢાવીએ શિરે તેને.

અમોને તો હવે **हरि**નો જીવનમાં માત્ર લહાવો છે,
હૃદયથી ઘૂંટડા પીતાં ધરાવો ના છતાં દિલ છે.

હરિઃૐ

## સમર્થોમાં સમર્થ જ શો ધણી એવો અમારો છે !

બરાબરી કોઈની સાથે ભૂલેચૂકે ન કરવી છે,
બરાબરીનો પૂરો ખેલ **हरि** સાથે જ રમવો છે,

જીવનમાં એકલું માત્ર શું ખેલવું છે **हरि** સાથે !
**हरि**ની ભાવ ભક્તિથી મનાદિને જ રંગ્યાં છે.

ખરેખર એકલું માત્ર મનન ચિંતવન મનાદિમાં
-શું ભાવાવેશથી મુગ્ધ થયા કરતું **हरि**નામાં !

**हरि** શો એકલો એવો શો ગર્જંતો ધણી અમ છે !
સમર્થોમાં સમર્થ જ શો ધણી એવો અમારો છે !

હરિઃૐ

# પડેલી લત ઊંડી ઊંડી, हरि તેથી ભજાયો છે

**हरि** ભજવું, **हरि** ભજવું, **हरि** ભજવાની જીવનમાં
-પડેલી લત ઊંડી ઊંડી, **हरि** તેથી ભજાયો છે.

સ્મરણમાંથી ભજન સાધન, ભજનથી પ્રાર્થના સાધન,
નિવેદન ને સમર્પણનાં મળ્યાં તેમાંથી શાં સાધન !

નિદિધ્યાસન ઊંડું ઊંડું જીવનના ધ્યેય વિશેનું
-થતું રહેતાં નિરંતરનું, થયું સાકાર દિલ સમણું.

નિરંતરતાથી જીવનની નીપજતી સમગ્રતાને તે,
અનુભવવાનું ચોઘડિયું હવે આવી પૂગેલું છે.

હરિઃૐ

## શું શૃંગારિત કરી જીવન હરિપદમાં ધર્યું છે તે !

જીવનના ઠાઠ પણ જુદા **હરિ**ને રાજી કરવાને,
સજીને નવજીવન પ્રેરી જીવનને અર્પતો રહું જે,
અનુપમ વેશ નૌતમ શા બદલી, બદલી જીવનના તે,
શું શૃંગારિત કરી જીવન **હરિ**પદમાં ધર્યું છે તે !

જીવનમાં સોળ શણગાર સજી સજીને જીવનને તે,
શું દીપ્તિવાન કરી દઈને જીવનને ભેટ દીધું છે !

‘જીવનનું સર્વ જે તે કંઈ વહાલા **શ્રીહરિ**ને તે
-રીઝવવાને થયેલું તે’, પ્રણાલિકા જીવનની તે.

હરિઃૐ

# નૂતન નૂતન જીવનથી થઈ ધરાવું ભોગ हरिને તે

**हरि**નાં ચરણનો સેવક થવા મેં ઉમેદવારીને
-રજિસ્ટરથી શી નોંધાવી ! હૃદયની સંમતિથી તે.

ચરણની શુશ્રૂષા નિત્યે, હૃદયના ભાવ ઉત્સાહે
-થતી રહેતાં, હૃદય હર્ષ શું અપરંપાર વ્યાપ્યો છે !

નૂતન નૂતન હૃદય કોડ **हरि**ને દિલ રીઝવવાને
-ઊગ્યા કેવા કરેલા તે ! શું થનગનતા હૃદય વિશે !

**हरि**ને એકનું એક જ કદી ચાલી શકે ના તે,
નૂતન શી ભાવ ઉષ્માની હું અર્પું પુષ્પ અંજલિ તે !

વહાલા મુજ **हरि**ને તો અજીઠું ના ખપે છે તે,
નૂતન નૂતન જીવનથી થઈ ધરાવું ભોગ **हरि**ને તે.

હરિઃૐ

## વિના ચાનક કશાનામાં કશા ના પ્રાણ ફૂટે છે

**हरि** સ્મરવાની ચાનક જે લગાડી દિલ દીધેલી છે,
લગાડીને, લગાડી શી ભભુકાવી દીધેલી છે !

વિના ચાનક કશાનામાં કશા ના **પ્રાણ** ફૂટે છે,
ફૂટંતાં **પ્રાણ** નસ નસમાં શું હર્ષોન્માદ જાગે છે !

પછીથી જે થતા રહેતા જીવન પુરુષાર્થમાં નિત્યે,
નવા અવતારનો કેવો ઉમળકો મસ્ત વ્યાપે છે !

સહજ લગનીતણો કેવો ચમત્કારિક પ્રતાપ જ છે !
જીવનને તરબતર પૂર્ણ રસે કેવું કરાવે તે !

હરિઃૐ

# વિના ચાહ્યા પૂરેપૂરું કશાનું હાર્દ મળતું ના

અમે ગાજી વગાડીને જીવનમાં નીકળેલા જે,
અનુભવવા **हरि**ને દિલ, હૃદય નિશ્ચય થયેલો તે.

વિના ચાહ્યા પૂરેપૂરું કશાનું હાર્દ મળતું ના,
પરંતુ શી રીતે **हरि**ને હૃદય ચાહવો ? ગતાગમ ના.

મળે છોને **हरि** ના તે, પરંતુ ભાગ **हरि**નો જે
-નિરંતરના જ અભ્યાસે ફળી શકવાનો નિશ્ચે તે.

નિરંતરના જ અભ્યાસે પ્રગટતી ફલશ્રુતિ કંઈ જે,
**हरि** પરિણામની ઝાંખી ફળાવી દે જીવન વિશે.

હરિઃૐ

# **હરિ**ની યાદથી જીવન અલંકૃત શું થતું રહે છે !

હૃદયથી ચાહી ચાહીને **હરિ**ને યાદ કરવાનો
-જીવન લહાવો અમારો તે, અમે શા મસ્ત તેમાં તે !

**હરિ**ની યાદમાં કેવી હૃદય આનંદની ઉષ્મા !
લહર પર શી લહર ઊછળે ! ન ત્યાં કોઈ હર્ષની સીમા.

સતત બસ યાદ કરવાનું જીવન સૌભાગ્ય મળિયું છે,
**હરિ**ની યાદથી જીવન અલંકૃત શું થતું રહે છે !

ઊછળતી દિલ ભક્તિથી **હરિ**ની યાદ પ્રગટે છે,
શું સ્થળ, સંજોગ ને કાળતણું અસ્તિત્વ ત્યાં ના છે.

**હરિ**ની યાદમાં કેવું સકળ બ્રહ્માંડ તલસે છે !
**હરિ** તુજ યાદ તલસાટે જીવન વિરાટ કેવું તે !

હૃદયના તીવ્ર તલસાટ થકી જે યાદ નીકળે છે,
અને તે યાદમાં કેવાં શું સંસ્મરણો જીવંતાં છે !

હરિ:ૐ

# કદીયે હાર કે જીતની ન પરવા દિલ ધરેલી છે

જીવન જીવતાં, જીવન જીવતાં 'જીવન તાદૃશ કરવાને,
**हरि**ના ભાવમાં સજીવન', જીવનનો એ જ ઉદ્યમ છે.

નિરંતર ભાવની ભરતી રહેતાં તો સુલભ તે છે,
પરંતુ ઓટ તો પાછી શી પાછળ દોડી આવે છે !

જીવનના સાધના પંથે શી ભરતી ઓટનો ક્રમ જે,
શું તેમાં એકધારું દિલ ટકાવાને મથાયું છે !

પરંતુ સો ટકા તેમાં પૂરું કદી ના ફળાયું છે,
છતાં ઉદ્યત રહ્યા કરીને પ્રયત્નો સર્વ કીધા છે.

કદીયે હાર કે જીતની ન પરવા દિલ ધરેલી છે,
**हरि**પદમાં શી ઠરવાની છતાં દિલ નેમ રાખી છે.

હરિઃૐ

## हरि તારી કરુણાનું થયું દર્શન ફરી ફરી શું !

શું આડેધડ જીવનમાં તો બધાં કર્મો થયેલાં છે !
શું પસ્તાવો હવે કરવો નકામાં અશ્રુ સારીને ?

પરંતુ શી કૃપા **हरि**ની ! નયન રાતાં કરી મુજને,
જીવનમાં ધોલ ઝાપટથી, શું ઠપકાર્યો ખરેખર છે !

છતાંયે હું પૂરેપૂરો ન ઠેકાણે હજી આવ્યો,
બહુ વેળા મને **हरि**એ શું પાછો પંથ મરડાવ્યો !

હું પથ પરથી ખસી જઈને છતાં પાછો શું રવડ્યો છું !
**हरि** તારી કરુણાનું થયું દર્શન ફરી ફરી શું !

હરિઃૐ

## નૂતન જીવનની રોનકની શી લાલચ દિલ લાગી છે !

**हरि**નું ભાન જીવનમાં જરા સરખું મને નહોતું,
**हरि**નો સ્વપ્નમાંયે તે કશો વિચાર પણ નહોતો.

શું ઊડઝૂડિયું જીવન મારું વિત્યા કેવું જતું'તું તે !
**हरि** તુજ ઑલિયાએ ત્યાં પથે અટકાવી પાડ્યો છે.

નૂતન જીવનની રોનકની શી લાલચ દિલ લાગી છે !
અનુભવવા નૂતન જીવનતણો શો લોભ લાગ્યો છે !

જીવનના તત્ત્વ આનંદે હું મોહાઈ ગયેલો જે,
ઝઝૂમીને શું તે અર્થે હવે મેં ઝંપલાવ્યું છે !

હરિ:ૐ

## મનન ચિંતવન હૃદયમાં તે हरिનું માત્ર ધાર્યું છે

**हरि**ની એકલાની તે અમે દરકાર રાખી છે,
મનન ચિંતવન હૃદયમાં તે **हरि**નું માત્ર ધાર્યું છે.

**हरि** વિનાનું ચિંતવવું બધું ફોગટ ગણેલું છે,
**हरि**નાથી કમાવાનું, અમે દિલમાં ચહેલું છે.

**हरि** શું એકલો મોટો સમર્થ શો ધણી અમ તે !
અણિશુદ્ધ હૃદય **एने** શું રાખેલો જીવંતો છે !

**हरि**ના એકલાનામાં મનાદિને પરોવીને
-**हरि**ની ભક્તિમાં કેવાં અમે રંગી દીધેલાં છે !

પછી જીવનની મસ્તીમાં અમે કેવા ચગેલા તે !
અમે ને એકલો **हरि** તે ખરેખર માત્ર જાણે છે.

હરિઃૐ

# हरिની રીત ઘડવાની અગોચર ને અગમ્ય જ છે

**हरि** તું બેલી બગડ્યાનો, મને મઠારવાને શો !
શું ઠોકાઠોક કરી કરીને, મને છોલ્યા કરેલો છે !

નીકળી છાલાં ગયેલાં છે, કદીક તસતસ થવાયું છે,
કદીક બેવડ વળાયું છે, ન સહેવાતાં સ્મરેલો છે.

થતી તે પ્રક્રિયા વિશે પરંતુ ધ્યાન રાખ્યું કે
-જીવન ઘડતરનું **આ** કાર્ય કરી કેવો રહેલો **તે** !

**हरि**ની રીત ઘડવાની અગોચર ને અગમ્ય જ છે,
હૃદય તે ભાન જાગ્યાથી, હૃદય સહકાર દીધો છે.

હરિઃૐ

## હૃદયમાં વહાલ છૂટ્યું છે ! શું અદકેરું જ ધસમસતું !

જીવન નાદાનિયત વિશે સબડતો હું હતો જ્યારે,
નયન રાતાં કરી **હરિ**એ મને શી લાત મારી છે !

**હરિ**ના ક્રોધનો ભોગ થઈ કેવો ગયેલો જે !
ન સહેવાતાં બૂમાબૂમ કરી મૂકેલ મેં ત્યારે.

જતાં આગળ પથે મુજને **હરિ**ની તે કૃપાકેરું
-હૃદય દર્શન થવાથી તો, હૃદય અજવાળું પ્રગટ્યું છે.

થઈ આભારવશ ત્યારે, **હરિ**ની પર મને કેવું
-હૃદયમાં વહાલ છૂટ્યું છે ! શું અદકેરું જ ધસમસતું !

હરિઃૐ

# તપશ્ચર્યા જીવન વિશે શી શી કરવી પડેલી છે

**हरि**ની ભક્તિનો રંગ ન અમથો તે ચઢેલો છે,
તપશ્ચર્યા જીવન વિશે શી શી કરવી પડેલી છે !

જીવનમાં ગાઈ વગાડીને ન નોબત વગાડવાની છે,
અમે જે જે કરેલું તે **हरि** તે માત્ર જાણે છે.

જણવવાની અમારે તો અવરને ના પડેલી છે,
તપશ્ચર્યાની રંગતને શું સંસારી પ્રીછી શકશે ?

જીવનની સાધનાકેરો બધો ઈતિહાસ છૂપો જે,
કૃપાથી આજ ગાવા શા અમે ઉદ્યત થયેલા તે !

હરિઃૐ

# હરિની પ્રાર્થના ગદ્ગદ હૃદય ભાવે કરેલી છે

જીવનમાં તો બહુ વેળા મને વાગી ગયેલું છે,
કદીક તો કળ વળેલી ના, થવાયું ના ઊભું કેમે.

શું ધરતીકંપ જીવનમાં જહીં પ્રગટી ચૂકેલો છે !
અને જ્વાળામુખી જ્યારે ભભૂકી શો ઊઠેલો છે !

બધીયે સાવચેતી ત્યાં કશું ના કામ આપે છે,
વળી ત્યાં સાવધાની પણ કશી ખપમાં ન ઊગે છે.

**હરિ**ને દિલમાં ત્યારે સ્મર્યા ભાવે કરેલો છે,
**હરિ**ની પ્રાર્થના ગદ્ગદ હૃદય ભાવે કરેલી છે.

હરિઃૐ

## નકારાત્મક બધાં તત્ત્વોતણો સૌ સાથ છોડીને

શી ટોળાશાહી જીવનમાં નરી પ્રસરી ગયેલી જે !
શું એણે ભાંગ્યું, તોડ્યું ને નર્યાં તોફાન કીધાં છે !

વ્યવસ્થા યોગ્ય જીવનની શી તોડી ફોડી નાખી છે !
બધું નુકસાન જોવાતાં પછી મુજ આંખ ઊઘડી છે.

કૃપાથી ચેતવાનું ત્યાં, અચાનક દિલ થયેલું છે,
**हरि**નાં પદકમળકેરો પછી આશ્રય લીધેલો છે.

નકારાત્મક બધાં તત્ત્વોતણો સૌ સાથ છોડીને,
**हरि**માં દિલ જોડાવા સ્મરણ **हरि**નું કરેલું છે.

હરિઃૐ

## જીવનમાં કેટલા કેવા हरि તુજ ઉપકારો છે !

જીવનમાં કેટલા કેવા **हरि** તુજ ઉપકારો છે !
ન ગણતાં પાર આવે છે, ચરણ ત્યાં શિર ઝૂકે છે.

સતત તુજ ઉપકારોથી હૃદય આભારવશ થઈને
-હૃદય આકર્ષણે તારા પૂરું મશગૂલ થવાયું છે.

સતત બસ ચાલવા વિશે પથે ટેકો મળેલો છે,
જરીક પથ થાકતાં, કેવો મને **तें** થાબડેલો છે !

અગમ્ય ને અગોચર જે નૂતન પથ દેશ આવ્યા જે,
હૃદયથી પ્રેરણા ત્યારે હૃદય લાગ્યા કરેલી છે.

સતત બસ ઊઠી ઊઠીને કમર **तें** તો કસાવી છે,
કસાવીને પુરુષાર્થ થતો સઘળો કરાવ્યો છે.

હરિઃૐ

## हरि શો સત અસત વિશે રહેલો એકધારો છે !

બધું જે તે પરિણામ થયેલાં કર્મનું તે છે,
**हरि**ને લાવવો વચ્ચે ન યોગ્ય કોઈ પ્રકારે તે.

**हरि** શો સત અસત વિશે રહેલો એકધારો છે !
**हरि**ની સભાનતા વિશે ન કંઈ તે તે પ્રકારે છે.

'બધે જેમાં અને તેમાં **हरि** પોતે ખીલેલો છે,
મહત્ત્વે મોખરે જેમાં **हरि** ભાવ' જીવન તે છે.

કશી લેવા ન દેવા છે, **हरि**ને કંઈ કશા વિશે,
બધું જે તે થતું રહેતું, પરિણામ કશાનું તે.

બધાંમાંયે **हरि** શો છે ! જહીં તે સ્પર્શ પામે છે
-ત્યહીં તે રૂપ લેતો છે, પછી ગુણધર્મ રૂપના તે.

હરિ:ૐ

# ચમત્કૃતિ વિશે જે જે કળા, સૌંદર્ય અદ્‌ભુત છે

ચમત્કૃતિ જીવનમાંની બહુવિધની નિહાળીને,
થયેલો દિગ્મૂઢ જ હું થઈ શો મુગ્ધ આશ્ચર્યે !

જીવનની તે ચમત્કૃતિતણી પાછળ જીવનમાંનો
-છુપાઈને રહેલો, જે **हरि** વહાલો રસીલો શો !

ચમત્કૃતિ વિશે જે જે કળા, સૌંદર્ય અદ્‌ભુત છે,
નીરખવાને અમે તેમાં **हरि** દર્શન, ચહેલું છે.

બધે જેમાં અને તેમાં **हरि** દર્શનની અભિલાષા
-શી ભડભડતી હૃદય વિશે ! અમે તેથી જીવ્યા છીએ.

હરિ:ૐ

## હવે નિશ્ચિંત સંપૂર્ણ પદે આળોટવાનું છે

જગતમાં કોઈ ઠેકાણું ઠલવવા ઊર્મિને ના છે,
**हरि**नां ચરણમાં તેથી ઠલવવાનું જ રાખ્યું છે.

ઉમળકાથી હૃદય સ્મરીને હૃદયથી ચાહી ચાહીને,
હૃદયથી વારી વારીને **हरि**પદ ઠામ રાખ્યું છે.

**हरि**નાં પદકમળને મેં ‘હૃદય’ નિજનું સ્વીકારીને,
તહીં ઠરવાનું ધારીને, ધરાવ્યાં ત્યાં મનાદિને.

**हरि**નાં પદકમળ વિશે બધું આટોપી લીધું છે,
હવે નિશ્ચિંત સંપૂર્ણ પદે આળોટવાનું છે.*

* ફાજલપુર શ્રી રમણભાઈ અમીનના બંગલે રચાયેલું

હરિઃૐ

# કશી મારી ન શક્તિ છે, બધું જે તે હરિનું છે

કરી કરીને કમાણી સૌ **હરિ**પદમાં મૂકેલી છે,
ભલે અઢળક કમાયો હોઉં, છતાં ના પાસ રાખ્યું છે.

કમાવાની બધી શક્તિ **હરિ**ની તે સ્વતંત્ર જ છે,
કશી મારી ન શક્તિ છે, બધું જે તે **હરિ**નું છે.

પછીથી આગવું મારું કહી કોને શકું હું જે,
કદીક બોલું ભૂલેચૂકે બધું મિથ્યા ખરેખર તે.

જીવનમાં એટલે મેં તો **હરિ**ને રાહબર મારો
-જીવનનો એકલો સાચો ગણીને, દિલ સ્તવેલો શો !

હરિ:ૐ

# हरि પોતે રસેશ્વર શો ! બધો આ ખેલ તેનો છે

જીવનમાં માતબર કોઈ **हरि** સમ ના મળેલો છે,
**हरि**ને તેથી વળગીને ભરી બથ હું રહેલો જે.

**हरि**ની સાથ કેવું આ જીવન રસરસ થયેલું છે !
વિના રસ તો હવે ક્યાંયે બીજું દર્શન થતું ના છે.

જીવનમાં રસ વિના કોઈ બીજું અસ્તિત્વ ના કંઈ છે,
બધું દેખાતું જે જે છે, શું તેના હાર્દમાં રસ છે !

**हरि** પોતે રસેશ્વર શો ! બધો આ ખેલ તેનો છે,
શું નિજના રસ વડે જેને અને તેને રસાવે છે !

હરિઃૐ

## સતત આકર્ષણે તેના જીવન આ ધસમસેલું છે

**हरि** રહી વેગળે કેવો છૂપો આડે પડશ રહીને !
વિના-તારી જ સંદેશા મને દિલ મોકલાવે છે.

જીવનમાં સાંભળ્યા વિના ન યત્કિંચિત્ હૃદય તેનું
-શું આકર્ષાતું ચાલ્યું છે હૃદય શાથી ! ન સમજાતું.

સતત આકર્ષણે તેના જીવન **આ** ધસમસેલું છે,
વિના અટક્યા જરા સરખું, ભયંકર વેગ એનો છે.

**हरि**ને ભેટવાકેરું તલસતું એકધારું જે,
શું ધસમસતું હૃદય લક્ષ્ય **हरि** ગમ દોટ મૂકે છે !

હરિઃૐ

## **हरि**નું દિલ આકર્ષણ અજબનું ને ગજબનું છે

અનેકે હારમાળાઓ જીવનની જુદી જુદી જે
-**हरि**ચરણે સમર્પીને, જીવન લહાવો લીધેલો છે.

ચરણની ભક્તિથી કેવા નશો ચડસ ચડેલા જે,
હૃદય ઉન્માદ પ્રેરાવી **हरि**માં જોતરાવે છે.

વહાલો દિલમાં કેવો જીવનમાં તો **हरि** અમને !
નજર પડતાં **हरि** સામે ન ઝાલ્યું દિલ રહે છે જે.

**हरि**નું દિલ આકર્ષણ અજબનું ને ગજબનું છે,
બધાં વર્ણનથી તે કેવું શું સંપૂર્ણ અતીત જે છે !

હરિ:ૐ

## શું લટકાળાં નયન કેરા ઈશારાથી જ ખેંચે તે !

**હરિ**નાં ચરણનું જાદુ ચમત્કારિક અદ્ભુત છે,
નમ્યાં ને જે ઢળ્યાં તેવાં શું આસક્ત થયેલાં છે !

સતત બસ એકલા **હરિ**ને નયન સામે ટીકી ટીકીને
-નીરખતાં, કેટલું વહાલું હૃદય લાગ્યા કરે છે તે !

શું પાસેમાં જ પાસે તે, છતાં પાછો શું આઘે છે !
નજીક આવી, છતાં પાછો જતો શું દૂર આગળ તે !

કદીક પકડાય પોતે શો ! કદીક છટકી જતો શો તે !
શું લટકાળાં નયનકેરા ઈશારાથી જ ખેંચે **તે** !

હરિઃૐ

## કદમબોસી કરી લેવા હૃદયની મસ્ત તત્પરતા

**हरि**ને દૂર દૂર આઘે નીરખતાં દિલ કેવું તે !
જવા નજદીક તેની તે સતત દોડ્યા જવાયું છે.

નયન ને દિલની સામે **हरि**ને દૂર નીરખીને,
શી લાગણી જે નદી પૂરના સમી ત્યાં મસ્ત ઊછળે છે !

ધસારાબંધ દિલમાંનો બધો ઉત્સાહ નીકળીને
-પદે આળોટવા, કેવો શું થનગનાટ એનો છે !

કદમબોસી★ કરી લેવા હૃદયની મસ્ત તત્પરતા,
હૃદય તલસાટ અગ્નિ શો હૃદયમાં તે ભભૂક્યો છે !

હરિઃૐ

# શું નંદનવન બનાવીને, નવો અવતાર ધારે છે !

**હરિ**નાં ચરણની ભક્તિ હૃદયમાં લાગી તે કેવો
-જીવન આહ્‌લાદ ઊછળતો શું જ્વાળામુખીના જેવો !

જૂના જીવનને બાળીને, બધું ભસ્મ કરી દઈને,
શું નંદનવન બનાવીને, નવો અવતાર ધારે છે !

જૂના જીવનથી નવજીવન કળા, સૌંદર્ય તેનાં જે
-**હરિ**ની દિવ્ય સૃષ્ટિનાં ઊગી નીકળે જીવન વિશે.

લીલું, લીલું, હરિયાળું, નયન આરામ પ્રેરે છે,
હૃદયને પ્રસન્નતા પૂર્ણ શી મઘમઘતી જ બક્ષે તે !

ભર્યું ભર્યું દિલ કરી દઈને, શી પરમાનંદની અવધિ !
ખરેખર પાર પહોંચાડે જીવનનાં સર્વ પાસાંની

**॥ હરિઃ ૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણા મહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશા માંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુ-પદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦:** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫:** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬:** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.